# ‘નીતિનાશને માર્ગે’

લેખક:

મોહનદાસ કરમચંદ ગાંધી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

# પ્રકાશકનું નિવેદન

ગાંધીજીએ લખેલી 'નીતિનાશને માર્ગે' વાળી લેખમાળા પુસ્તક રૂપે પ્રગટ કરવાની માગણી તે જ વખતે ઘણી જગ્યાએથી થઈ હતી. પણ એ જ બ્રહ્મચર્ય અને સંયમના વિષયને લગતાં ગાંધીજીનાં બીજાં લખાણો તેમજ ભાષણો તેમજ તેમના 'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન'માંનું 'ગુહ્ય પ્રકરણ' આ સંગ્રહમાં દાખલ કરવામાં આવ્યાં છે. બધાં લખાણો બની તેટલી કાળજીપૂર્વક ફરી તપાસી જવામાં આવ્યાં છે.

# અનુક્રમણિકા

# ‘નીતિનાશને માર્ગે’

## ૧

### વિષય

પ્રજોત્પત્તિ અટકાવવાનાં કૃત્રિમ સાધનો દ્વારા સંતતિ-નિયમન કરવાના પ્રશ્નની તરફેણમાં ચર્ચા કરનારાં હિંદી વર્તમાન-પત્રોમાંના ઉતારા મને મિત્રો તરફથી મળ્યાં કરે છે. યુવકોના પોતાના ખાનગી જીવન વિષેના પત્રો પણ મારા ઉપર વધુ ને વધુ આવ્યે જાય છે. આ લેખકો જે પ્રશ્નો કરે છે તેમાંના તો કેવળ ગણ્યાગાંઠ્યા જ હું આ પાનાંઓમાં ચર્ચી શકું. અમેરિકન મિત્રો એ જ વિષેનું સાહિત્ય મારા ઉપર મોકલ્યે જાય છે, અને કેટલાક તો પ્રજોત્પત્તિ અટકાવવાનાં કૃત્રિમ સાધનોના ઉપયોગનો મેં વિરોધ કર્યો છે તે કારણે મારા ઉપર ચીડાયા પણ છે. તેમને ખેદ થાય છે કે અનેક બાબતોમાં હું એક આગળ પડતો સુધારક હોવા છતાં સંતતિનિયમનને લગતા મારા વિચારો ત્રેતાયુગને શોભે એવા છે. વળી હું જોઉં છું કે

આવાં સાધનોના ઉપયોગની હિમાયત કરનારાઓમાં દેશવિદેશનાં ઘણાં પીઢ સ્ત્રીપુરુષો પણ છે.

એટલે મને લાગ્યું કે ગર્ભાધાનનિરોધનાં કૃત્રિમ સાધનોની તરફેણમાં કંઇક ખાસ ભારે દલીલો હોય, તો આ વિષય ઉપર મેં અત્યાર સુધી જે કંઇ લખ્યું છે તે ઉપરાંત વધારે લખવું જોઇએ. આનો હું વિચાર કરતો હતો અને એ પ્રશ્નને લગતું સાહિત્ય વાંચવા ધારતો હતો તેવામાં 'ટોવર્ડ્ઝ મૉરલ બૅન્કપ્ટસી' નામનું પુસ્તક મારા હાથમાં આવ્યું. એ પુસ્તક આ જ વિષય સંબંધી છે, અને મારા અભિપ્રાય પ્રમાણે આમાં એ વિષયની સંપૂર્ણ શાસ્ત્રીય રીતે ચર્ચા થયેલી છે. મૂળ પુસ્તક મૉંસ્યોર પૉલ બ્યૂરોએ ફ્રેન્ચમાં લખેલું છે અને તેનું નામ 'નીતિભ્રષ્ટતા' એવું છે. અંગ્રેજી ભાષાંતર કૉન્સ્ટેબલ કંપનીએ કરાવેલું છે, અને તેનો ઉપોદ઼્ઘાત દા૦ મેરી સ્કાર્લિબ સી. બી. ઇ.; એમ. ડી.; એમ. એસ. એ લખેલો છે. પુસ્તકમાં ૧૫ પ્રકરણો અને ૫૩૮ પાનાં છે. પુસ્તક વાંચ્યા પછી મને લાગ્યું કે એ લેખકના વિચારનો સારાંશ હું રજુ કરૂં તે પહેલાં ન્યાયને ખાતર મારે આ વિષયના પક્ષના પ્રમાણગ્રંથો વાંચી જવા જોઇએ. એટલે મેં હિંદસેવકસમાજ પાસેથી તેની પાસે આને લગતું જે સાહિત્ય હતું તે મેળવ્યું. કાકા કાલેલકર જેઓ આ વિષયનો અભ્યાસ કરી રહ્યા છે તેમણે પણ આ વિષયને લગતું હૅવલૉક એલિસનું એક પુસ્તક મને આપ્યું; અને એક મિત્રે 'પ્રૅક્ટિશનર' માસિકનો 'સંતતિનિયમનનો ખાસ અંક' મને મોકલી આપ્યો, જેમાં જાણીતા દાક્તરોના આ વિષય સંબંધે વૈદકીય અભિપ્રાયો આપવામાં આવ્યા છે.

આ બધું સાહિત્ય એકઠું કરવામાં મારો હેતુ એ હતો કે મારા જેવો વૈદક જ્ઞાન વિનાનો માણસ મૉ૦ બ્યૂરોનાં અનુમાનો જેટલે અંશે તપાસી શકે તેટલે અંશે મારે તે તપાસવાં. ઘણી વાર કોઈ પ્રશ્નની શાસ્ત્રીઓ ચર્ચા કરી રહ્યા હોય ત્યારે પણ તેને બે પક્ષ હોય છે, અને બન્ને પક્ષની તરફેણમાં ઘણું કહી શકાય એમ હોય છે. એટલે ગર્ભાધાન-નિરોધક સાધનોના હિમાયતીઓની દૃષ્ટિ જાણી લઈને જ મારે ઉપલા પુસ્તકનો વાચકને પરિચય કરાવવો એમ મને લાગતું હતું. હવે આ બધું વાંચીને હું નિશ્ચિત મત બાંધી શક્યો છું કે હિંદુસ્તાનને માટે તો આવાં સાધનોની કશી જ જરૂર પૂરવાર થઈ શકતી નથી. હિંદુસ્તાનમાં તેનો ઉપયોગ કરાવવાની હિમાયત કરનારાઓ કાં તો હિંદુસ્તાનની સ્થિતિ જાણતા નથી, અથવા તો જાણવા છતાં તે વિષે આંખ મીંચે છે. પણ જો પ્રજોત્પત્તિ અટકાવવાનાં કૃત્રિમ સાધનો પશ્ચિમમાં પણ હાનિકર્તા નીવડ્યાં છે એમ સિદ્ધ કરી શકાય તો પછી હિંદુસ્તાનની ખાસ સ્થિતિ તપાસવાની જરૂર જ રહેતી નથી.

એટલે મૉ૦ બ્યૂરો શું કહે છે તે આપણે જોઈએ. એમનો અભ્યાસ કેવળ ફ્રાન્સની પરિસ્થિતિનો જ છે. પણ ફ્રાન્સ એટલે ઘણું થયું. ફ્રાન્સ તો જગતનો સૌથી આગળ વધેલો દેશ ગણાય, અને ઉપરનાં સાધનો જો ફ્રાન્સમાં નિષ્ફળ નીવડ્યાં હોય તો બીજે ક્યાંયે તે સફળ થવાનો સંભવ નથી.

નિષ્ફળ નીવડવાના અર્થ વિષે પણ મતભેદ હોવાનો સંભવ છે. હું જે અર્થમાં એ શબ્દ અહીં વાપરૂં છું તે જણાવી દઉં. તે એ કે જો એ સાધનોને પરિણામે નીતિનાં બંધનો શિથિલ થયાં છે, વ્યભિચાર વધ્યો છે, અને કેવળ

આરોગ્યની ખાતર અને આર્થિક દૃષ્ટિએ કુટુંબની મર્યાદા સંકુચિત રાખવા ખાતર જ સ્ત્રીપુરુષોએ એનો ઉપયોગ કરવાને બદલે મુખ્યત્વે વિષયતૃપ્તિને ખાતર એનો ઉપયોગ કર્યો છે એમ બતાવી શકાય, તો એ સાધનો નિષ્ફળ નીવડ્યાં છે એમ સાબિત થયું સમજવું. આ મધ્યસ્થ પક્ષ છે. નીતિની દૃષ્ટિએ આનો અંતિમ પક્ષ આ સાધનોનો દરેક કાળે અને દરેક સંજોગમાં નિષેધ કરે છે. કારણ તેની દલીલ એવી છે કે સ્ત્રી અથવા પુરુષે પ્રજોત્પત્તિના પ્રયોજન સિવાય વિષયેન્દ્રિયને સંતોષવાની જરૂર નથી, જેમ શરીરને નભાવવા સિવાય બીજા કોઈ પણ કારણે ખાવાની જરૂર નથી. એક ત્રીજો પક્ષ પણ છે. તે એમ માનનારો છે કે જગતમાં નીતિ જેવી વસ્તુ જ નથી; અથવા જો હોય તોપણ તે વિષયના સંયમમાં નહિ પણ વિષયતૃપ્તિમાં જ સમાયેલી છે, માત્ર એટલું જ કે એ તૃપ્તિ એટલી હદ સુધી ન જાય કે તેથી કરીને તે અશક્ય થઈ પડે. આવા માટે મૉ૦ બ્યૂરોએ પોતાનું પુસ્તક નથી લખ્યું એમ માનું છું, કારણ મૉ૦ બ્યૂરો પોતાના પુસ્તકને અંતે ટામ મૅનનું આ વચન ટાંકે છેઃ 'ભાવી, સંયમી સત્પ્રતિષ્ઠિત પ્રજાઓને જ હાથ છે.'

## ૨

## અવિવાહિતોમાં ભ્રષ્ટાચાર

પોતાના પુસ્તકના પહેલા ભાગમાં મૉ૦ બ્યૂરોએ જે હકીકતો ભેગી કરી છે એ વાંચતાં ત્રાસ છૂટે છે. એ ઉપરથી જણાય છે કે ફ્રાન્સમાં મનુષ્યની નીચમાં નીચ વૃત્તિઓને સંતોષવા માટે કેવાં મોટાં મોટાં કમઠાણો ઉભાં કરવામાં આવ્યાં છે. પ્રજોત્પત્તિ અટકાવવાનાં સાધનોની હિમાયત કરનારાઓનો એક દાવો એ છે કે એવાં સાધનો વપરાતાં થાય તો કૃત્રિમ ગર્ભપાત થતા અટકશે. એ દાવો પણ ટકી શકતો નથી. મૉ૦ બ્યૂરો કહે છે: 'ફ્રાન્સમાં આવાં સાધનોનો વાપર છેલ્લાં ૨૫ વરસમાં વધી પડ્યો તે દરમિયાન હરામ ગર્ભપાતની સંખ્યા બિલકુલ ઓછી થઇ નથી.' મૉ૦ બ્યૂરો ધારે છે કે આવા ગર્ભપાત વધ્યા છે, અને તેની સંખ્યાનો આંકડો તે વર્ષેદહાડે પોણાત્રણથી સવાત્રણ લાખ જણાવે છે. એટલું જ નહિ પણ અગાઉ આવા ગર્ભપાતોથી લોકોને જે આઘાત પહોંચતો તે હવે પહોંચતો નથી.

મૉ૦ બ્યૂરો કહે છે કે ગર્ભપાતના પાપમાંથી બાળહત્યા, કુલવ્યભિચાર અને સૃષ્ટિક્રમને ફાંધાં વાળનારાં પાપો ઉત્પન્ન થાય છે. અવિવાહિત માતાઓને આપવામાં આવતી બધી સગવડો છતાં અને ગર્ભાધાન અટકાવવાનાં કૃત્રિમ સાધનો અને ગર્ભપાત વધી ગયાં છે છતાં બાળહત્યા ઓછી નથી થઇ, પણ વધી ગઇ છે. કહેવાતા 'આબરૂદાર' લોકોમાં આ પાપ પહેલાંના જેટલી ઘૃણા નથી ઉપજાવતું, અને જ્યુરીઓ આવા ગુન્હાઓના આરોપી વિષે 'બિનગુન્હેગાર'નો જ ફેંસલો આપે છે.

મૉ૦ બ્યૂરોએ બીભત્સ સાહિત્ય કેટલું વધી પડયું છે તે બતાવવા માટે ખાસું એક પ્રકરણ લખ્યું છે. 'બીભત્સ સાહિત્ય'-ની વ્યાખ્યા એમણે આ પ્રમાણે કરી છે: 'સાહિત્ય, નાટક અને ચિત્રો — જે મનુષ્યોના માનસિક આનંદ અને આરામને માટે સામગ્રી પૂરી પાડે છે તે સામગ્રી — નો વિષયોત્તેજક અથવા બીભત્સ હેતુથી દુરુપયોગ.' અને આ સાહિત્યનો ઉપાડ કેટલો બધો છે તે મૉ૦ બ્યૂરો આ પ્રમાણે વર્ણવે છે: 'દરેક વસ્તુની જ્યાંત્યાં માંગ છે. એ સાહિત્યના આગેવાનો જે બુદ્ધિથી અને અદ્ભુત વ્યાપારકુશળતાથી એનો પ્રચાર કરી રહ્યા છે, એમાં જે ભારે મૂડી રોકવામાં આવી છે, તેથી એનો કેટલો પ્રચાર થઇ રહ્યો છે તે સમજાશે.' 'આની અસર એટલી જબરદસ્ત અને અપૂર્વ થાય છે કે મનુષ્યનું આખું માનસ જ વિકૃત થઇ જાય છે, અને તેની કલ્પનામાં એક નવી વિષયસૃષ્ટિ ઉભી થાય છે.' આ પછી મૉ૦ બ્યૂરો મૉ૦ રૂઇસેનમાંથી નીચેનો કરુણાજનક ઉતારો ટાંકે છે:

"આ બીભત્સ સાહિત્ય અસંખ્ય માણસો ઉપર પ્રબળ સત્તા ચલાવે છે, અને એ સાહિત્યનો ધીકતો ફેલાવો બતાવે

છે કે અસંખ્ય માણસો પોતાના મનમાં વિષયસૃષ્ટિ રચીને પાગલખાનાં બહાર છતાં પાગલો જેવા ભટકતા ફરે છે. આજના જમાનામાં વર્તમાનપત્રો અને પુસ્તકોના દુરુપયોગથી મનુષ્યોનાં મન એવાં તો સડી ગયાં છે કે દરેક જણ વર્તમાનનું કર્તવ્ય ભૂલી પોતપોતાની સ્વપ્નસૃષ્ટિઓમાં ગરક થઇને ફર્યાં કરે છે.”

અને આ ભયંકર પરિણામ શામાંથી ઉપજે છે? કેવળ એક જ મૂળ ભ્રમનું એ પરિણામ છે—એ ભ્રમ એ કે ભોગની ખાતર જ વિષય કર્યાં વિના મનુષ્યને ન ચાલે, બલ્કે એના વિના પુરુષ અથવા સ્ત્રીનો સંપૂર્ણ વિકાસ અસંભવ છે; અને આવું ભૂત એક વાર માણસના મનમાં ગરી ગયું, અને એક વાર જેને પોતે પાપ સમજતો તેને પુણ્ય સમજતો થયો કે તુરત જ વિષયવિકારને ઉત્તેજવાને માટે અને પોતાની વિષયશક્તિ વધારવાને માટે તે સૂઝે તેટલી તરકીબ કર્યે જાય છે.

મૉ૦ બ્યૂરો આગળ જતાં દાખલા દલીલ ટાંકીને બતાવે છે કે આજે વર્તમાનપત્રો, માસિકો, ચોપાનિયાં, નવલકથા, ચિત્રો અને નાટકસિનેમા નીચ વૃત્તિઓને અધિક અધિક પોષી રહ્યાં છે.

## ૩

## વિવાહિતોમાં ભ્રષ્ટાચાર

પણ અત્યાર સુધી તો અવિવાહિત સ્ત્રીપુરુષોના ભ્રષ્ટાચારની વાત થઇ. મૉં૦ બ્યૂરો હવે વિવાહિત લોકોમાં કેટલો ભ્રષ્ટાચાર પેઠો છે તે બતાવે છે. તે કહે છે: 'અમીર વર્ગ, મધ્યમ વર્ગ અને ખેડૂતોમાં મિથ્યાભિમાન અને લોભથી જ ઘણુંખરાં લગ્નો થાય છે.' 'વળી કોઇ ફાયદાવાળી નોકરી મેળવવા, બે મિલ્કતો ભેળી દેવા, અગાઉનો આડો સંબંધ સીધો કરવા માટે, અથવા વિવાહ પહેલાં રહેલા ગર્ભના બાળકને કાયદેસર ગણાવવા માટે, અથવા તો ઘડપણમાં અથવા રોગી દશામાં કોઇ ચાકરી કરનાર મળે એ માટે, અથવા કોક વાર લશ્કરમાં ભરતી થતી વેળા અમુક ટુકડીમાં જોડાવાનું મળે તે માટે વિવાહમાં જોડાય છે; કોક વાર વ્યભિચારી જીવનથી થાકી-પાકીને કંઇક અંકુશવાળું વિષયી જીવન ગાળવાના હેતુથી પણ જોડાય છે.'

મૉં૦ બ્યૂરો દાખલા દલીલ ટાંકીને સિદ્ધ કરે છે કે આ બધાં લગ્નો વ્યભિચાર ઓછો કરવાને બદલે વધારે છે. અને

આ અવિગતિ વિષયકર્મ બંધ કરવાને બદલે વિષયકર્મ કરવાં છતાં તેનું પરિણામ અટકાવવાને માટે શોધવામાં આવેલાં કહેવાતાં વૈજ્ઞાનિક અથવા કૃત્રિમ સાધનોને લીધે બહુ વધી પડી છે. ગયાં વીસ વર્ષોમાં વ્યભિચારમાં થયેલી અતિશય વૃદ્ધિ અને તલાક તેમજ છૂટાછેડાની બમણી થયેલી સંખ્યા વિષેનો દુઃખદ ભાગ હું છોડી દઉં છું. અને પુરુષ અને સ્ત્રીને સમાન અધિકાર હોવાના સિદ્ધાંત મુજબ સ્ત્રીઓમાં પણ નિરંકુશ વિષયોપભોગ દાખલ થયો છે તેનો માત્ર ઉલ્લેખ જ કરીને હું સંતોષ માનીશ. ગર્ભાધાન અટકાવવાનાં અને ગર્ભપાત કરવાનાં કૃત્રિમ સાધનો એટલાં તો સંપૂર્ણ થઇ ચૂક્યાં છે કે સ્ત્રી-પુરુષ બંને નીતિના બંધનથી સાવ મુક્ત થઇને ફરે છે. આ દશામાં લગ્નની પણ હાંસી થાય તેમાં નવાઇ શી ? એક લોકપ્રિય લેખકના પુસ્તકમાંથી મૉ० બ્યૂરોએ લીધેલો આ ઉતારો જુઓ: 'મારા વિચાર પ્રમાણે લગ્ન એ એક આતશય જંગલી પ્રથા છે. માનવજાત ન્યાય અને બુદ્ધિયુક્ત જીવન તરફ કંઇક પ્રગતિ કરે તો લગ્ન તરત જ નાબૂદ થાય એ વિષે મને કશી શંકા નથી. . . . પણ પુરુષો એટલા જડ થઇ ગયા છે અને સ્ત્રીઓ એટલી બીકણ છે કે તેમને હાલ જે કાયદાને તેઓ વશ છે તેના કરતાં વધારે ઉન્નત કાયદાની માગણી કરવાનું સૂઝતું નથી.'

આ સાધનો અને પ્રયોગોનાં અને જે સિદ્ધાંતો અનુસાર એ સાધનો અને પ્રયોગોનો બચાવ કરવામાં આવે છે તેનાં પરિણામોનું ગ્રંથકર્તાએ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે. તે કહે છે: 'આ ભ્રષ્ટાચારની પ્રવૃત્તિથી આપણે કોઇ નવા ભાવી તરફ ધસડાઇ રહ્યા છીએ. અને એ ભાવી તે કયું ? એ ભાવીમાં

પ્રકાશ અને પ્રગતિ, સૌંદર્ય અને અધ્યાત્મશક્તિની વૃદ્ધિ છે કે અવગતિ અને અંધકાર, ભીષણતા અને નિત્ય અતૃપ્ત પાશવતા છે! અમાકના કોઈ કડવા કાયદા હોય તેની સામે બળવો કરવામાં આવે તો તેનાં પથ્ય પરિણામો માટે ભાવી પ્રજા હમેશાં બળવો કરનાર વડવાઓનો આભાર માને છે. આ ભ્રષ્ટાચાર એવા પ્રકારનો બળવો છે કે એથી તો માણસમાં ઊંડે ઊંડે ભરાઈ રહેલા પાશવ વિકારોની પુનઃ જાગૃતિ થાય છે, અને તે પશુતાની સામે ઘડવામાં આવેલા આવશ્યક અંકુશોને તોડવા માગે છે. આ બળવો એ સમાજની સુરક્ષિતતા અને જીવનનો નાશ કરનારો દુષ્ટ બળવો તો ન હોય?' અને મૉ० બ્યૂરો જબરદસ્ત પ્રમાણ આપીને બતાવે છે કે આ બળવો આ બીજા અનિષ્ટ પ્રકારનો છે, અને તે જીવનનું સત્યાનાશ વાળવા બેઠો છે.

વિવાહિત સ્રીપુરુષો આત્મસંયમથી બની શકે તેટલે અંશે સંતતિને મર્યાદિત રાખવાનો પ્રયત્ન કરે એ એક વાત છે, અને તેઓ વિષયભોગ કરતાં છતાં વિષયભોગનાં પરિણામ અટકાવનારાં સાધનો દ્વારા સંતતિનિયમન કરે એ બીજી વાત છે. પહેલી બાબતમાં તો બન્ને પક્ષને દરેક રીતે લાભ જ છે, જ્યારે બીજીમાં હાનિ સિવાય કશું પરિણામ આવતું નથી. મૉ० બ્યૂરોએ આંકડા તેમજ નકશા આપી સિદ્ધ કર્યું છે કે વિષયભોગ ભોગવતાં છતાં વિષયભોગનાં સ્વાભાવિક પરિણામો અટકાવનારાં સાધનોના વાપરથી કેવળ પારિસમાં જ નહિ પણ આખા ફ્રાન્સમાં મૃત્યુના કરતાં જન્મનું પ્રમાણ અતિશય ઘટી ગયું છે. ફ્રાન્સના ૮૭ પ્રાંતોમાંથી ૬૮ પ્રાંતોમાં જન્મનું પ્રમાણ મૃત્યુના પ્રમાણ કરતાં ઓછું છે. લૉટ નામના પ્રાંતમાં સો

જન્મે ૧૬૨ મરણો નોંધાયાં હતાં. બીજા ટાર્ન-એટ-ગારો નામના પ્રાંતમાં સો જન્મે ૧૫૬ મૃત્યુ નોંધાયાં હતાં. ૧૫ પ્રાંતો એવા છે કે જ્યાં મૃત્યુના પ્રમાણ કરતાં જન્મનું પ્રમાણ વધારે છે. છતાં બન્ને વચ્ચે તફાવત તો ઘણાખરા પ્રાંતોમાં નજીવો જ છે. માત્ર દસ પ્રાંતોમાં કંઇક કહેવાજોગ તફાવત કહી શકાય. મૉ૦ બ્યૂરો બતાવે છે કે વસ્તીનો દિનપ્રતિદિન થતો આ નાશ — જેને એ આપઘાત કહે છે — હજુ ચાલુ જ છે. મૉ૦ બ્યૂરો આ પછી દરેક પ્રાંતની સ્થિતિ વિગતવાર તપાસે છે, અને સને ૧૮૧૪માં નૉર્મન્ડી વિષે લખેલો મૉ૦ જીડનો નીચેનો ફકરો ટાંકે છે:

"નૉર્મન્ડી પ્રાંતમાં છેલ્લાં પચાસ વરસોમાં ત્રણ લાખની વસ્તી ઓછી થઇ છે. દર વીસ વર્ષે એક જિલ્લા જેટલી વસ્તી ઓછી થાય છે, અને આ પ્રાંતમાં પાંચ જિલ્લા છે એટલે સો વરસમાં એ પ્રાંતનાં લીલાંછમ બીડોમાં એક પણ ફ્રેંચમૅન જોવા નહિ મળે. હું 'ફ્રેંચમૅન' લખું છું કારણ તેમની જગાએ બીજા તો કોઇ આવેલા હશે જ. ન આવે તો જુલમ જ કહેવાય ને? લોખંડની ખાણોમાં આજે જર્મન મજૂરો કામ કરે છે. અને આ કિનારા ઉપર પહેલી વાર ચીના મજૂરોની પહેલી ટુકડી ગઇ કાલે જ ઉતરી."

મૉ૦ બ્યૂરો આ ફકરા ઉપર ટીકા કરતાં કહે છે: "હજી બીજા કેટલાયે પ્રાંતોની આ દશા છે."

વસ્તીમાં થતા જતા આ ઘટાડાને લીધે પ્રજાની લડાયક શક્તિ પણ ઘટી જાય એ વિષે કશી શંકા છે? મૉ૦ બ્યૂરો તો માને છે કે ફ્રાન્સમાંથી પરદેશ જતા લોકોની સંખ્યા પણ ઓછી થઇ છે તેનું પણ એ જ કારણ છે. ફ્રાંસની રાષ્ટ્રીય

વૃદ્ધિ, વ્યાપારવૃદ્ધિ અને ભાષા તથા સંસ્કૃતિની વૃદ્ધિ પણ આ જ કારણે અટકી છે એમ તે દાખલા દલીલથી બતાવે છે, અને પૂછે છે:

'શું ત્યારે પ્રાચીન સંયમની ભાવનાનો ત્યાગ કરનારી ફ્રેંચ પ્રજાએ વધારે સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને સંસ્કૃતિ સાધ્યાં છે કે?' અને ઉત્તર તે આ પ્રમાણે આપે છે:

"આરોગ્યની વૃદ્ધિ વિષે તો બે બોલ જ પૂરતા થશે. બધી વાતોનો આપણે ઠંડે ચિત્તે જવાબ આપીએ, પણ વિષયભોગ ઉપરનો અંકુશ ગયો કે માણસનું શરીર વધવા માંડશે અને આરોગ્ય સુધરવા માંડશે એમ જે કહેવામાં આવે છે તેને તો જવાબ આપવા જેટલું વજન આપવું મુશ્કેલ છે. દરેક બાજુથી જુવાન સ્ત્રીપુરુષોનું બળ ઘટી ગયાની બૂમો સાંભળવામાં આવે છે. લડાઇ શરૂ થઇ તે પહેલાં લશ્કરી અમલદારોને વખતોવખત લડાઇમાં દાખલ થનારાઓની શારીરિક લાયકાતનું ધોરણ ઉતારતા જવું પડ્યું હતું, અને આખી પ્રજાની સહનશક્તિ અતિશય ઓછી થઇ ગઇ છે એમ સૌ સ્વીકારે છે. કેવળ નીતિ શિથિલ થવાને લીધે જ આ પરિણામો આવ્યાં છે એમ કહેવું અલબત્ત વાજબી નથી, પણ નશાબાજી, રહેવાનાં અસ્વચ્છ ઘરો વગેરે કારણો સાથે અનીતિનું કારણ પણ સમાન હિસ્સો લે છે. અને જો આપણે બારીકીથી જોશું તો જણાશે કે આ બીજી બલાઓ એ ભ્રષ્ટાચારની માજણી બહેનો જ છે. ગુહ્ય અંગનાં દરદો અતિશય વધવાને લીધે સાર્વજનિક આરોગ્યને અતિશય હાનિ થઇ છે."

હાલના કેટલાક સમાજશાસ્ત્રીઓ એવો દાવો કરે છે કે જે સમાજ જન્મના પ્રમાણનું નિયમન કરે છે તે સમાજની

સમૃદ્ધિ તે પ્રમાણમાં વધે છે. મૉ૦ બ્યૂરો આ વસ્તુ સ્વીકારવાની સાફ ના પાડે છે. અને પોતાના પક્ષની પુષ્ટિમાં જર્મનીનું વધતું જતું જન્મપ્રમાણ અને તેની સાથે સાથે વધતી જતી સમૃદ્ધિ તેમજ ફ્રાન્સનું ઘટતું જતું જન્મપ્રમાણ અને તેની સાથે સાથે ઘટતી જતી સમૃદ્ધિ એ બેની તુલના કરી બતાવે છે. વળી તે એમ પણ કહે છે કે જર્મન વ્યાપારમાં થયેલી અસાધારણ વૃદ્ધિ બીજા દેશોના કરતાં જર્મન મજૂરોના વધારે ભોગે થઇ છે એમ પણ નથી. મૉ૦ રૅાસિર્ન્યૉલનું પ્રમાણ ટાંકીને તે કહે છેઃ 'જર્મનીમાં જ્યારે માત્ર ૪ કરોડ ૧૦ લાખની વસ્તી હતી ત્યારે ભૂખમરો હતો, પણ તે વસ્તી વધીને ૬ કરોડ ૮૦ લાખ થઇ ત્યારથી પ્રજા વધારે ને વધારે આબાદ થતી ગઇ છે.' આ પ્રમાણ ટાંકીને મૉ૦ બ્યૂરો ઉમેરે છે: 'આ લોકો કોઇ પણ રીતે જોગી વેરાગી થઇ બેઠા નથી, છતાં દર વર્ષે તેઓ સેવિંગ્સ બૅંકમાં પુષ્કળ રકમો જમા કર્યે જાય છે. સને ૧૮૯૫ માં આ રકમ ૮ અબજ ફ્રૅંક હતી, ૧૯૧૧ માં તે વધીને ૨૨ અબજ થઇ.'

ધંધાજ્ઞાનમાં જર્મનીએ કરેલી પ્રગતિનું વર્ણન કરી મૉ૦ બ્યૂરો જર્મનોની સામાન્ય સંસ્કૃતિ વિષે નીચે પ્રમાણે લખે છે તે જાણવા જેવું છે:

"સમાજશાસ્ત્રના ઊંડાણમાં ઉતર્યા વિના એટલું તો શંકા વિના કહી શકાય કે આટલી પ્રગતિ સુધરેલા મજૂરો, વધારે કેળવાયેલા ફોરમેન અને સંપૂર્ણ તાલીમવાળા ઇજનેરો ન મળ્યા હોત તો ન જ થઇ શકત. . . . ઉદ્યોગશાળાઓ ત્રણ પ્રકારની છે: વ્યવસાય શિક્ષણની ૫૦૦ શાળાઓ જેમાં ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ છે; આના કરતાં પણ વધારે વધુઢ

વગેરે ધંધાની શાળાઓ છે, જેમાંની ઘણીમાં ૧,૦૦૦થી ઉપરાંત વિદ્યાર્થીઓ છે; અને આ ઉપરાંત ઉચ્ચ પ્રતિનું શિક્ષણ આપનારાં વિદ્યાલયો છે જેમાં ૧૫,૦૦૦ વિદ્યાર્થીઓ છે, અને તેઓ વિદ્યાપીઠોની જેમ દાક્તર — પંડિત — ની સ્પૃહણીય ઉપાધિ આપે છે. . . . ૩૬૫ વ્યાપારી શાળાઓમાં ૩૧,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ જાય છે, અને બીજી અસંખ્ય શાળાઓમાં ખેતીશિક્ષણના વર્ગો રાખ્યા છે તેમાં ૯૦,૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ શીખે છે. આમ ધન ઉત્પન્ન કરનારા અનેક ધંધાઓ શીખનારા ચાર લાખ વિદ્યાર્થીઓની સરખામણીમાં આપણે ત્યાંની ધંધાશાળાઓના ૩૫,૦૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા શી વિસાતમાં છે? અને આપણા ખેડૂત વર્ગની વસ્તીમાંથી ૧૦ લાખ જણા ભણવા જઇ શકે એવા છે, છતાં આપણે ત્યાં ખેતીની ખાસ શાળાઓમાં જનારા ૩,૨૨૫ વિદ્યાર્થીઓ જ કેમ હશે?"

જર્મનીમાં થયેલી આ અસાધારણ પ્રગતિ કેવળ જન્મનું પ્રમાણ મોટું હોવાને લીધે જ નથી થઇ, એમ તો મૉ૦ બ્યૂરો કબૂલ કરે છે જ. પણ તે યોગ્ય જ કહે છે કે બીજી બધી વસ્તુઓ અનુકૂળ હોય તો જન્મનું વધુ પ્રમાણ એ રાષ્ટ્રીય પ્રગતિની એક આવશ્યક શરત થઇ પડે છે. હા, તે એટલું સિદ્ધ કરવા માગે છે ખરા કે વધતું જતું જન્મનું પ્રમાણ સમૃદ્ધિ અને નૈતિક પ્રગતિની વૃદ્ધિને પ્રતિકૂળ નથી. હિંદુસ્તાનમાં આપણી સ્થિતિ જન્મપ્રમાણની બાબતમાં ફ્રાંસના જેવી નથી, છતાં એટલું તો કહેવું જોઇએ કે જર્મનીની જેમ આપણે ત્યાં જન્મનું પ્રમાણ વધારે છે તે કંઇ રાષ્ટ્રીય પ્રગતિના હકમાં નથી. પણ મૉ૦ બ્યૂરોએ આપેલાં દાખલા દલીલો અને અનુમાનોની

દૃષ્ટિએ હિંદી સ્થિતિનો આપણે આગળ એક પ્રકરણમાં વિચાર કરવો છે તેથી તેની ચર્ચા અહીં નહિ કરીએ. હજી આગળ જઇને જર્મની અને ફ્રાન્સની સ્થિતિ મોં૦ બ્યૂરો સરખાવે છે: "યૂરોપના દેશોમાં રાષ્ટ્રીય સમૃદ્ધિમાં ફ્રાન્સનો નંબર ચોથો છે અને તેયે ત્રીજાથી બહુ ઉતરતો છે, એ આપણને ખબર નથી શું? ફ્રાન્સને પોતાની મૂડીમાંથી ૨૫ અબજ ફ્રેંકની આવક છે જ્યારે જર્મનીને ૫૦ અબજની છે; ફ્રાન્સની જમીનનો કસ ૧૮૭૯થી ૧૯૧૪ સુધીમાં ૪૦ અબજ ફ્રેંક જેટલો ઉતર્યો છે એટલે ૯૨ અબજને બદલે ૫૨ અબજ ફ્રેંક જેટલી તેની કિંમત છે. પ્રાંતના પ્રાંતો ખેતી કરનાર માણસો વિના વેરાન પડ્યા છે, અને કેટલાયે જિલ્લા એવા છે કે જ્યાં બુઢ્ઢા માણસો સિવાય કોઇ જોવા જ મળતું નથી. . . . ભ્રષ્ટાચાર અને પ્રયત્નપૂર્વક કેળવવામાં આવતું વંધ્યત્વ પ્રજાની સામાન્ય શક્તિને ઘટાડે નહિ તો બીજું થાય જ શું? પરિણામે સમાજમાં જ્યાં જુઓ ત્યાં ઘરડિયાં જ નજરે પડે છે. ફ્રાન્સમાં એક હજારની વસ્તીમાં ૧૭૦ બાળકો અને યુવાનો છે, જ્યારે જર્મનીમાં ૨૨૦ અને ઇંગ્લંડમાં ૨૧૦ છે. . . . એટલે વૃદ્ધોનું પ્રમાણ હોવું જોઇએ તે કરતાં ઘણું વધારે છે, અને અનીતિ તેમજ ઇચ્છાપૂર્વક ઉત્પન્ન કરેલા વંધ્યત્વને લીધે અકાળે ડાચાં બેસી ગયેલાં અને પળિયાં આવેલાં એવાં યુવાનો અધ:પતિત પ્રજાની દુર્દશામાં ભાગ લે છે."

૪

## સંયમ અને બ્રહ્મચર્ય

ભ્રષ્ટાચારના અનેક પ્રકારોથી વ્યક્તિ, કુટુંબ અને સમાજને પારાવાર હાનિ થાય છે એમ જણાવી ગ્રંથકર્તા માનસશાસ્ત્રની દૃષ્ટિએ એક અગત્યની વાત રજુ કરે છે. મનુષ્ય ભલેને માને કે મારૂં અમુક કૃત્ય સ્વતંત્ર છે, એથી સમાજને કશી હાનિ નથી, પણ કુદરતનો નિયમ જ એવો છે કે અતિશય ગુપ્તમાં ગુપ્ત અને અંગતમાં અંગત કૃત્યનો પડઘો દૂરદૂર સુધી પહોંચે છે. પોતાના કૃત્યને પાપ માનનાર છતાં સમાજને તેની સાથે કશી લેવાદેવા નથી એવો આગ્રહ રાખનાર માણસ પાપમાં એવો તો રીઢો થતો જાય છે કે પોતાના કૃત્યને તે પાપ માનતો અટકે છે, અને પછી તેના પાપનો પ્રચાર કરે છે. પાપ ગુપ્ત રહેતું નથી, પણ વમળના મોજાંની જેમ પાપનો પથરો આખા સમાજને વિષે પોતાનાં મોજાં ફેલાવે છે. એટલે કહેવાતું ગુપ્ત પાપકૃત્ય પણ સમાજને પારાવાર હાનિ પહોંચાડનારૂં થઇ પડે છે.

ત્યારે આનો ઉપાય? કાયદો કરીને ન જ થઈ શકે એમ ગ્રંથકર્તા સ્પષ્ટ રીતે બતાવે છે. **આત્મસંયમ જ એક ઉપાય છે** એમ કહીને તે કુંવારાને માટે સંપૂર્ણ બ્રહ્મચર્યને વિષે લોકમત કેળવવાની પરમ આવશ્યકતા, અને પોતાની વિષયેચ્છા જેઓ દાબી ન શકતા હોય તેમને માટે વિવાહમાં જોડાવાની આવશ્યકતા, તથા વિવાહ કરી અતિશય સંયમથી વિવાહિત જીવન ગાળવાની આવશ્યકતા ઉપર વિસ્તીર્ણ વિવેચન કરે છે.

પણ કેટલાક કહે છે: 'બ્રહ્મચર્ય એ સ્ત્રીપુરુષના આરોગ્યને હાનિ પહોંચાડનારૂં છે, અને વ્યક્તિસ્વાતંત્ર્યના ઉપર હુમલો છે.' ગ્રંથકર્તા આ દલીલના ચૂરેચૂરા કરે છે. વિષયેચ્છા એ આહાર અને નિદ્રા જેવી વસ્તુ નથી કે જેના વિના માણસને ન ચાલી શકે. માણસ આહાર ન કરે તો માંદો પડે, ઊંઘે નહિ તોયે માંદો પડે. શૌચ રોકી રાખે તો અનેક રોગોને નોતરે: પણ વિષયેચ્છાને તે સુખે રોકી શકે છે, એ ઇચ્છા રોકવાની શક્તિ જ ઈશ્વરે તેને બક્ષેલી છે. વિષયેચ્છા સ્વાભાવિક થઇ પડી કહેવાય છે તેનું કારણ તો આજકાલની અનેક ઉત્તેજક વસ્તુઓ છે, જેથી એ ઇચ્છા યુવાનો અને યુવતીઓમાં ઉંમરે પહોંચ્યા પહેલાં કૃત્રિમ રીતે જાગૃત થાય છે. પણ ગ્રંથકર્તાએ પોતાનો વિચાર પ્રગટ કરીને ન બેસી રહેતાં અનેક મોટા મોટા દાક્તરોનાં જબરદસ્ત પ્રમાણો ટાંકીને સિદ્ધ કર્યું છે કે આત્મનિગ્રહથી સ્વાસ્થ્યને હાનિ નથી થતી, એટલું જ નહિ પણ તે સ્વાસ્થ્યનું એક જ અમોઘ સાધન છે.

લંડનની રૉયલ કૅાલેજના એક અધ્યાપક સર લાયોનલ બીલનો એવો અભિપ્રાય છે કે શ્રેષ્ઠ પુરુષોના જીવનમાંથી

એ જ વસ્તુ શીખવાની મળે છે કે વિષયેચ્છા જેવી દુર્દમ ઇચ્છા સંકલ્પબળે કરીને વશ કરી શકાય છે. જ્યારે સંકલ્પબળે કરીને તે રોકવામાં આવે છે ત્યારે તેનાં પરિણામો શુભ જ આવે છે; પણ બ્રહ્મચર્ય એટલે મનનું બ્રહ્મચર્ય, વિચારનું બ્રહ્મચર્ય એ મોટી વાત છે.

રિબિંગ કહે છેઃ '૨૫, ૩૦ અને તેના કરતાં પણ વધારે વયના ઘણાયે યુવકોને હું જાણું છું જેમણે વિવાહ થતાં સુધી બ્રહ્મચર્ય પાળ્યું છે. એવા માણસો ઘણા છે, પણ તે પોતાને વિષે દાંડી પીટતા નથી. અનેક વિદ્યાર્થીઓએ તો મારી આગળ ફરિયાદ કરી છે કે વિષયેચ્છાને વશ કરવી સુસાધ્ય છે એ વિષે જેટલો ભાર મૂકવો જોઇએ તેટલો મેં નથી મૂક્યો.'

'લગ્ન પહેલાં બ્રહ્મચર્ય શક્ય છે અને આવશ્યક છે,' એમ દા૦ એક્ટન કહે છે. અને ઇંગ્લંડનો રાજવૈદ્ય પેગેટ કહે છેઃ 'બ્રહ્મચર્યથી જેમ આત્માને હાનિ નથી થતી તેમ શરીરને પણ નથી થતી. સંયમના જેવો સદાચારનો એકે નિયમ નથી.'

બીજો એક દાક્તર કહે છેઃ 'બ્રહ્મચર્યમાં ક્યાંયે હાનિ રહેલી છે એ વિચાર જ કેટલો ભ્રમભરેલો છે! એ ભ્રમને તોડવાને માટે જેટલો પ્રયત્ન થાય તેટલો ઓછો, કારણ કેટલાંક માબાપો પણ એવું માનતાં લાગે છે. બ્રહ્મચર્ય તો યુવાનોનાં શરીર, ચિત્ત અને આત્માનું કવચ છે.'

સર ઍંડ્રુ ક્લાર્ક કહે છેઃ 'સંયમથી શક્તિ વધે છે, જ્ઞાનચક્ષુ તેજ થાય છે. સ્વેચ્છાચાર મનને નબળું પાડે છે, પ્રમાદને પોષે છે, અધઃપાતનો રસ્તો મોકળો કરે છે, અને પેઢી દર પેઢી સુધી રોગનો વારસો ફેલાવે છે.'

'પ્રેમનું શારીરશાસ્ત્ર' નામના એક પુસ્તકમાં એક દાક્તર લખે છે: 'બ્રહ્મચર્યથી કોઇ રોગ થયાનો એક પણ દાખલો મને કોઇ બતાવે તો ખરો!'

બર્નના માનસરોગશાસ્ત્રના અધ્યાપક દા૦ ડુબોય આગ્રહ-પૂર્વક લખે છે : 'માનસિક રોગવાળા ઘણાખરા વિષયી જીવન ગાળનારાઓ જ છે એમ જણાયું છે.'

પ્રો. ફૉર્નિયર કહે છે : 'બ્રહ્મચર્યથી આરોગ્યને હાનિ થાય છે એમ કહેનારાએ શરમાવું જોઇએ. દાક્તર તરીકે હું પણ કહું છું કે એ વાતમાં રજમાત્ર વજુદ નથી. વળી ૨૧ વર્ષની ઉંમર પહેલાં વિષયશક્તિ આવતી જ નથી, વિષયેચ્છા પણ ન જ જાગૃત થવી જોઇએ — જો કૃત્રિમ ઉત્તેજન ન થતું હોય તો અકાળ વિષયેચ્છા એ અધૂરી અને ઊંધી તાલીમનું પરિણામ છે.'

આટલાં પ્રમાણો ઉપરાંત ગ્રંથકર્તા સને ૧૯૦૨માં મળેલી જગતના મોટા મોટા દાક્તરો અને ભડ રોગચિકિત્સકોની કૉંગ્રેસનો એક ઠરાવ ટાંકે છે: 'યુવાનોને શીખવવું જોઇએ કે બ્રહ્મચર્ય અને સંયમ હાનિકર્તા નથી, એટલું જ નહિ પણ વૈદક અને આરોગ્યની દૃષ્ટિએ પરમ આવશ્યક છે.'

ગ્રંથકર્તા આખા વિષયનો આ પ્રમાણે ઉપસંહાર કરે છે: "આમ આખો કેસ પૂરેપૂરો સાંભળીને સમાજશાસ્ત્રીઓ અને નીતિશાસ્ત્રીઓએ પોકારી પોકારીને પોતાનો ચુકાદો જાહેર કર્યો છે કે 'વિષયેચ્છા એ આહાર નિદ્રા જેવી વસ્તુ નથી કે જેની અમુક પ્રમાણમાં તૃપ્તિ થવી જ જોઇએ. કેટલાક અસાધારણ દાખલાઓ બાદ કરતાં, ભારે કઠિનતા કે દુ:ખ વિના સ્ત્રી-પુરુષને બ્રહ્મચર્ય પાળવું સુલભ છે. સામાન્ય બાંધાના માણસને

બ્રહ્મચર્ય અને આત્મનિગ્રહથી કશો જ રોગ થવાની ધાસ્તી નથી, અને ઘણુાખરા ભયંકર રોગોની ઉત્પત્તિ સ્વચ્છંદમાંથી જ છે. વધારે પડતી પુષ્ટિનો માર્ગ કુદરતે સ્વાભાવિક સ્ખલન અને રજોદર્શન દ્વારા પણુ કરી જ રાખેલો છે.'

"'સંસારમાં બ્રહ્મચારીઓ જોશું તો તેઓ બીજા કોઇના કરતાં ચારિત્રમાં ઓછા બળવાન, સંકલ્પબળમાં ઓછા સમર્થ અને શરીરબળમાં જરાયે ઉતરતા નથી. લગ્ન પછી વિવાહિત જીવનની જવાબદારી પણુ તેઓ બીજા કરતાં ઓછી નથી અદા કરી શકતા. આમ જે વૃત્તિ સહજ રોકી શકાય છે તેની તૃપ્તિ નથી આવશ્યક કે નથી સ્વાભાવિક.' ઉંમરે આવેલા યુવાનને તો પોતાના બળનો જેટલો સંગ્રહ થાય તેટલો સારો. તેનામાં એ ઉંમરે રોગને રોકવાની ઓછી શક્તિ હોય છે, મરણુનું પ્રમાણુ પણુ એ ઉંમરે વધારે હોય છે. એ વિકાસકાળમાં કુદરતને પણુ યુવાનનાં શરીર અને મન ઘડતાં મહેનત પડે છે. એ કઠણુ સમયમાં બધી જ અતિશયતા ખોટી, પણુ ખાસ કરીને વિષયેચ્છાની અકાળે ઉત્તેજના તો હાનિકારક જ છે."

## ૫

## વ્યક્તિસ્વાતંત્ર્યની દલીલ

બ્રહ્મચર્યથી શરીરને લાભ થાય છે તે ગણાવી, ગ્રંથકર્તા તેનાથી નીતિ અને બુદ્ધિને થતા લાભ હવે ગણાવે છે. એક મોટા વિદ્વાનના શબ્દોમાં તે કહે છેઃ 'બ્રહ્મચર્યનો તાત્કાલિક લાભ યુવાનો વધારે જોઇ શકશે. સ્મૃતિ સ્થિર અને સંગ્રાહક બને છે, બુદ્ધિ તેજસ્વી અને ફલવતી બને છે. સંકલ્પશક્તિ બળવાન બને છે, અને તેના ચારિત્રમાં જ એવો રણકાર આવી જાય છે જે સ્વેચ્છાચારીના સ્વપ્નામાંયે ન હોય. એની દૃષ્ટિ જ એવી પલટાઇ જાય છે કે તેને પોતાની આસપાસની વસ્તુમાત્રમાં સચ્ચિદાનંદ સ્વરૂપની લીલા જ લીલા દેખાય છે.' ગ્રંથકર્તા પોતે કહે છેઃ 'બ્રહ્મચારી યુવકનાં આનંદ, ઉલ્લાસ, પ્રસન્નતાયુક્ત આત્મશ્રદ્ધા ક્યાં અને વિષયદાસનાં અશાંતિ અને ઉન્માદ ક્યાં? ક્યાં બ્રહ્મચારીનું સુદૃઢ નીરોગ શરીર અને ક્યાં સ્વેચ્છાચારીનું સડેલું, રોગધામ શરીર?'

આટલું કહ્યા પછી ગ્રંથકર્તા 'સ્વતંત્રતા'ની દલીલને હાથમાં લે છે. માણસ પોતાના શરીરની સાથે ગમે તેમ કરે, તેના

ઉપર અંકુશ શા સારુ હોય? ગ્રંથકર્તા કહે છે કે વિષયભોગની સ્વતંત્રતા ઉપર અંકુશ હોવો એ સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્ર બંને પ્રમાણે આવશ્યક છે.

સમાજશાસ્ત્રદૃષ્ટિ તે આમ રજુ કરે છે: "સમાજજીવન જ એવી અખંડ — સજીવ — વસ્તુ છે કે જેમાં સ્વતંત્ર અને વ્યક્તિગત કહેવાય એવી એકે પ્રવૃત્તિ નથી. ગમે તે કાર્ય કરીએ તેનો પડઘો અજાણી અને અકલ્પ્ય દિશાઓમાં ફેલાય છે. મનુષ્યના મનુષ્યત્વમાં જ તેનું સામાજિક હોવાપણું રહેલું છે. એકે ક્ષેત્ર એવું નથી — ધર્મ, રાજ્ય, સમાજ, અર્થ — જેમાં વ્યક્તિના કાર્યનો સમષ્ટિની સાથે સંબંધ ન હોય. અને એ સંબંધ એવો તો અનિવાર્ય છે કે સમાજશાસ્ત્રી બિચારો વિમાસણમાં પડે છે કે વ્યક્તિનું સ્વાતંત્ર્ય પ્રતિપાદન કરતાં મારે સંકુચિત હોવાનું જોખમ તો ન વહોરી લેવું પડે? જો માણસને અમુક સંજોગોમાં રસ્તા ઉપર થૂંકવાની છૂટ ન હોય તો તેને તેના વીર્યને જ્યાંત્યાં વાવરવાની શી રીતે છૂટ હોઇ શકે? એ કાર્ય જેટલું મહત્ત્વનું છે તેટલી જ સમષ્ટિના ઉપર એની વધારે અસર પડે છે. એક યુવક અને યુવતી ભલેને એમ માને કે એક ઓરડામાં ભરાઇને તેઓ જે કૃત્ય કરે તેની સાથે જગતને કશો સંબંધ નથી. એમ માનવું એ શુદ્ધ નાદાની છે. દેશ દેશ, પ્રજા પ્રજાને માનવતાનું અખંડ તત્ત્વ એવી રીતે બાંધી લે છે કે ગમે તેટલું ગુપ્ત કાર્ય ગમે તેવી અભેદ્ય દીવાલોને ભેદીને અને ગમે તેવી વિશાળ સીમાઓને ઓળંગીને બહાર નીકળશે. ગર્ભાધાન અટકાવવાનો અને વિષયભોગને ખાતર જ પોતાના વીર્યનો ઉપયોગ કરવાનો હક પ્રતિપાદન કરનાર યુવાન ઇચ્છાએ કે અનિચ્છાએ સમાજમાં

અવ્યવસ્થા અને કુસુંપનાં બીજ વેરે છે. મનુષ્ય પોતાના કૃત્યની જવાબદારીમાંથી ખસી નહિ જાય એ વાત ઉપર જ આખું સમાજનું મંડાણ મંડાયેલું છે. તે માણસ પોતાની જવાબદારીમાંથી નીકળી જઈને સમાજની વ્યવસ્થાને છિન્નભિન્ન કરે છે, અને સમાજનો ચોર બને છે.''

માનસશાસ્ત્રની દૃષ્ટિ તે આમ રજુ કરે છે: 'સ્વાતંત્ર્ય દેખીતું તો આરામરૂપ લાગે છે, વસ્તુતઃ એ મોટો બોજો છે. અને એના એવા બોજા હોવામાં જ એની ખૂબી રહેલી છે. એ બાંધે છે, અને ફરજ પાડે છે. વ્યક્તિને સ્વતંત્ર થવાની ઇચ્છા થાય છે, તેને પોતાપણું પ્રગટ કરવાની ધગશ છૂટે છે. એ દેખાય છે તો સહેલું, પણ તે પ્રયત્ન કરવા માંડે છે એટલે તેને જણાય છે કે કામ કેટલું અટપટું છે. આપણું નીતિજીવન એક અને અખંડ છે એ વાત સાચી. પણ આપણામાં જ્યાં પરસ્પર વિરોધી અનેક ઇચ્છાઓ, વિકારો પડેલા છે ત્યાં તે અખંડિતતા શા કામની? ભાઇ, તું ભલે કહેતો હોય કે તારે તારૂં પોતાપણું પ્રગટ કરવું છે, પણ હું તને પૂછું છું: તારે તારી દૈવી સંપત્તિને પ્રગટ કરવી છે કે આસુરી સંપત્તિને? પણ તું કદાચ જવાબ દેશે કે મારે બેમાંથી એકે નથી પ્રગટ કરવી, મારે તો મારી અખંડ સંપત્તિને પ્રગટ કરવી છે. વારૂ, તો એ પણ જોજે: એ અખંડિતતા, એ સંવાદ પ્રગટ કરવાને તારે કાંઇક પસંદગી તો કરવી જ પડશે. એ સંવાદ પણ સહેલાઇથી નથી લાધતો. શરીરને જેટલું મારશે તેટલો આત્મા વધશે. ઈશુએ કહ્યું હતું: 'ઘઉંના કણનો જમીનમાં નાશ ન થાય ત્યાં સુધી તેમાંથી ફણગો ફૂટવાનો સંભવ નથી.''

આ સંબંધમાં ગ્રંથકર્તા એક લેખકનો ઉતારો આપે છેઃ 'પુરુષાર્થ બતાવવો છે! પુરુષાર્થનો હક સિદ્ધ કરવો છે! એ હક નથી, ફરજ છે. સ્વતંત્રતા એટલે ઇચ્છા પ્રમાણે વર્તવાની છૂટ હોય તો તેમાં કાંઇ મૂછોઇ હાંકવાની જરૂર નથી, તે તો વિકારની ગુલામી છે. ખરી સ્વતંત્રતા જોઇએ, ખરા જિતાત્મા બનવું હોય, તો વિકારો સાથે અનંત લડાઇ લડવી જોઇશે.' અને આ ઉપરાંત સાચા કેળવણીકારો, ધર્મોપદેશકોએ પણ શું કહ્યું છે તે જુઓઃ 'બ્રહ્મચર્યમાં સ્વાસ્થ્ય છે, અસંયમમાં અનેક રિપુઓને નોતરવાપણું રહેલું છે. બ્રહ્મચર્યનો પહેલી વાર ભંગ કરનાર યુવાન ભલે સમજે કે તે ઘડીકની ગમ્મત કરી લે છે, પણ તે તો ચેતનની બાજી ખેલે છે. એ ચેતનનો એક વાર નાશ કર્યા પછી ફરી ફરીને તેની ઇચ્છા પ્રગટે છે, અને તે જિતાત્મા મટીને કામદાસ બને છે. અનેક ખીલતાં જીવનો આમ એક વાર અજાણ્યે બ્રહ્મચર્યભંગ કર્યાથી ધૂળ મળ્યાં છે.'

એક શારીરશાસ્ત્રનો મહાઅધ્યાપક કહે છેઃ 'ઉગતી વિષયેચ્છાની અનીતિભરી તૃપ્તિ અનીતિ હોવા ઉપરાંત શરીરને માટે બહુ હાનિકારક છે. એને વશ થયા કે તે સવાર થઇ બેસે છે, અને એક પછી એક તૃપ્તિ થતી જાય છે કે તેવી ટેવ ઘર ઘાલે છે.'

આ ઉતારાઓને અંતે ગ્રંથકર્તા આખી દલીલને નીચેના ઉતારાથી સમેટી લે છેઃ 'વિષયેચ્છા એવી છે કે બુદ્ધિ અને સંકલ્પશક્તિ બન્નેના અંકુશને એ અધીન છે. વિષયેચ્છા એ વિષયેચ્છા જ છે, પણ વિષયની હાજત તો નથી જ, કારણ એ હાજત એવી નથી કે તે સંતોષાય નહિ તો જીવન ન

ચાલે. એ હાજત છે જ નહિ, છતાં ઘણા લોકો માને છે કે એ છે, અને પછી વિષયભોગને આવશ્યક ગણે છે. એ કૃત્યમાં કાંઇ કુદરતી કાયદાને વશ થવાપણું નથી; એ તો શુદ્ધ સ્વેચ્છાથી થતું જ કૃત્ય છે, જેની પાછળ સંકલ્પ રહેલો છે, વિચાર રહેલો છે, બુદ્ધિ રહેલી છે, અને એનો જેટલો સંયમ કરવો હોય તેટલો સ્વેચ્છાએ થઇ શકે છે.'

૬

## આજીવન બ્રહ્મચર્ય

બ્રહ્મચર્ય અને સંયમનો મહિમા ગ્રંથકર્તાએ બતાવ્યો. હવે એ અવિવાહિત કાળનું બ્રહ્મચર્ય જ નહિ, પણ આજીવન બ્રહ્મચર્ય કેટલું શક્ય છે અને કેટલું મહત્ત્વનું છે તેની એક પ્રકરણમાં ચર્ચા કરે છે. આ રહ્યું એમનું વિધાનઃ

'વિષયદાસત્વમાંથી મુક્તિ આપનારા આજીવન બ્રહ્મચર્ય પાળનારા વીરોમાં એવાં યુવકયુવતીઓ પણ્યાં છે કે જેઓ કોઈ જીવનકાર્યનો નિશ્ચય કરી લઈ તેને વરે છે, અને બીજું લગ્ન કરવાની ના પાડે છે. કોઈએ પોતાનાં માતપિતાની સેવા એ કર્તવ્ય માન્યું હોય છે, તો કોઈએ પોતાનાં નમાયાં ભાઈભાંડુઓનાં માતપિતાનું સ્થાન લેવાનો નિશ્ચય કર્યો હોય છે. કોઈ કળા અને વિજ્ઞાનને પોતાનું જીવન અર્પણ કરીને બેઠો હોય છે, તો કોઈ પીડિત અને રોગીઓની સેવાને અથવા શિક્ષણકાર્યને વરેલો હોય છે. આ નિશ્ચયના પાલનમાં કોઈને પોતાના વિકારોની સાથે ભારે યુદ્ધ ખેડવાં પડ્યાં હોય છે, તો કોઈનો રસ્તો પરમાત્માએ સાફ રાખ્યો હોય છે. ગમે તેમ

હોય સૌ પોતપોતાના મન સાથે અથવા ઇશ્વરની આગળ પ્રતિજ્ઞા કરી લે છે કે જે ધ્યેયને વર્યાં તે વર્યાં, બીજા લગ્નનો વિચાર કરવો એ વ્યભિચાર છે. માઇકેલ એન્જેલોને કોઇએ વિવાહ કરવાની સૂચના કરી, ત્યારે તેણે કહેલું: 'ચિત્રકળા મારી એવી સહચરી છે કે તે કોઇ સપત્ની સાંખી નથી શકતી.''

ગ્રંથકર્તાના આ અભિપ્રાયને હું વિવિધ વિવિધ વ્યવસાયવાળા યુરોપિયન મિત્રોના અનુભવથી અનુમોદન આપી શકું છું—એવા ઘણાયે મિત્રો આજીવન બ્રહ્મચર્ય પાળનારા જોયા છે. માત્ર હિંદુસ્તાનમાં જ બાળક જન્મ્યું ત્યારથી આપણે તેના વિવાહની વાતો કરીએ છીએ. માબાપને પોતાનાં બાળકોને પરણેલાં પૈસેટકે સુખી થયેલાં જોવા સિવાય બીજો કશો વિચાર કે મનોરથ નથી હોતો. આમાંની પહેલી વસ્તુથી મન અને શરીર અકાળે ક્ષીણ થઇ જાય છે; અને બીજી વસ્તુથી આળસને ઉત્તેજન મળે છે, અને માણસ બીજાના શ્રમ ઉપર જીવનારો આઇતારામ બની જાય છે. બ્રહ્મચર્ય અને નિર્ધનતાનું વ્રત લેવું તો અતિશય વસમી વસ્તુ છે એમ આપણે કહીએ છીએ, તેમાં અસાધારણતા આરોપીએ છીએ, મહાત્માઓ અને યોગીઓ જ તે સાધી શકે એમ કહીએ છીએ, અને એ લોકો તો વિરલ છે એમ કહીને સંતોષ માનીએ છીએ; પણ આપણને ભાન નથી હોતું કે સાચું મહાત્માપણું અને યોગ જે સમાજનું તળિયું આવી ગયેલું છે તે સમાજમાં હોઇ શકે જ નહિ. પેલા સસલા અને કાચબાની શરતની જેમ દુરાચાર અને સદાચારની શરત ચાલી રહી છે. દુરાચાર સસલાની જેમ લાંબી ફલાંગ મારે છે, સદાચાર કાચબાની જેમ ધીમે પણ અચૂક પગલે ચાલે છે. એ ન્યાયે પશ્ચિમનો વ્યભિચાર

આપણી પાસે વીજળી વેગે આવી પહોંચે છે, અને તેની ચિત્ર-વિચિત્ર મોહિનીથી તે આપણને આંજે છે, અને સતનું ભાન ભૂલાવે છે. ઘડી ઘડીએ તારો મારફત અને દરરોજ પરદેશી માલ લઇને આવતી આગબોટો મારફત આપણા ઉપર પશ્ચિમનો ઝગમગાટ ચાલ્યો જ આવે છે, અને તેમાં અંજાઇને આપણને બ્રહ્મચર્યનું વ્રત લેતાં જાણે શરમ આવે છે, અને નિર્ધનતાના વ્રતને પાપ માની બેસવાની અણીએ પહોંચીએ છીએ. પણ પશ્ચિમ એ હિંદુસ્તાનમાં જેનું દર્શન થાય છે એવી જ પશ્ચિમ નથી. જેમ દક્ષિણ આફ્રિકાના ગોરા ત્યાં વસેલા હિંદીઓને જોઇને આપણું ખોટું માપ કાઢે છે, તેમ પશ્ચિમથી જે માણસો અને માલ અહીં રોજરોજ આવ્યે જાય છે તેથી પશ્ચિમનું માપ કાઢશું તો તેને અન્યાય કરશું. જે તેના ભ્રામક બાહ્યની પાર જઇને તળિયે જઈ જોશે તેને જણાશે કે પશ્ચિમમાં પવિત્રતા અને વીર્યનો નાનકડો પણ અખૂટ ઝરો પડ્યો છે. યુરોપના બળતા રણમાં ક્યાંક ક્યાંક લીલાંછમ સ્થાનો જોવામાં આવે છે, જ્યાંથી જેને જોઇએ તેને પરમ સ્વચ્છ જીવનોદક — અમૃત — પીવાનું મળે છે. સેંકડો સ્ત્રીઓ અને પુરુષો કશા ઢોલ વગાડ્યા વિના નમ્રપણે કેવળ કોઇક સ્વજનની અથવા દેશની સેવાને અર્થે આજન્મ બ્રહ્મચર્ય અને નિર્ધનતાની પ્રતિજ્ઞા લે છે. ધર્મને જાણે વ્યવહારની સાથે કશી લેવાદેવા ન હોય, અને હિમાલયનાં જંગલોમાં અને કોઇ અગમ્ય ગુફામાં બેઠેલા કોઇ જોગી માટે જ તેનું પાલન રાખવામાં આવ્યું હોય એવી રીતે આપણે ઘણી વાર ધર્મ વિષે પ્રલાપ કરીએ છીએ. જે ધર્મને વ્યવહારની સાથે કશી લેવાદેવા નથી, જે ધર્મની વ્યવહાર ઉપર અસર પડતી નથી, તે ધર્મ ધૂમાડાના

બાચકા જેવા છે. જે યુવાનો અને યુવતીઓને માટે 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' દર આઠ દહાડે લખાય છે, તેઓ સમજે કે તેમણે પોતાની આસપાસનું વાતાવરણ શુદ્ધ કરવું હોય અને પોતાની નબળાઈ દૂર કરવી હોય, તો બ્રહ્મચર્ય પાળવું એ તેમનું કર્તવ્ય છે, અને તેઓ ધારે છે તેટલું તે કઠિન નથી.

પણ પાછા આપણે ગ્રંથકર્તાને સાંભળીએ: 'ઘણાએ લગ્ન કરવું જ જોઇએ એવો નિયમ હોય એમ માની લઇએ તો પણ બધા જ પરણી શકે અથવા પરણવું જોઇએ એમ તો નથી જ. અગાઉ કેવા કેવા માણસો બ્રહ્મચારી જીવન ગાળે છે તે જોઇ ગયા. તે ઉપરાંત કેટલાક એવા છે કે જેમને બ્રહ્મચર્ય ન છૂટકે પાળવું પડે છેઃ (૧) ધંધાના અથવા ગરીબીના કારણે જેમને ફરજિયાત લગ્ન મુલતવી રાખવું પડે છે; (૨) જેને પોતાને યોગ્ય વર અથવા વધૂ મળતી નથી; (૩) જેને એવી ખોડો અથવા રોગો હોય કે જે સંતાનમાં પણ ઉતરવાનો ભય હોય છે. ઉત્તમ કાર્ય અથવા ધ્યેયને માટે બ્રહ્મચર્ય પાળનારાં સશક્ત અને સસાધન સ્ત્રીપુરુષોના બ્રહ્મચર્યવ્રતથી આવાં ન છૂટકે બ્રહ્મચર્ય પાળનારાં માણસોને ઉત્સાહ અને આશા મળશે. પેલા વ્રતીઓ તો બ્રહ્મચારી જીવનને અપૂર્ણ જીવન નહિ પણ પૂર્ણ જીવન, ઓછા આનંદનું નહિ પણ પરમાનંદનું જીવન માને છે. તેમનાં જીવન કુંવારા અને વિવાહિત બન્નેને દીવાદાંડી રૂપ છે.'

ફૉર્સ્ટર નામક શિક્ષણશાસ્ત્રીનો અભિપ્રાય ટાંકતાં ગ્રંથકર્તા કહે છેઃ 'બ્રહ્મચારી વ્રત અનેક વિકારો અને પશુવૃત્તિઓ ઉપર ભારે અંકુશરૂપ થઇ પડે છે. વિવાહિત જીવનને પણ

એ કવચ સમાન છે; સ્ત્રીપુરુષ એકબીજાને પોતાના વિષયના સાધન માનવાને બદલે સ્વતંત્ર મુક્ત આત્માઓ માનતાં થાય છે. બ્રહ્મચર્યની મજાક કરનાર સમજતા નથી કે તેમની મજાકથી તો વ્યભિચાર અથવા અનેકપત્નીત્વ ફલિત થાય છે. જો વિષયેચ્છાને તૃપ્ત કર્યા જ કરવી જોઇએ એમ સ્વીકારી લઇએ તો વિવાહિતે પણ શા સારૂ શીયળ જાળવવું? ઘણાં વિવાહિત જોડાંઓમાં એક એવું અશક્ત હોય છે કે તેને લીધે પણ બંનેને બ્રહ્મચર્ય આવશ્યક થઇ પડે. બ્રહ્મચર્યનો મહિમા જેટલે અંશે સ્વીકારશું તેટલે અંશે એકપત્નીવ્રતના આદર્શને આપણે ચઢાવશું.'

૭

## વિવાહનો પવિત્ર સંસ્કાર

આજીવન બ્રહ્મચર્યના પ્રકરણ પછી વિવાહની આવશ્યકતા તથા અખંડિતતા વિષે પ્રકરણો આવે છે. આજીવન બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠ દશા છે એવો આગ્રહ રાખતા છતાં, ગ્રંથકર્તા કબૂલ કરે છે કે જનસમૂહ માટે તો એ શક્ય ન હોઇ વિવાહનું બંધન સ્વીકારવું એ ધર્મ થઇ પડે છે. જો વિવાહનાં હેતુ અને મર્યાદા બરોબર સમજાય તો ગર્ભાધાન અટકાવનારાં સાધનોની કોઇ હિમાયત ન કરે. જે ભ્રષ્ટાચાર આજે વ્યાપી રહ્યો છે તેનું કારણ તો ખોટું નીતિશિક્ષણ છે. કેટલાક 'આગળ પડતા' લેખકો વિવાહના બંધનની મજાક ઊડાવે છે, તેમને વિષે ગ્રંથકર્તા કહે છે કે 'સુભાગ્યે નીતિની ગંધ પણ જેમને નથી એવા આ અર્ધનીતિશાસ્ત્રીઓના મતની કશી ગણના નથી, કારણ માનસશાસ્ત્રી અને સમાજશાસ્ત્રીઓનો તેવો મત નથી. એ નાટકચેટક દ્વારા ભ્રષ્ટાચારને પોષનારાના અને વિચારશીલ શાસ્ત્રીઓના મત વચ્ચે આસમાન જમીનનો ભેદ છે.'

નિરંકુશ પ્રેમની દલીલને મોં૦ બ્યૂરો ફેંકી દે છે. વિવાહ તો સ્ત્રીપુરુષનો આજીવન સહચાર અને ધર્મસંબંધ છે. વિવાહ એ કાંઇ કરાર નથી, પવિત્ર સંસ્કાર છે. એ સંસ્કારથી મનુષ્ય પશુ મટી મનુષ્યની જેમ ટટાર ચાલતો થાય છે. પરણ્યાં એટલે એકબીજાની સાથે ગમે તેમ વર્તવાનો હક મળી જાય છે એ વાત ખોટી છે, અને એકબીજાની સાથે ભેગા થતાં પણ પોતાને ગમે તે રીતે ભોગ ભોગવવાનો તેમને હક મળતો નથી. સંયમ વિવાહિત જીવનમાં પ્રવેશ ન કરે તો વિવાહિત જીવનનો હેતુ જ નષ્ટ થાય છે. સેંટ ફ્રાન્સિસ ઑફ સેલ્સ કહે છે: 'જલદ દવા લેવામાં હમેશાં જોખમ તો રહેલું છે જ, વધારે લેવાય તો નુકસાન થાય, બરોબર તૈયાર ન થયેલી હોય તો નુકસાન થાય; તેમજ વિવાહ પણ વ્યભિચાર અટકાવવાને માટે યોજેલી દવા છે. દવા સારી છે, પણ જલદ છે; એટલે વિવેક વિના વપરાય તો નખ્ખોદ વાળે.'

આ પછી ગ્રંથકર્તા વિવાહસંબંધની અખંડિતતા ઉપર આવે છે. એકપત્નીવ્રત અને એકપતિવ્રતના જ તે આગ્રહી છે. તે કહે છેઃ 'માણસને ફાવે તો વિવાહ કરે, ન ફાવે તો ન કરે એ વાત બરોબર નથી; અને પરણેલા ગમે ત્યારે છૂટાછેડા કરી શકે છે એ વળી એથી પણ ખોટી વાત છે. તેમની સ્વતંત્રતા તો જ્યારે તેઓ એકબીજા સાથે પુણ્ય સંબંધમાં જોડાયાં ત્યારે બતાવાઇ ચૂકી. અતિશય વિચાર, વિવેક અને જ્ઞાનપૂર્વક એ બંધનમાં બન્ને જોડાય છે. પણ એક વાર વિવાહ જોડાયો અને બન્ને પતિપત્ની બની ચૂક્યાં કે પછી તેમનો સંબંધ તેમનો જ નથી રહેતો, તેની અસર તેમની પાર જઇને આખા સંસારને વિષે વ્યાપે છે. તેમને ભલે કશી અસર

ન લાગતી હોય — આજનો જમાનો જ બેજવાબ વ્યક્તિ-સ્વાતંત્ર્યનો છે. પણ ગૃહધર્મ તૂટયાથી સમાજને જે પારાવાર નુકસાન થાય છે, શુદ્ધ એકપત્નીવ્રત ધર્મ મટીને વિષયેચ્છા જ ધર્મ થઇ પડે છે ત્યારે સમાજને જે પારાવાર નુકસાન થાય છે તેથી એ અસરની ખબર પડે છે. આવાં પરિણામોનું જેને ભાન છે તે મનુષ્ય, સંસ્થાઓમાં વિકાસ થાય છે માટે વિવાહની સંસ્થામાં પણ વિકાસ થવો જોઇએ એ વાતથી પોતાની નીતિ બદલવાનો નથી. વિવાહમાં વિકાસ થાય એટલે વિવાહનું બંધન વધારે સજ્જડ બને, વિવાહ વધારે શુદ્ધ બને. આજે તો લગ્નની અખંડિતતા ઉપર હુમલા થાય છે, અને તલાક એકબીજાની મરજીથી આપી શકાય એવો આગ્રહ ધરવામાં આવે છે. પણ વિકાસ જેમ જેમ થતો જશે તેમ તેમ જણાશે કે જે બંધન આજે ધર્મને નામે અખંડિત ગણાય છે તે વ્યષ્ટિ અને સમષ્ટિ બંનેના હિતને માટે અખંડિત હોવું આવશ્યક છે. વિકાસ આપણે કરીએ છીએ, પણ પ્રજાની પ્રગતિ કઇ શરતે થશે તે તો જરા વિચારી જોઇએ. વ્યક્તિમાં જવાબદારીનું ભાન વધે, વ્યક્તિ પોતાની મેળે જ સંયમી બને, ધૈર્ય અને ઉદારતાની વૃદ્ધિ થાય, સ્વાર્થવૃત્તિ ઉપર અંકુશ મૂકાય, ક્ષણિક વિકારોને વશ થવાને બદલે સ્નેહના શાશ્વત સંબંધને આગળ મૂકતા જવાય, તો જ મનુષ્યની ઉન્નતિ અને પ્રગતિ થવાની છે; તો જ સમાજ સંસ્કૃતિની ઊંચી દશાએ પહોંચશે. અને આર્થિક પ્રગતિ એ સામાજિક પ્રગતિની પાછળ પાછળ જાય છે. સમાજમાં છિન્નભિન્નતાને બદલે મેળ, સંપ, પ્રેમ હોય તો સમાજની પ્રગતિ થાય, અને સમાજની સમૃદ્ધિ પણ વધે. એટલે વિષયસંબંધની અનેક રીતોની

યોગ્યાયોગ્યતાનો નિર્ણય આ રીતે થઇ શકે: આપણા સમાજ-જીવનને વધારે સંઘટ્ટ અને બળવાન બનાવવા માટે કઇ રીત સુયોગ્ય છે? કઇ રીતથી જીવનને જુદે જુદે સમયે જવાબ-દારીનું અતિશય ભાન વધે, આત્મત્યાગ વધે, અને સ્વાર્થવૃત્તિ સ્વેચ્છાચાર ઘટે? આ રીતે આ પ્રશ્ન વિચારશું ત્યારે એક-પત્નીત્વ અને એકપતિત્વનો નિયમ જ સૌથી અધિક પથ્ય જણાશે — એ નિયમ જ એમાં રહેલી સંયમશિક્ષાને લીધે સુધારામાં વધેલા સમાજોનો કાયમનો વારસો છે એમ સમજાશે, અને પ્રગતિ થતાં વિવાહસંબંધમાં શિથિલતા આવવાને બદલે દઢતા આવશે. વધારે સમાજજીવનને માટેની તૈયારીનું કેન્દ્ર— એટલે કે જવાબદારી, સહાનુભૂતિ, સંયમ, પરસ્પર સહિષ્ણુતા અને પરસ્પર શિક્ષણની તાલીમનું કેન્દ્ર કુટુંબ છે; અને એ કેન્દ્ર છે કારણ કુટુંબ કાયમ નભે છે, અને અખંડ છે; અને એ કાયમ નભે છે માટે જ કોટુંબિક જીવન વધારે ગાઢ, વધારે સ્થિર અને માણસ માણસની વચ્ચેના સંબંધને માટે વધારે યોગ્ય બને છે. એક અને અખંડ વિવાહ એ માનવસમાજ-જીવનની નાડી છે અથવા હૃદય છે એમ કહીએ તો ચાલે. ગ્રંથકર્તા ઓગસ્ત કોંતનો અભિપ્રાય ટાંકે છે: 'આપણાં ચિત્ત એટલાં અસ્થિર છે કે સમાજે આ બાબત હાથમાં લઇ આપણને અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થતા અટકાવવા જોઇએ. વિવાહનો હેતુ વિષયતૃપ્તિ હોઇ જ ન શકે.'

ડા. દુલુઝ કહે છે: "પ્રેમભાવના એવી જાલિમ છે કે તેને વશ થયા વિના ચાલે જ નહિ, એ ભ્રમને લીધે વિવાહિત જીવન કંટકમય બને છે. માણસનો ખાસ સ્વભાવ અને તેના વિકાસનો ઝોક તો ઇચ્છા અને વિકારોથી સ્વતંત્ર બનવા

તરફ હોવો જોઈએ. બાળક સ્થૂળ હાજતો અટકાવતાં શીખે, યુવક પોતાના વિકારો રોકતાં શીખે — એ જ સંસ્કારી અને સુવ્યવસ્થિત સમાજનું લક્ષણ છે. એ કાંઈ પોથીમાંનાં રીંગણાં નથી, એ વ્યવહારસિદ્ધ વાત છે. આત્માને વશ વર્તવાનો જ આપણો સ્વભાવ હોઈ શકે; ઇંદ્રિય કે વિકારોને નહિ. આપણે જેને સ્વભાવનું ખોટું નામ આપીએ છીએ તે તો કેવળ નબળાઈ છે. જે માણસ ખરો બળવાન છે તે તો પોતાની શક્તિઓને ટાંકણે સદુપયોગ કરશે.”

## ૮

## ઉપસંહાર

હવે આ લેખમાળા પૂરી કરવાનો સમય આવ્યો છે. એક જમાનામાં માલ્ટસે દુનિયાની વસ્તી વધી પડી છે, અને માનવજાતિનો નાશ ન થવા દેવો હોય તો સંતતિનિયમન થવું જોઇએ, એમ જાહેર કરીને તે વેળાના લોકોને ચોંકાવ્યા હતા. આ માલ્ટસના સિદ્ધાંતની સમીક્ષામાં મૅાં૦ બ્યૂરો ઉતરે છે, પણ આપણે તેની સાથે સંબંધ નથી. એટલું જાણવું જરૂરનું છે કે સંતતિનિયમન આત્મસંયમથી થવું જોઇએ એવો માલ્ટસનો આગ્રહ હતો. જ્યારે તેના આજકાલના ચેલાઓ સંયમનો નહિ પણ વિષયભોગનાં પરિણામો અટકાવવાને માટે રસાયનિક અને યાંત્રિક સાધનો વાપરવાનો આગ્રહ કરે છે. મૅાં૦ બ્યૂરો પણ આત્મસંયમ દ્વારા સંતતિનિયમન કરવાના બહુ પક્ષમાં છે, અને આપણે જોઇ ગયા તેમ, રસાયનિક અને યાંત્રિક સાધનોના ઉપયોગનો સખ્ત વિરોધ કરી તેના ત્યાગનો જ આગ્રહ કરે છે. આ પછી તેમણે મજૂરવર્ગની સ્થિતિનો વિચાર કર્યો છે, અને તેમનામાં જન્મનું પ્રમાણ કેટલું છે તે

તપાસ્યું છે, અને આખરે વ્યક્તિની સ્વતંત્રતાને, અને વળી દયાને નામે જે ભયંકર ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેને અટકાવવાના ઉપાયની ચર્ચા કરીને પોતાનું પુસ્તક પૂરૂં કર્યું છે. લોકમતને દોરવવાને અને નિયમમાં રાખવાને વ્યવસ્થિત પ્રયત્ન થવાની તે સૂચના કરે છે, અને આ બાબતમાં સરકાર વચ્ચે પડી કાયદા કરે તો સારૂં એમ કહી આખરે ધર્મભાન જાગૃત થાય તો જ કાયમનું પરિણામ આવે એમ જણાવે છે. નીતિનું દેવાળું સામાન્ય ઉપાયોથી અટકાવ્યું અટકે એમ નથી; અનીતિને નીતિ ગણવામાં આવે, નીતિને નબળાઇ, વહેમ અને અનીતિ તરીકે વખોડી નાંખવામાં આવે ત્યારે તો ન જ અટકી શકે. અને ગર્ભાધાનનિરોધનાં સાધનોના ઘણા હિમાયતીઓ સંયમ અને બ્રહ્મચર્યને અનાવશ્યક અને હાનિકારક પણ માને છે. આવી દશામાં ધર્મની જ મદદ લઇને નિરંકુશ પાપાચાર ઉપર કાર્યસાધક અંકુશ નાંખી શકાય. વ્યક્તિ અને સમષ્ટિના જીવનમાં સાચું ધર્મભાન મોટો પલટો લાવી દે છે. ધર્મજાગૃતિ એટલે નૈતિક ઉથલપાથલ, પરિવર્તન, પુનર્જન્મ, અને મૉ૦ બ્યૂરોના મત પ્રમાણે ફ્રાન્સ આજે જે નરક તરફ પ્રયાણ કરી રહ્યું છે ત્યાં જતું તેને અટકાવવાને માટે આવું જ કોઈ પરિવર્તનકારક બળ જોઇએ.

પણ હવે આપણે ગ્રંથકાર અને તેના પુસ્તકની રજા લઇએ. ફ્રાન્સની અને હિંદની સ્થિતિ સરખી નથી. આપણે ત્યાં નિરાળો જ પ્રશ્ન છે. આપણે ત્યાં ગર્ભાધાન અટકાવનારાં સાધનોનો વપરાશ જ્યાં ત્યાં પેઠો નથી. શિક્ષિત વર્ગોમાં પણ તેનો ભાગ્યે જ પ્રચાર થયો કહેવાય. જેથી આવાં સાધનોના ઉપયોગનો બચાવ કરી શકાય એવો હિંદુસ્તાનમાં કોઇ પણ

સંજોગ નથી. શું આપણે ત્યાં મધ્યમ વર્ગના લોકો વધારે પડતાં બાળકોથી અકળાઈ ગયા છે? કોઈ છૂટાછવાયા દાખલા લઈને તમે સિદ્ધ ન જ કરી શકો કે મધ્યમ વર્ગમાં બાળક-જન્મનું પ્રમાણ વધી ગયું છે. હિંદુસ્તાનમાં તો ગર્ભાધાન અટકાવવાનાં સાધનોનો ઉપયોગ વિધવાઓ અને બાળવધૂઓ કરે એવી હિમાયત થતી જાણી છે. એટલે એમ કરીને વિધવાઓના સંબંધમાં તેઓ ગેરકાયદેસર બાળપ્રસવ અટકાવવા માગે છે, ગુપ્ત વ્યભિચાર અટકાવવા નથી ઇચ્છતા. બાળવધૂઓની બાબતમાં કુમળી વયની બાળા સગર્ભા થાય તેનો તેમને ડર છે, તેના ઉપર બળાત્કાર થાય તેનો ડર નથી. આ પછી રોગી, નબળા, નિર્વીર્ય યુવાનો આવે છે જેમને પોતાની અથવા પારકાની સ્ત્રીઓ સાથે સંભોગ ચાલુ રાખવો છે, છતાં જેને તે પાપ સમજે છે તે પાપના પરિણામમાંથી બચી જવું છે. હું જણાવવાને હિંમત ધરું છું કે સંભોગ ઇચ્છતાં છતાં સંતાન ઉત્પન્ન કરવાના ભારમાંથી નીકળી જવા ઇચ્છતા હોય એવા સંપૂર્ણ હૃષ્ટપુષ્ટ સ્ત્રીપુરુષો હિંદુસ્તાનની વસ્તીના મહાસાગરમાં ખોબા જેટલાં છે. એ જૂજ જેટલાં માણસોએ પોતાનો દાખલો લઈને એવી દૂષિત રીતનો બચાવ ન કરવો જોઈએ કે જેનો હિંદુસ્તાનમાં પ્રચાર થાય તો દેશની યુવાન પ્રજાનું સત્યાનાશ વળ્યા વિના રહે નહિ. અતિશય કૃત્રિમ શિક્ષણને લીધે દેશની યુવાન પ્રજાની શરીર અને મનની શક્તિ હણાઈ ગઈ છે. આપણે ઘણાખરા બાળવિવાહની ઉત્પત્તિ છીએ. આરોગ્ય અને સ્વચ્છતાના નિયમોની અવગણનાને લીધે આપણાં શરીર ખવાઈ ગયાં છે. આપણો દૂષિત અને અપૂર્ણ ખોરાક, અને તેમાં વપરાતા સત્ત્વશોષક મસાલાથી આપણું જઠર તદ્દન

નિષ્ક્રિય થઇ ગયું છે. આજે આપણને ગર્ભાધાનનિરોધક સાધનોના ઉપયોગની અને પશુવૃત્તિને નિરંકુશ તૃપ્તિની તાલીમ નથી જોઇતી, પણ પશુવૃત્તિને મર્યાદિત કરવાની અને અમુક માણસોને સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની તાલીમની આવશ્યકતા રહેલી છે. ઉપદેશ અને પ્રત્યક્ષ ઉદાહરણથી આપણને આજે એવું શીખવાની જરૂર રહી છે કે આપણાં તન અને મનને નબળાં ન જ રાખવાં હોય તો બ્રહ્મચર્ય સંપૂર્ણ શક્ય છે અને પરમ આવશ્યક છે. આજે પોકારી પોકારીને આપણને કહેવાની જરૂર છે કે જો આપણે ઠીંગુજીની પ્રજા ન રહેવું હોય તો આપણે વીર્યનો રોજ નાશ કરવાને બદલે તેનો સંગ્રહ કરવો જોઇએ અને તેમાં વૃદ્ધિ કરવી જોઇએ. આપણી જુવાન વિધવા બહેનોને કહેવું જોઇએ કે ગુપ્ત પાપાચાર કરવાને બદલે હિંમતથી બહાર પડી લગ્ન કરવાની માગણી કરો; જેટલો હક જુવાન વિધુરોનો લગ્ન કરવાનો છે તેટલો જ તમારો છે. લોકમતને આપણે એટલે અંશે કેળવવાની જરૂર છે કે જેથી બાળલગ્ન અશક્ય થઇ જાય. આજે જે અવ્યવસ્થિતપણું, કઠણ અને અનવરત કામ કરવાની અરુચિ, સખ્ત મહેનત કરવાની શારીરિક અશક્તિ, ભારે ઉત્સાહથી આરંભેલા સાહસોનું ભાંગી પડવું, નવું ઉત્પન્ન કરવાની શકિતનો અભાવ આજકાલ જ્યાં ત્યાં દેખાય છે, એ બધાં અતિશય વિષયભોગનાં પરિણામો છે. હું આશા રાખું છું કે જુવાન પ્રજા પોતાના મનને એમ ન ફોસલાવે કે સંતાન ન ઉત્પન્ન થતાં હોય તો કેવળ વિષયભોગથી કશી હાનિ નથી, નબળાઇ આવતી નથી. ખરી વાત તો એ છે કે સંતાન ઉત્પન્ન થતાં અટકાવવાનાં કૃત્રિમ સાધનો સાથે થતી વિષયભોગની ક્રિયા સંતાન ઉત્પત્તિની

જવાબદારીથી થતી તે ક્રિયા કરતાં ભારે વધુ શક્તિ હરી લેનારી છે.

'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः'

આપણે આપણા મનને એમ મનાવતા થઇએ કે વિષય-તૃપ્તિ આવશ્યક છે, તેમાં હાનિ નથી અને પાપ નથી, તો આપણે જરૂર વિષયેન્દ્રિયને બહેકી જવા દઇશું, અને તેને રોકવાને અશક્ત જ રહીશું. પણ જો આપણા મનને આપણે એમ મનાવતાં શીખ્યા હોઇએ કે આવી રીતની તૃપ્તિ હાનિકારક છે, પાપમય છે, અનાવશ્યક છે, અને અંકુશમાં રાખી શકાય એમ છે, તો આપણને સમજાશે કે આત્મનિગ્રહ એ તદ્દન સાધ્ય વસ્તુ છે. નવા સત્યને અને કહેવાતા માનવસ્વાતંત્ર્યને બહાને ઉન્મત્ત પશ્ચિમ આપણને સ્વેચ્છાચારની જે મદિરા મોકલી રહી છે તેથી આપણે સો ગાઉ દૂર રહેવું જોઇએ. આથી ઉલટું, પશ્ચિમના જ્ઞાની માણસોની અનુભવવાણી દ્વારા કોક વાર આપણને જે પથ્ય, સુખકર સલાહ મળે છે તે સાંભળતા થઇએ તો સારૂં — એટલે કે આપણા પૂર્વજોના પ્રાચીન જ્ઞાનની પૂંજી આપણે તદ્દન ખોઇ બેઠા હોઇએ તો.

ચાર્લી ઍંડ્રૂઝે 'ઓપન કોર્ટ' નામના માસિકમાં આવેલો મિ. હેરનો 'પ્રજનન અને ઉત્પાદન' નામનો એક હકીકતથી ભરેલો લેખ મોકલ્યો છે. એ અતિશય તર્કશુદ્ધ શાસ્ત્રીય નિબંધ છે. તેમાં લેખક બતાવે છે કે બધાં શરીરો બે પ્રકારની ક્રિયા કરે છે—"શરીરને બાંધવાને માટે આંતરશક્તિનું ઉત્પાદન અને વંશવૃદ્ધિ માટે બાહ્ય પ્રજનન. આંતરશક્તિનું ઉત્પાદન વ્યક્તિને માટે અત્યાવશ્યક છે, અને પ્રધાન કાર્ય છે; બાહ્ય પ્રજનન સૂક્ષ્મપિંડ વધી પડવાને લીધે થાય છે, અને તે ગૌણ

છે. . . એટલે જીવનનો નિયમ એ છે કે પ્રથમ આંતરશક્તિ ઉત્પન્ન કરવા માટે સૂક્ષ્મપિંડની પુષ્ટિ કરવી જોઇએ, અને પછી પ્રજોત્પત્તિ માટે. શરીર નબળું હોય તો તો આંતરશક્તિ ઉત્પન્ન કરી તેને પુષ્ટ રાખવાનું જ પ્રથમ કર્તવ્ય થઇ પડે છે, અને પ્રજનનને સમૂળું બંધ રાખવું પડે છે. એમ જોતાં બ્રહ્મચર્ય અને તપશ્ચર્યા સુધી આપણે કેમ પહોંચ્યા તે ખબર પડે છે. આંતરશક્તિનું ઉત્પાદન તો કદી બંધ રહી જ ન શકે, બંધ રહે તો મરણ થાય. આમ જોતાં મરણ સામાન્ય રીતે કેવી રીતે ઉપજે છે તે પણ સમજાય છે." પ્રજોત્પત્તિની ક્રિયા જીવનશાસ્ત્રની પરિભાષામાં વર્ણવીને લેખક કહે છેઃ "સુધરેલા લોકોમાં વિષયસંભોગ પ્રજોત્પત્તિને માટે જરૂરના કરતાં ઘણો વધારે ચાલે છે. અને આંતરશક્તિને ભોગે ચાલે છે, એટલે પરિણામે રોગ, મૃત્યુ અને બીજી અનેક બલાઓ નીપજે છે."

હિંદુ તત્ત્વજ્ઞાનનો કક્કો પણ જાણનારને મિ. હેરના નિબંધમાંનો નીચેનો ફકરો સમજવામાં મુશ્કેલી નહિ પડેઃ

"પ્રજનનની ક્રિયા યાંત્રિક નથી, યાંત્રિક હોઇ શકે નહિ. સૂક્ષ્મ જીવસૃષ્ટિમાં પિંડવિભક્તિથી ઉત્પત્તિ થાય છે તેવી જ સજીવ ક્રિયા તે છે. એટલે કે એમાં બુદ્ધિ અને સંકલ્પ રહેલાં છે. એક જીવમાંથી બીજો જીવ ઉત્પન્ન થાય, અને જુદો પડે તે કેવળ યાંત્રિક રીતે જ થાય છે એમ માનવું અકલ્પ્ય છે. હા, એ વાત સાચી કે આ મૂળની ક્રિયા એટલી તો અજ્ઞાત રીતે થાય છે કે તેમાં મનુષ્ય અથવા પશુની સંકલ્પશક્તિ રહેલી નથી એમ લાગે, પણ ઘડીક વિચાર કરતાં જણાશે કે જેમ સંપૂર્ણ વિકસિત મનુષ્યની સંકલ્પશક્તિથી જ તેની બાહ્ય ક્રિયાઓ અને કાર્યો બુદ્ધિ દ્વારા થાય છે — બુદ્ધિનું

એ કાર્ય જ છે — જેમ શરીરરચનાની પ્રાથમિક ક્રિયાઓ પણ, અમુક સંજોગોની અંદર રહીને, બુદ્ધિથી દોરાયેલી સંકલ્પશક્તિ દ્વારા જ ચાલે છે. માનસશાસ્ત્રીઓ આને અજ્ઞાત શક્તિ કહે છે. પણ એ આપણા શરીરને વિષે રહેલી જ છે. જોકે આપણા સામાન્ય વિચારની સાથે તેને કશો સંબંધ નથી, છતાં તે અતિશય જાગૃત અને પોતાની ક્રિયા કરવામાં અતીવ સાવધાન છે — એટલે સુધી કે જ્ઞાત શક્તિઓ ઘણી વાર સુષુપ્તિની દશામાં આવી જાય છે, પણ એ અજ્ઞાત શકિત ક્ષણભર પણ બંધ નથી થતી.''

આ અજ્ઞાત ક્રિયાશક્તિને એટલે આપણી વધારે સ્થાયી શક્તિને નિરંકુશ વિષયાસક્તિથી કેટલું ભયંકર નુકસાન થાય છે એ તો આપણે સહેજે કલ્પી શકીશું. 'પ્રજોત્પત્તિનું વેર મરણમાં વળે છે. વિષયભોગના મૂળમાં જ મરણોન્મુખ ગતિ રહેલી છે — પુરુષોમાં ભોગની ક્રિયામાં અને સ્ત્રીઓમાં સંતતિપ્રસૂતિની ક્રિયામાં.' એટલે લેખક કહે છે: 'લગભગ અથવા સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળનાર માણસ વીર્યવાન, પ્રાણવાન અને નીરોગી હોય છે.' 'સૂક્ષ્મપિંડોનું આંતરશક્તિ ઉત્પાદન કરવાનું પ્રથમ કાર્ય છે, તે બંધ કરાવી તેનો કેવળ પ્રજોત્પત્તિ અથવા ભોગને ખાતર વ્યય થાય તો શરીરનાં અવયવોમાં શક્તિ આવતી અટકશે, અને પરિણામે ધીમે ધીમે પણ અંતે તેનો નાશ થશે.'

આ બધી શારીરિક હકીકત ઉપર જ વિષયસંયમના નિયમોનો પાયો રચાયેલો છે. લેખક રસાયનિક અથવા યાંત્રિક સાધનો દ્વારા ગર્ભાધાનનિરોધની વિરુદ્ધ છે એ તો સહેજે કલ્પી શકાશે. તે કહે છે: "એ સાધનોને પરિણામે આત્મનિગ્રહ રાખવાનાં વ્યાવહારિક કારણો પણ દૂર થાય છે, અને

વિવાહિત જીવનમાં બુઢાપાની અશક્તિ આવે અથવા વિષયેચ્છા બંધ થાય ત્યાં સુધી વિષયતૃપ્તિ ચાલુ રખાય છે. વિવાહની બહાર પણ તેની દુષ્ટ અસર તો પહોંચ્યા વિના રહેતી નથી જ —એથી અનિયમિત અને નિરંકુશ, નિષ્ફળ વ્યભિચારોનું દ્વાર ઉઘડે છે—અને આવા વ્યભિચાર તો આધુનિક ઉદ્યોગ, સમાજશાસ્ત્ર, અને રાજકાજની દૃષ્ટિએ અતિશય ભયંકર છે. એટલું જ કહેવું બસ થશે કે ગર્ભાધાનનિરોધક ઉપાયો વિવાહિત દશામાં અતિશય સંભોગ અને બીજી દશામાં વ્યભિચાર સહેલો કરી મૂકે છે, અને મારી શારીરશાસ્ત્રની ઉપરની દલીલો સાચી હોય તો તેમાં વ્યષ્ટિ અને સમષ્ટિને પારાવાર હાનિ રહેલી છે.''

મૉ. બ્યુરો પોતાના પુસ્તકનો જે વાક્યથી ઉપસંહાર કરે છે તે દરેક યુવકે પોતાના હૃદયમાં કોતરી રાખવા જેવું છેઃ

**'ભાવી, સંયમી સત્પ્રતિષ્ઠ પ્રજાઓને જ હાથ છે.'**

# બ્રહ્મચર્ય

## એકાંતની વાત

બ્રહ્મચર્યના પાલનને વિષે સવાલ કે સલાહ પૂછનારા મારા ઉપર એટલા બધા કાગળો આવે છે, અને આ વિષયમાં હું એવા આગ્રહી વિચાર ધરાવું છું કે મને લાગે છે કે આપણા પ્રજાજીવનની હાલની અત્યંત કટાકટીની ઘડીએ મારા અનુભવોથી વાચકવર્ગને મારે અજ્ઞાત ન રાખવો ઘટે.

બ્રહ્મચર્ય એ સંસ્કૃત શબ્દ શાસ્ત્રોમાંથી આપણને મળેલો છે, અને તેનો મહિમા આપણે બ્રહ્મચર્યનો જે સામાન્ય અર્થ કરીએ તેથી અનેકગણો વધારે ગવાયેલો છે. બ્રહ્મચર્ય એટલે સર્વ ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ. જે પૂર્ણ બ્રહ્મચારી છે તેને માટે આ સંસારમાં કશું જ અસાધ્ય નથી. પણ આ આદર્શ સ્થિતિ હોઇ તેટલે સુધી પહોંચેલાં માણસો જવલ્લે જ જોવામાં આવે છે. એને ભૂમિતિમાંની સરળ સુરેખ રેષાની ઉપમા આપી શકાય, જે માત્ર કલ્પનામાં જ રહે છે; પ્રત્યક્ષ કદી નથી દોરી શકાતી. અને આમ છતાં એ એક મહત્ત્વની વ્યાખ્યા છે જે ભૂમિતિમાં ભારે ભાગ ભજવે છે. તે જ પ્રમાણે સંપૂર્ણ બ્રહ્મચારી ભલે કલ્પનામાં જ રહી

શકતો હોય, છતાં એને આપણે જો રાતદિવસ આપણી આંખ સામે ન રાખીએ તો આપણી સ્થિતિ સુકાન વગરના વહાણ જેવી થઇ પડે. એ કાલ્પનિક સ્થિતિને જેમ જેમ વધુ પહોંચવાનો પ્રયત્ન કરીશું તેમ તેમ આપણે સંપૂર્ણ થઇશું.

પણ આ વિશાળ અર્થને છોડી અત્યારે તો 'વીર્યરક્ષા'-ના અર્થમાં જ બ્રહ્મચર્યની વાત કરવા ઇચ્છું છું. હું માનું છું કે મન, વાણી અને કર્મથી સંપૂર્ણ સંયમ પાળ્યા વિના આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત ન જ થઇ શકે. અને જે પ્રજામાં આવાં સ્ત્રીપુરુષો નથી તેની અધોગતિ ચોક્સ છે.

પણ એ સિદ્ધાંતને પણ જવા દઇને અહીંઆં તો હું આપણા રાષ્ટ્રીય ઉત્થાનની આ ઘડીની સ્થિતિએ એક અલ્પ કાળના અનુષ્ઠાન તરીકે જ એની સર્વોપરિ અગત્ય પ્રજાને ઠસાવવા મથી રહ્યો છું. દેશમાં આજે રોગ, દુષ્કાળ, દારિદ્રય અને પ્રત્યક્ષ ભૂખમરો લાખો લોકોને ભરખી રહ્યાં છે. ગુલામીના ચક્રમાં આપણે એવા તો સૂક્ષ્મ રીતે દબાઇ રહ્યા છીએ કે આપણામાંના ઘણાને તો એની ઓળખ સરખી નથી રહી; ઉલટા આપણી અત્યારની આર્થિક, માનસિક અને નૈતિક અવનતિની સ્થિતિને તેઓ ઉન્નતિની સીડી માની રહ્યા છે! હિંદુસ્તાનને માથે લદાયેલાં રાક્ષસી લશ્કરી ખરચો, લૅંકેશાયરના અને બીજા બ્રિટિશ વેપારીઓના લાભની જ દૃષ્ટિ રાખીને ઇરાદાપૂર્વક બાંધવામાં આવેલું દેશનું આર્થિક ધોરણ, અને જુદાંજુદાં સરકારી ખાતાંઓ ચલાવવાની ઊડાઉ પદ્ધતિ — આ બધાથી હિંદુસ્તાન એટલું નીચોવાય છે કે રોગાદિ સામે બાથ ભીડવા તેનામાં જોઇતી તાકાત નથી રહી. ગોખલેજીના શબ્દોમાં હાલની રાજ્યપદ્ધતિએ

પ્રજાની પ્રગતિને એટલે દરજ્જે સોરી નાંખી છે કે આપણા-માંના ઊંચામાં ઊંચાને પણ નીચા નમવું પડે છે.

અમૃતસરમાં તો હિંદને પેટે ચલાવવામાં આવ્યું! ઇરાદાપૂર્વક કરવામાં આવેલું પંજાબનું પ્રજાઅપમાન અને હિંદી મુસલમાનોને આપવામાં આવેલાં વચનોનો બેશરમી અને ઉદ્ધતાઇભર્યો ભંગ એ પ્રજાના નૈતિક દારિદ્ર્યનાં તાજાં ઉદાહરણો છે. એ આપણા અંતરાત્મા પર જ કાપ મૂકે છે. આ બે જુલમોને મૂંગે મોઢે આપણે સાંખી લીધા કે પ્રજાને હતવીર્ય અને બાયલી કરી મૂકવાની ક્રિયા સંપૂર્ણ થઇ એમ સમજવું.

જેઓ આ બધું સમજે છે તેમને આવી અધોગતિના વાતાવરણની વચ્ચે આજે સંતાનની ઉત્પત્તિ કરવી એ શું લાજમ છે? જ્યાં સુધી આપણે લાચાર અને દીનહીન છીએ, રોગ અને દુષ્કાળથી ઘેરાયેલા છીએ, ત્યાં સુધી સંતાન ઉત્પન્ન કરીને આપણે દેશમાં કેવળ ગુલામો અને અલ્પપ્રાણ માઇકાંકલાઓની જ સંખ્યા વધારશું. જ્યાં સુધી હિંદ સ્વતંત્ર ન થાય, ભૂખમરાથી ઉગરી ન જાય, અને દુષ્કાળ, કૉલેરા, ઇન્ફ્લુએન્ઝા, ચેપી રોગો વગેરેથી બચવાનાં જ્ઞાન તથા સાધન ન સંઘરી લે, ત્યાં સુધી સંતાન પેદા કરવાનો આપણને અધિકાર નથી. જન્મસંખ્યાની યાદીઓ મારા વાંચવામાં આવે છે, ત્યારે મને જે દિલગીરી થાય છે તે હું વાચકવર્ગ આગળ છૂપાવી શકતો નથી. મરજિયાત સંયમ અખત્યાર કરીને પ્રજોત્પત્તિ મુલતવી રાખવાની પ્રજાને સલાહ આપવા બાબત મેં વરસોનાં વરસ સુધી ચિંતન કર્યું છે, અને હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે એવી

અત્યારે આજ પ્રજાને આપવામાં લેશમાત્ર નુકસાન નથી; ઊલટું એ જ અત્યારે ધર્મ છે. હિંદુસ્તાન અત્યારે તેવી હાલની પ્રજાનું પણ ઘટતું પાલનપોષણ કરવા પૂરતાં સાધનો વગરનું થઇ પડ્યું છે. અને એનું કારણ એ નથી કે એની પ્રજા વધી પડી છે; પણ એ છે કે હિંદુસ્તાન આજે વિદેશીઓની ઝૂંસરી તળે છે, અને એ વિદેશીઓના અંતરમાં એને દિવસે દિવસે વધુ અને વધુ ફોલી ખાવાની દાનત વિના બીજું કશું નથી.

આ પ્રજોત્પત્તિ રોકવી કેમ કરીને? યુરોપની હબે અનીતિના કે કૃત્રિમ ઉપાયો દ્વારા નહિ, પણ આપણા જીવનને કેળવીને અને સંયમ પાળીને. માબાપોએ છોકરાંઓને બ્રહ્મચર્ય-પાલનના પાઠ આપવા ઘટે. હિંદુશાસ્ત્રાનુસાર છોકરાને વહેલામાં વહેલો ૨૫ મે વર્ષે પરણાવી શકાય. જો હિંદુસ્તાનની માતાઓને સૂઝી જાય કે છોકરાંઓને છોકરાછોકરીઓની ઉમ્મરમાં પરણાવવાં એ મહાપાપ છે તો આપણાં અરધાં લગ્નો આપોઆપ જ બંધ થાય તેમ છે. વળી આપણે ત્યાંની છોકરીઓ હિંદુસ્તાન ઉષ્ણ દેશ હોવાથી વહેલી વયમાં આવે છે એ વહેમમાંથી પણ આપણે એકદમ ઉગરી જવું જોઇએ. આથી વધારે ખોટો બીજો કોઈ વહેમ મેં જોયો નથી. હું હિમ્મતથી કહું છું કે હવાપાણીને યુવાવસ્થાની જોડે કશી લેવાદેવા નથી. અકાળે જુવાની આવી જાય છે, તે આપણાં કુટુંબોમાં આજે જે માનસિક અને નૈતિક વાતાવરણ પ્રવર્તે છે તેને કારણે છે. માતાઓ અને ઘરનાં વડીલો નિર્દોષ છોકરાંઓના મન ઉપર બચપણથી જ અમુક વરસની ઉમ્મરે પહોંચતાં જ પરણવાની અગર સાસરે જવું પડવાની વાત

ફસાવવાને પોતાનો ધર્મ સમજે છે. બચપણથી જ — ક્યાંક ક્યાંક તો પારણામાંથી જ — એમનાં સગાઇ વેવિશાળ કરી દેવામાં આવે છે! એમને જે રીતે તૈયાર કરેલો ખોરાક ખવડાવવા પીવડાવવામાં આવે છે, જે રીતે એમને પહેરાવવા ઓઢાડવામાં આવે છે, એ બધું એમનામાં વિકારોને વહેલા જાગૃત કરવામાં મદદ કરનારું હોય છે. આપણી પોતાની લહાવા લેવાની બળતરા તૃપ્ત કરવા અગર આપણા મિથ્યાભિમાનને સંતોષવાની ખાતર આપણે છોકરાંઓને પૂતળાપૂતળીઓને જેમ શણગારીએ છીએ. મેં સંખ્યાબંધ છોકરાંને ઉછેર્યાં છે અને જોયું છે કે છોકરાં તો તેમને ગમે તે જાતનાં કપડાંલત્તાં આપો તોપણ વગરહરકતે લઇ શકે છે અને પહેરીને રાજી થાય છે. આપણે એમને ખોરાકમાં અનેક જાતના મસાલા અને વસાણાવાળી ગરમ ચીજો ખવડાવીએ છીએ. તે પચાવવાની એમની શક્તિ તરફ આંધળા રહીએ છીએ. આનું સ્વાભાવિક પરિણામ એક જ આવી શકે. અકાળ યૌવન, અકાળ સંતતિ, અકાળ મૃત્યુ. માબાપના વર્તનનો વસ્તુપાઠ શીખવામાં છોકરાં વાર લગાડતાં નથી. તેમનો સ્વચ્છંદ છોકરાંઓને પૂરેપૂરાં નિરંકુશ બનવાને દાખલાની ગરજ સારે છે. અકાળે થતા દરેક સંતાનજન્મની વેળાએ કુટુંબમાં વધામણીઓ ખવાય છે, સાકરો વહેંચાય છે, અને ખુશાલી ફેલાય છે! આવા વાતાવરણ વચ્ચે આપણામાંનો આજનો સ્વચ્છંદ પણ ઓછો જ છે એમ કોઇ કહે તો ખોટું નથી.

આપણને દેશના હિતની જોડે કશી નિસ્બત હોય, હિંદુસ્તાન મજબૂત બાંધાનાં સુંદર અને કદાવર સ્ત્રીપુરુષોની

પ્રજા બને એવી આપણી ઇચ્છા હોય, તો આપણે આજ સંપૂર્ણ સંયમ અખત્યાર કરી હાલ તુરતને માટે પ્રજોત્પત્તિ કરવી તદ્દન બંધ કરી દેવી જ જોઇએ એ વિષે મને લેશ શંકા નથી. આ સલાહ હું નવાં પરણેલાં જોડાંઓને પણ આપું છું. એકાદ કામમાં ન જ પડવું એ તેમાં પડીને અટકવા કરતાં વધુ સહેલું છે. મદ્યમાંસમાં આજ સુધીની જિંદગી ગાળનારને સારૂ એ વસ્તુઓનો ત્યાગ જેટલો કઠણ છે તેટલો જેણે એનું સેવન કર્યું જ નથી એવાને માટે નથી. પડીને ઉભા થવું એના કરતાં ઉભા જ રહેવું એ અનંતગણું વધુ સહેલું છે. જેની વાસનાઓ તૃપ્ત થઇ ચૂકી છે એને જ સંયમનો ઉપદેશ કરવો ઘટે એ દલીલ ભૂલભરેલી છે. તેવી જ રીતે જે શરીરે જ દુર્બળ અને તવાઇ ગયેલો છે તેને પણ સંયમનો ઉપદેશ કરવામાં કશો અર્થ નથી. મારો તો આગ્રહ જ એ છે કે આપણે જુવાન હોઇએ કે વૃદ્ધ, તૃપ્ત હોઇએ કે અતૃપ્ત, ગમે તે ભૂમિકા ઉપર હોઇએ, તોપણ આપણી ગુલામીને વારસ પેદા કરતાં આજે આપણે એકદમ અટકી જવું જોઇએ

બીજો એક મુદ્દો માબાપોને અહીં જ કહી લઉં. મિલ્કત અને ભોગવટો ને વારસો ને વંશ ને એ બધી ભ્રમણાઓની જાળમાં પ્રભુની ખાતર અત્યારે ફસાતા ના. પાપ કરતાં, સ્વચ્છંદમાં પડતાં પહેલાં મુહૂર્ત જોવાં, જોશ જોવડાવવા, ઢીલ કરવી, અને અંતે ઉગરી જવું. પણ સંયમનો નિશ્ચય કરવામાં, તેનું પાલન શરૂ કરી દેવામાં, કોઇની ઘડી રાહ જોવી નહિ. આ સત્સિદ્ધાંત છે.

પ્રજા જે વખતે એક જબરદસ્ત સરકાર જોડે જીવલેણ લડતમાં ઉતરી છે તે વેળાએ તેની સામે મૂકવા આપણે

આપણું શારીરિક, ભૌતિક, નૈતિક, આધ્યાત્મિક બધું જ બળ એકત્રિત કર્યે છૂટકો છે.

ઇષ્ટસિદ્ધિની ખાતર, જેને આપણે અત્યારે સૌથી વધુ કિંમતી ગણી તે સાધ્ય વસ્તુ મેળવવાની ખાતર, બીજી બધી વસ્તુઓને હોમી દીધા સિવાય ચાલવાનું નથી. આપણા ખાનગી જીવનને આમ શુદ્ધ કરી નિષ્પાપ અને પવિત્ર બનાવ્યા વિના ગુલામગીરી કોઇ કાળે આપણા કપાળમાંથી ભૂંસાવાની નથી. આજની સરકારને આપણે પાપી ગણીએ છીએ તેટલા ઉપરથી ખાનગી સદ્‌ગુણની બરાબરીમાં અંગ્રેજોને આપણા પ્રતિસ્પર્ધી માનવાનું જો આપણે છોડી દઇશું, એમને તિરસ્કારીશું, તો ભારેમાં ભારે ભૂલ કરીશું. સ્વભાવસિદ્ધ સદ્‌ગુણોનો કશોયે ધાર્મિક આડમ્બર કર્યા વગર તેઓ બીજા નહિ તો શારીરિક ગુણો તો મોટા પ્રમાણમાં પાળે છે જ. આ દેશના રાજકાજમાં ગુંથાયેલા અંગ્રેજોમાં બ્રહ્મચર્ય પાળનારાં સ્ત્રીપુરુષોની સંખ્યા આપણા કરતાં વધારે છે. આપણામાં થોડીક જૈન સાધ્વીઓ કે જોગણો છે; તેમની કશી જ અસર આપણા રાજદ્વારી જીવન પર નથી. આ સિવાયની બ્રહ્મચારિણીઓ તો આપણામાં છે જ નહિ કહીએ તો ચાલે; જ્યારે યુરોપમાં હજારો સ્ત્રીઓ આ સદ્‌ગુણ એક સામાન્ય વસ્તુ તરીકે પાળતી મળી આવશે.

છેવટે થોડાક સાદા નિયમો વાચકોને માટે અહીંઆં આપીશ. આ નિયમો મારા એકલાના જ નહિ પણ મારા અનેક સોબતીઓના જાતિઅનુભવ ઉપર બંધાયેલા છે:

૧. છોકરા તેમજ છોકરીઓને સાદી અને કુદરતી રીતે તેઓ જીવનભર નિર્મળ રહેવાનાં છે એવી જ માન્યતામાં ઉછેરવાં.

૨. સૌ કોઇએ મસાલા, મરચાં અને ગરમ વસાણુંનો ત્યાગ કરવો. ચરબીવાળા અને ભારે ખોરાક, ભારે મિષ્ટાન્ન, મીઠાઇ અને તળેલા પદાર્થો ખાવા છોડી દેવા.

૩. પતિપત્નીએ જુદાજુદા ઓરડામાં સૂવું અને એકાંત ટાળવી.

૪. શરીર અને મન બન્નેને સતત અને સારા કાર્યમાં રોકેલાં રાખવાં.

૫. 'રાતે વહેલા જે સૂઈ વહેલા ઊઠે વીર' એ નિયમનું કડક રીતે પાલન કરવું.

૬. કોઇ પણ જાતનું બીભત્સ અને હલકું સાહિત્ય ન વાંચવું. મલિન વિચારોનું ઓસડ નિર્મળ વિચારો છે.

૭. નાટકો, સિનેમાઓ અને એવા મનોવિકારોને જાગૃત કરનારા તમાશાઓ જોવાં નહિ.

૮. સ્વપ્નાવસ્થા થાય તો તેથી ગભરાઇ ન જવું. તે તે વેળાએ તંદુરસ્ત માણસે ઠંડા પાણીથી નહાઇ લેવું એ સૌથી સુંદરમાં સુંદર ઇલાજ છે. પ્રસંગોપાત્ત સ્ત્રીસંગ એ સ્વપ્નાવસ્થાની સ્થિતિ સામે ઉપાય છે એ માન્યતા ખોટી છે.

૯. સૌથી મહત્ત્વનું એ છે કે કોઇ પણ વ્યક્તિએ — પતિપત્ની વચ્ચે સુદ્ધાં — સંયમ અત્યન્ત અઘરો છે એમ માનવું નહિ. ઉલટું સૌ કોઇએ સંયમને જીવનની સામાન્ય અને સ્વાભાવિક સ્થિતિ તરીકે માનીને ચાલવું જોઇએ.

૧૦. રોજ ઊઠીને પવિત્રતા અને નિર્મળતાને માટે એકાગ્ર મનથી પ્રભુપ્રાર્થના કરવી. એથી આપણે દિનપ્રતિદિન નિર્મળ અને પવિત્ર બનતા જઇશું.

# બ્રહ્મચર્ય

આ વિષય ઉપર લખવું સહેલું નથી. પણ મારો પોતાનો અનુભવ એટલો વિશાળ છે કે તેમાંનાં થોડાં બિંદુ વાંચનારને આપવાની ઇચ્છા રહ્યાં કરે છે. મારી પાસે આવેલા કેટલાક પત્રોએ તે ઇચ્છામાં વધારો કર્યો છે.

એક ભાઇ પૂછે છે: બ્રહ્મચર્ય એટલે શું? તેનું સંપૂર્ણ પાલન શું શક્ય છે? જો શક્ય હોય તો તમે તેવું પાલન કરો છો?

બ્રહ્મચર્યનો પૂરો ને બરોબર અર્થ બ્રહ્મની શોધ. બ્રહ્મ સૌમાં વસે છે એટલે તે શોધ અંતર્ધ્યાન ને તેથી નીપજતા અંતર્જ્ઞાનથી થાય. એ અંતર્જ્ઞાન ઇંદ્રિયોના સંપૂર્ણ સંયમ વિના અશક્ય છે. તેથી સર્વ ઇંદ્રિયોનો મનથી, વાચાથી ને કાયાથી, સર્વક્ષેત્રે, સર્વકાળે સંયમ તે બ્રહ્મચર્ય.

આવા બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરનાર સ્ત્રી કે પુરુષ કેવળ નિર્વિકારી હોય. તેથી એવાં સ્ત્રીપુરુષો ઇશ્વરની સમીપ વસે છે; તે ઇશ્વર જેવાં છે.

આવા બ્રહ્મચર્યનું મન, વાચા ને કાયાથી અખંડિત પાલન શક્ય છે એ વિષે મને શંકા નથી. મને કહેતાં

દિલગીરી થાય છે કે એવી સંપૂર્ણ બ્રહ્મચર્યની દશાને હું પહોંચ્યો નથી. પહોંચવાનો મારો પ્રયત્ન પ્રતિક્ષણ ચાલ્યાં જ કરે છે. આ જ દેહે એ સ્થિતિને પહોંચવાની આશા મેં છોડી નથી. કાયા ઉપર મેં કાબુ મેળવ્યો છે. જાગૃત અવસ્થામાં હું સાવધાન રહી શકું છું. વાચાનો સંયમ ઠીક પાળતાં શીખ્યો છું. વિચાર ઉપર મારે હજુ બહુ કાબુ મેળવવાનો બાકી છે. જે વખતે જેના વિચાર કરવા હોય તે વખતે તે જ વિચાર આવવાને બદલે બીજા પણ આવે. તેથી વિચારો વચ્ચે દ્વંદ્વ ચાલ્યાં જ કરે.

છતાં જાગૃત અવસ્થામાં હું વિચારોને એકબીજા સાથે અથડાતા રોકી શકું છું. મેલા વિચારો તો ન જ આવે એવી સ્થિતિ ગણી શકાય. પણ નિદ્રાવસ્થામાં વિચાર ઉપર મારો કાબુ ઓછો છે. નિદ્રામાં અનેક પ્રકારના વિચારો આવે, ન ધારેલાં સ્વપ્નાં પણ આવે, કોઇ વેળા આ જ દેહે કરેલી વસ્તુઓની વાસના પણ જાગે. તે વિચાર જ્યારે મેલા હોય ત્યારે સ્વપ્નદોષ પણ થાય. આ સ્થિતિ વિકારી જીવનને જ હોઇ શકે.

મારા વિચારના વિકારો ક્ષીણ થતા જાય છે પણ નાશ નથી પામ્યા. જો હું વિચારો ઉપર સામ્રાજ્ય મેળવી શક્યો હોત તો છેલ્લાં દસ વરસો દરમ્યાન જે ત્રણ દરદો — પાંસળાંનો વરમ, મરડો ને 'એપેન્ડિક્સ'નો વરમ મને થયાં તે ન જ થાત. હું માનું છું કે નીરોગી આત્માનું શરીર પણ નીરોગી હોય. એટલે જેમ જેમ આત્મા નીરોગી — નિર્વિકારી — થતો જાય તેમ તેમ શરીર પણ નીરોગી થતું જાય. આનો અર્થ એવો નથી કે નીરોગી શરીર એટલે બળવાન શરીર. બળવાન

આત્મા ક્ષીણ શરીરમાં જ વસે છે. જેમ આત્મબળ વધે તેમ શરીરક્ષીણતા વધે. સંપૂર્ણ રીતે નીરોગી શરીર ઘણું ક્ષીણ હોઇ શકે. બળવાન શરીરમાં ઘણેભાગે રોગ તો હોય જ. રોગ ન હોય તોપણ તે શરીર ચેપો વગેરેનો ભોગ તુરત થાય, જ્યારે સંપૂર્ણ રીતે નીરોગી શરીરને ચેપ લાગી જ ન શકે. શુદ્ધ લોહીમાં એવાં જંતુઓને દૂર રાખવાનો ગુણ હોય છે.

આવી અદ્‌ભુત દશા દુર્લભ તો છે જ. નહિ તો હું તેને પહોંચી વળ્યો હોત. કેમકે મારો આત્મા સાક્ષી પૂરે છે કે એ સ્થિતિ મેળવવાને સારૂ જે કાંઇ ઉપાયો લેવા જોઇએ તે લેવામાં હું પાછળ રહું એમ નથી. એવી એક પણ બાહ્ય વસ્તુ મને તેનાથી દૂર રાખવા સમર્થ નથી. પણ પૂર્વના સંસ્કાર ધોવા એ કંઇ સૌને સહેલું નથી હોતું. આમ વિલંબ થાય છે છતાં હું મુદ્દલ હાર્યો નથી. કેમકે નિર્વિકારી દશાની કલ્પના હું કરી શકું છું, તે ઝાંખી ઝાંખી જોઇ પણ શકું છું. ને જેટલી પ્રગતિ મેં કરી છે તે મને નિરાશ કરવાને બદલે આશાવાન બનાવે છે. છતાં મારી આશા ફળીભૂત થયા વિના દેહ પડે તોયે હું મને નિષ્ફળ થયો ન માનું. જેટલો વિશ્વાસ મને આ દેહની હસ્તી વિષે છે તેટલો જ મને પુનર્જન્મને વિષે છે. તેથી હું જાણું છું કે અલ્પ પ્રયત્ન પણ ફોકટ નથી જતો.

આટલું આત્માનુભવનું વર્ણન કરવાનું કારણ એટલું જ કે જેઓએ મને કાગળ લખ્યા છે તેઓને અને તેમના જેવા બીજાઓને ધીરજ રહે ને આત્મવિશ્વાસ આવે. બધાનો આત્મા એક જ છે. બધાના આત્માની શક્તિ સરખી છે.

માત્ર કેટલાકની શક્તિ પ્રગટ થઇ છે, બીજાની પ્રગટ થવાની બાકી છે. પ્રયત્ને તેને પણ તે જ અનુભવ મળે જ.

આટલે લગી મેં વિશાળ અર્થવાળા બ્રહ્મચર્યની વાત કરી. બ્રહ્મચર્યનો લૌકિક અથવા પ્રચલિત અર્થ તો એટલો જ માનવામાં આવે છે કે વિષયેન્દ્રિયનો મનવચનકાયાથી સંયમ. એ અર્થ વાસ્તવિક છે. કેમકે તેનું પાલન કરવું ઘણું મુશ્કેલ મનાયું છે. સ્વાદેન્દ્રિયસંયમ ઉપર એટલો જ ભાર નથી મૂકાયો, તેથી વિષયેન્દ્રિયસંયમ વધારે મુશ્કેલ બન્યો છે; લગભગ અશક્ય જેવો થઇ ગયો છે. વળી રોગથી અશક્ત થઇ ગયેલા શરીરમાં હમેશાં વિષયવાસના વધારે રહે છે એવો વૈદ્યોનો અનુભવ છે, તેથી પણ આ રોગગ્રસ્ત પ્રજાને બ્રહ્મચર્ય કઠિન લાગે છે.

હું ઉપર ક્ષીણ પણ નીરોગી શરીર વિષે લખી ગયો છું તેનો એવો અર્થ કોઇ ન કાઢે કે શરીરબળ કોઇએ કેળવવું જ નહિ. મેં તો સૂક્ષ્મતમ બ્રહ્મચર્યની વાત મારી અતિ પ્રાકૃત ભાષામાં લખી છે. તેથી કદાચ ગેરસમજ થાય. જેને સર્વેન્દ્રિયનો સંપૂર્ણ સંયમ પાળવો છે તેણે છેવટે શરીરક્ષીણતાને વધાવ્યે જ છૂટકો છે. જ્યારે શરીર ઉપર મોહ અને મમતા ક્ષીણ થાય, ત્યારે શરીરબળની ઇચ્છા જ ન રહે.

પણ વિષયેન્દ્રિયને જીતનાર બ્રહ્મચારીનું શરીર અતિ તેજસ્વી ને બળવાન હોવું જ ઘટે છે. આ બ્રહ્મચર્ય પણ અલૌકિક છે. જેની વિષયેન્દ્રિય સ્વપ્નમાંયે કદી વિકાર ન જ પામે તે જગદ્વંદનીય છે. તેને સારૂ બીજો સંયમ સહજ વસ્તુ છે એમાં શક નથી.

આ બ્રહ્મચર્યને અવલંબીને એક બીજા બાઇ લખે છેઃ 'મારી સ્થિતિ દયાજનક છે. ઑફિસમાં, રસ્તામાં, રાત્રે, વાંચતાં, કામ કરતાં, ઇશ્વરનું નામ લેતાં પણ તે જ વિચારો આવે છે. મનના વિચારોને કેવી રીતે કાબુમાં રાખવા? સ્ત્રીમાત્ર વરપ્ર માતૃભાવ કેમ પેદા થાય? આંખમાંથી શુદ્ધ વાત્સલ્યનાં જ કિરણો કેમ નીકળે? દુષ્ટ વિચારો કેમ નાબૂદ થાય? બ્રહ્મચર્ય વિષેનો તમારો લેખ મારી પાસે રાખી મૂક્યો છે, પણ આ જગ્યાએ તે બિલકુલ ઉપયોગી નથી થતો.'

આ સ્થિતિ હૃદયદ્રાવક છે. ઘણાઓની એ સ્થિતિ થાય છે. પણ જ્યાં સુધી મન તેવા વિચારોની સાથે લડ્યાં કરે ત્યાં સુધી ભય રાખવાનું કારણ નથી. આંખ દોષ કરતી હોય ત્યારે તેને બંધ કરવી જોઇએ. કાન દોષ કરે ત્યારે તેમાં પૂમડાં ભરવાં જોઇએ. આંખને હમેશાં નીચી રાખીને જ ચાલવાની રીત સારી છે. તેથી તેને બીજે જોવાનો અવકાશ જ નથી રહેતો. જ્યાં મેલી વાતો થતી હોય અથવા મેલું સંગીત ચાલતું હોય ત્યાંથી નાસી જવું જોઇએ. સ્વાદેન્દ્રિય ઉપર ખૂબ કાબુ મેળવવો જોઇએ.

મારો અનુભવ તો એવો છે કે જેણે સ્વાદને જીત્યો નથી તે વિષયને જીતી શકતો નથી. સ્વાદને જીતવો બહુ કઠિન છે. પણ એ વિજયની સાથે જ બીજો વિજય સંભવે છે. સ્વાદ જીતવાને સારૂ એક તો એ નિયમ છે કે મસાલાઓનો સર્વથા અથવા બને તેટલો ત્યાગ કરવો. અને બીજો વધારે જોરાવર નિયમ એ છે કે માત્ર શરીરપોષણને સારૂ જ આપણે ખાઇએ છીએ, પણ સ્વાદને સારૂ કદી નહિ ખાઇએ

એવી ભાવના હમેશાં પોષવી. આપણે હવા સ્વાદ સારૂ નથી લેતા પણ શ્વાસ સારૂ. પાણી તરશ મટાડવા તેમજ અન્ન કેવળ ભૂખ મટાડવા લેવાય. બચપણથી જ આપણને માબાપ એથી ઉલટી ટેવ પાડે છે. આપણા પોષણને સારૂ નહિ પણ પોતાનું વહાલ બતાવવા આપણને અનેક જાતના સ્વાદ શીખવી આપણને બગાડે છે. આવા વાતાવરણની સામે આપણે થવાનું રહ્યું છે.

પણ વિષય જીતવાનો સુવર્ણનિયમ તો રામનામ અથવા એવો કોઇ મંત્ર છે. દ્વાદશમંત્ર પણ એ જ અર્થ સારે છે. જેની જેવી ભાવના તે પ્રમાણે તે મંત્ર જપે. મને બચપણથી રામનામ શીખવવામાં આવેલ હોવાથી ને એનો આધાર મને મળ્યા જ કરે છે તેથી તે મેં સૂચવ્યો છે. જે મંત્ર લઇએ તેમાં આપણે તલ્લીન થવું જોઇએ. ભલે મંત્ર જપતાં બીજા વિચારો આવ્યાં કરે, તે છતાં શ્રદ્ધા રાખી જે મંત્રનો જપ જપ્યાં જ કરશે તે અંતે વિજય મેળવશે એમાં મને લેશ પણ શંકા નથી. એ મંત્ર તેની જીવનદોરી થશે અને બધાં સંકટોમાંથી તેને બચાવશે. એવા પવિત્ર મંત્રોનો ઉપયોગ કોઇએ આર્થિક લાભને સારૂ ન જ કરવો જોઇએ. એ મંત્રોનો ચમત્કાર આપણી નીતિને સુરક્ષિત કરવામાં રહેલો છે, અને એ અનુભવ દરેક પ્રયત્નવાનને થોડી જ મુદતમાં મળી રહેશે. હા, એટલું યાદ રાખવું જોઇએ કે એ મંત્ર પોપટની માફક ન પઢાય. તેમાં આત્મા પરોવવો જોઇએ. પોપટ યંત્રની જેમ એવા મંત્ર પઢે છે, આપણે તેને જ્ઞાનપૂર્વક પઢીએ: ન જોઇતા વિચારોનું નિવારણ કરવાની ભાવના ધરીને, અને તેમ કરવાની મંત્રની શક્તિમાં વિશ્વાસ રાખીને.

# જનનમર્યાદા

ઘણા જ સંકોચ અને કંઇક અંશે મરજી વિરુદ્ધ હું આ વિષય ઉપર લખવા બેઠો છું. પ્રજોત્પત્તિના ઉપર અંકુશ નાંખવા માટે કૃત્રિમ સાધનોના ઉપયોગને વિષે હું આફ્રિકાથી હિંદુસ્તાન આવ્યો ત્યારથી ઘણી વાર ખાનગી પત્રોમાં મારો મત પૂછાયો છે. દરેક વાર એવા પ્રશ્નોનો મેં ખાનગી પત્રોમાં ખાનગી રીતે ઉત્તર આપ્યો હોવા છતાં કદી આ વિષયની મેં જાહેર ચર્ચા નથી કરી. વિલાયતમાં હું વિદ્યાર્થી હતો ત્યારે આ પ્રશ્ન તરફ મારૂં ધ્યાન પહેલી વાર ખેંચાયેલું. તેને આજે ૩૫ વર્ષ થયાં. એ વેળા કુદરતી ઉપાય સિવાય બીજા એકે ઉપાયને સાંખી નહિ શકનાર એક સંયમવાદી અને કૃત્રિમ સાધનોની હિમાયત કરનાર એક દાક્તર વચ્ચે સખ્ત વાદવિવાદ ચાલી રહ્યો હતો. થોડોક વખત કૃત્રિમ ઉપાયો તરફ મારા ચિત્તનો પક્ષપાત થયો હતો. પણ જુવાની-ના તે કાળમાં જ કૃત્રિમ ઉપાયો સામે મારો મત નિશ્ચયપૂર્વક બંધાયો, અને હું તેનો સખત વિરોધી બન્યો. હવે હું જોઉં છું કે કેટલાંક હિંદી છાપાંઓમાં સભ્યતાની ભાવનાને સખત

આઘાત પહોંચાડે અને ધૃણા ઉપજાવે એવી ખુલ્લી રીતે તે સાધનોના ઉપયોગવિધિની ચર્ચા થયેલી છે. એટલું જ નહિ પણ એક લખનાર તો કૃત્રિમ સાધનોના હિમાયતીઓમાં મારૂં નામ ટાંકતાં પણ નથી અચકાયો. મને એવો એકે પ્રસંગ યાદ નથી આવી શકતો કે જ્યારે મેં તેના પક્ષમાં કંઇ પણ લખ્યું હોય અથવા કહ્યું હોય. બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં નામોનો ઉપયોગ કૃત્રિમ સાધનોના સમર્થનમાં થયો છે એ પણ મેં જોયું. પણ તેમને પૂછ્યા વિના તેમનાં નામો હું પ્રગટ ન કરૂં.

સંતાનવૃદ્ધિને મર્યાદામાં મૂકવાની જરૂર એ બાબતમાં તો બે અભિપ્રાય હોઇ જ ન શકે. પણ તેનો એકમાત્ર માર્ગ જમાનાઓ થયાં આપણને વારસામાં અપાયેલો સંયમ — બ્રહ્મચર્ય — છે. એ એક રામબાણ ઉપાય છે. અને તેના પાલન કરનારનું તે કલ્યાણ કરે છે. દાક્તરી વિદ્યાવાળા જનનમર્યાદા માટે કૃત્રિમ સાધનોની શોધો કરવાને બદલે જો બ્રહ્મચર્યના પાલનના ઉપાયો યોજશો તો મનુષ્યજાતિનો સદાને માટે આશીર્વાદ મેળવશે. સ્ત્રીપુરુષસંયોગનો હેતુ વિષયસુખ નહિ પણ પ્રજોત્પત્તિ છે. અને જ્યાં પ્રજોત્પત્તિની ઇચ્છાનો અભાવ હોય ત્યાં સંયોગ ગુન્હો છે.

કૃત્રિમ સાધનો એ દુરાચારને ઉત્તેજન આપવા જેવું છે. પુરુષને તેમજ સ્ત્રીને તે આંધળાંભીંત કરી મૂકે છે. અને આ ઉપાયોને જે પ્રતિષ્ઠા અપાઇ રહી છે તેથી સામાજિક માન્યતાઓનો જે કંઇ દાબ માણસ ઉપર રહે છે તેને પણ ઊડતાં વાર નથી લાગવાની. કૃત્રિમ સાધનોના પ્રયોગથી નપુંસકતા અને નિર્વીર્યતા જ ઉપજે. રોગ કરતાં ઇલાજ જ

વધુ ઘાતક નીવડવાનો. પોતાના કર્મના ફળમાંથી બચી જવાની કોશીશ કરવી એ ખોટું છે, અનીતિમય છે. જે અકરાંતિયો થઈ વધુ ખાઈ લે તેને પેટમાં ચૂંક આવે અને પછી ઉપવાસ કરવો પડે એ જ સારૂં છે. સ્વાદેંદ્રિયને છૂટી મૂકી દઈ ભૂખ ઉપરાંત ઠાંસીને ખાઈ લીધા પછી તેના કુદરતી પરિણામમાંથી બચવા ખાતર પાચક ઓસડો લેવાં એ ખોટું છે. પણ માણસ પોતાની પાશવિક ભોગવૃત્તિને સંતોષીને તેના પરિણામમાંથી બચી જાય એ તેથીયે જુદું છે. કુદરત કોઈની દયા નથી ખાતી, અને પોતાના નિયમોના ઉલ્લંઘનનું પૂરેપૂરૂં ભાડું લે છે. સાત્ત્વિક અને શુભ પરિણામ તો વાસનાઓના નિગ્રહથી જ મેળવી શકાય. બીજા બધા ઉપાયોનાં પરિણામો વિષમ જ આવે. કૃત્રિમ પદ્ધતિઓની હિમાયતની પાછળ રહેલી દલીલ એ છે કે વિષયભોગ એ મનુષ્યજીવનને આવશ્યક છે. આ મોટામાં મોટો ભ્રમ છે. પ્રજોત્પત્તિને જેઓ નિયમબદ્ધ કરવા ઇચ્છતા હોય, તેઓ પ્રાચીનોએ યોજેલા શુદ્ધ અને વિહિત ઉપાયોનો પુનરુદ્ધાર કરવાના રસ્તાઓ શોધે એ જ યોગ્ય છે.

તેને માટે પ્રારંભિક કાર્ય તેમની સામે કેટલુંયે કરવાનું પડ્યું છે. બાલવિવાહ જનસંખ્યામાં વધારો થવાનું મોટું કારણ છે. આધુનિક રહેણીને પણ અમર્યાદિત પ્રજોત્પત્તિ સાથે ઘણો જ સંબંધ છે. આ અને આવાં બીજાં કારણોની જો બરાબર તપાસ થાય અને તેના યોગ્ય ઇલાજો લેવામાં આવે તો સમાજની નૈતિક ઉન્નતિ જ પરિણમે. પણ જો અધીરા, ઉત્સાહઘેલા લોકો તે તરફ દુર્લક્ષ કરે, અને કૃત્રિમ સાધનોનો પ્રયોગ સામાન્ય થઈ પડે તો તેનું પરિણામ નૈતિક અધોગતિ

થાય. વિધવિધ કારણોથી આપણો સમાજ નિઃસત્ત્વ બની ગયો જ છે, તેમાં વળી આ કૃત્રિમ સાધનોનો આશ્રય લેવાય એટલે તે સાવ નિઃસત્ત્વ થઇ જવાનો. જે લોકો આજે વગર વિચારે કૃત્રિમ સાધનોના ઉપયોગની સલાહ આપી રહ્યા છે તેમને માટે સારામાં સારો રસ્તો એ છે કે તેઓ આ વિષયનો ફરી વાર અભ્યાસ કરી પોતાની હાનિકારક પ્રવૃત્તિને રોકી વિવાહિત તેમજ અવિવાહિત બન્નેની આગળ બ્રહ્મચર્ય ધરે. જનનમર્યાદાનો આર્યવિધિ આ જ છે.

# સંયમ કે સ્વચ્છંદ ?

ધાર્યા પ્રમાણે જનનમર્યાદા વિષેના મારા લેખને લીધે કૃત્રિમ રીતિઓનો પક્ષ કરનારા લોકોએ ઉત્સાહપૂર્વક મારી સાથે પત્રવ્યવહાર માંડયો છે. નમૂના દાખલ હું ત્રણ કાગળો આપું છું. ચોથા કાગળમાં મુખ્યત્વે ધર્મચર્ચા છે, એટલે તે છોડી દઉં છું. ત્રણમાંથી એક આ:

"જનનમર્યાદા વિષેના આપના લેખે મને ફરીથી વિચારોમાં નાંખ્યો છે. તે બાબતમાં આપ મને વધુ પ્રકાશ આપો એમ હું માગી લઉં છું. હું માનું છું કે બ્રહ્મચર્ય જ સહુથી સારો અને ઉત્તમ ઉપાય છે. પણ અહીં સવાલ શું આત્મસંયમ કરતાં સંતાનમર્યાદાનો વધુ નથી? અને તેમ હોય તો આત્મસંયમ એ સંતાનમર્યાદાનો સુલભ માર્ગ છે? દરેક યુગમાં કેટલીક મહાન વ્યક્તિઓ હોય જ છે કે જે આત્મસંયમનો ઉત્તમ પદાર્થપાઠ લોકો આગળ મૂકી જાય છે. પણ તેઓ તો સંન્યાસી રહ્યા. તે સંતાનમર્યાદાના પ્રશ્નમાં તો સમજતા પણ ન હોય. તેમનું બ્રહ્મચર્ય બ્રહ્મચર્યને ખાતર જ હોય છે. આથી અસંખ્ય લોકોને ગંભીર મહત્ત્વનો એવો સામાજિક, આર્થિક તેમજ રાજનૈતિક સવાલ શી રીતે ઉકલી શકે? દરેક

ગૃહસ્થે એ સવાલનો તોડ કરવો રહ્યો. આપણે કેટલાં બાળકોના શિક્ષણની તથા તેમની બીજી શારીરિક તથા નૈતિક સંભાળની જવાબદારી લેવાને શક્તિમાન છીએ એ પ્રશ્ન આજે મોં ફાડીને ઉભો જ છે. આપ તો મનુષ્યસ્વભાવ જાણો છો. સંતાનની આવશ્યકતા મટયા પછી ઘણાખરા લોકો વિષયવાસનાનું સફળતાપૂર્વક દમન કરી શકશે ખરા ? વિષયસેવનને આપ ગમે તેટલું નિયંત્રિત કરો તોપણ લોકસંખ્યાના પ્રશ્નનો ઉકેલ તો નહિ જ થઇ શકે.

"હું કબૂલ કરૂં છું કે સંયોગનો હેતુ સુખ નહિ પણ પ્રજોત્પત્તિ છે. પણ આપે કબૂલ કરી લેવું પડશે કે સુખોપભોગ એ જ તેનું પ્રધાન પ્રેરક કારણ છે. એવા કેટલા હશે કે જેઓનો પ્રધાન હેતુ સુખોપભોગ હોય અને પ્રજોત્પત્તિ તેનું પરિણામમાત્ર હોય ? અને એવા કેટલા હશે કે જેમનો પ્રધાન હેતુ પ્રજોત્પત્તિ હોય અને સાથે સાથે સુખ પણ અનુભવે ? આપ કહો છો કે 'પ્રજોત્પત્તિની ઇચ્છાનો જ્યાં અભાવ હોય ત્યાં સંયોગ એ ગુન્હો છે.' આપના જેવા સંન્યાસીને તેમ કહેવું શોભે છે. પણ આપે કહ્યું છે કે જે માણસ પોતાની જરૂરિયાતથી વધુ પરિગ્રહ કરે છે તે ચોર છે ! છતાં આપ 'ચોર'ને સાંખી લો છો. તો પ્રજોત્પત્તિની ઇચ્છા અલોપ થયા પછી પણ કામવાસના તૃપ્ત કરનારા 'ગુન્હેગાર' મનુષ્ય પ્રાણીઓને પણ કાં ન સાંખો ?

"આપ કહો છો કે કૃત્રિમ રીતિઓથી સ્ત્રીઓ તેમજ પુરુષો આંધળાંભીંત બને છે. પણ શું 'સામાજિક માન્યતાઓનો દાબ' કદી વિષયોપભોગના અતિરેકને ઘટાડી શક્યો છે ખરો ? સમાજની એ માન્યતાઓની સાથે બીજી ભયંકર માન્યતાઓને પણ આપણે ન વિસરીએ. જેમ કુટુંબ મોટું તેમ માણસ ભાગ્યશાળી અને પ્રતાપી એવા વહેમો આપણામાં ક્યાં નથી ? 'વળી કૃત્રિમ સાધનોથી નપુંસકતા અને નિર્વીર્યતા જ ઉપજે' એને માટે પાકા પૂરાવા શું છે ? હું માનું છું કે હજી પણ મનુષ્યની બુદ્ધિ આ બાબતમાં પણ કોઇ તદ્દન નિર્દોષ રીતિની શોધ કરવા અસમર્થ નથી.

"આપ કહો છો કે પોતાના કૃત્યનાં પરિણામોથી બચવાની ઇચ્છા કરવામાં અનીતિ રહેલી છે. પણ કૃત્રિમ સાધનોનું કશું જ્ઞાન નહિ ધરાવનારાં કેટલાં સ્ત્રીપુરુષો પોતાનાં કૃત્યોનાં પરિણામોથી બચવા ઊંટવૈદોનો ને બીજા હીન ઉપાયોનો આશ્રય લે છે; અને તેમ કરી પોતાના જ સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે એ આપ જાણો છો? 'કુદરત પોતાના નિયમોના ઉલ્લંઘનનું પૂરેપૂરું ભાડું લેશે' એમ આપ કહો છો. પણ કૃત્રિમ સાધનોના ઉપયોગને કુદરતના નિયમનું ઉલ્લંઘન શા માટે માનીએ? બનાવટી દાંત, આંખ અથવા શરીરના બીજા બનાવટી અવયવોને કોઇ અસ્વાભાવિક થોડું જ કહે છે?

"સારામાં સારા માણસોએ આ વસ્તુની હિમાયત કરી છે તે વિષયસેવનના સુખને ખાતર નહિ પણ લોકોને આત્મસંયમની તાલીમ આપવા ખાતર. વળી સ્ત્રીના હિતની અવગણના આપણે બહુ કર્યા કીધી છે એ યાદ રાખવું જોઇએ.

"આપ જનનમર્યાદાનો પ્રચાર કરતા થઇ જાઓ એમ હું ઇચ્છતો જ નથી, આશા પણ નથી રાખતો. સત્ય અને બ્રહ્મચર્યને માર્ગે ચાલવાનો પ્રયત્ન કરનારા મનુષ્યોના માર્ગદર્શક તરીકે જ આપ દીપો છો. છતાં આપ તેમાં ભળો નહિ તોપણ અત્યારની આવશ્યકતાઓનો વિચાર કરી આપે તેને યોગ્ય વલણ તો આપતા રહેવું જ જોઇએ."

પ્રથમથી જ હું સ્પષ્ટ કરી દઉં કે મેં સંન્યાસીઓને માટે અથવા સંન્યાસી પંક્તિએથી લખ્યું નથી. તે શબ્દના સામાન્ય અર્થ પ્રમાણે સંન્યાસીપદ પર મારો અધિકાર નથી. સહેજસાજ વિક્ષેપ ન ગણતાં પચીસ વર્ષના મારા અવિચ્છિન્ન સ્વાનુભવને આધારે, અને અમુક સિદ્ધાંત ઉપર આવવા માટે જે સમય જોઇએ તેટલો લાંબો સમય જેઓ એ પ્રયોગમાં મારી સાથે ભળ્યા છે તેમના અનુભવને આધારે મેં વિવેચન

કર્યું છે. તે પ્રયોગમાં જુવાન અને વૃદ્ધ, સ્ત્રીઓ અને પુરુષો બધાં સામેલ હતાં. પ્રયોગમાં અમુક અંશે શાસ્ત્રીય ચોકસપણું હતું એવો દાવો થઇ શકે. પ્રયોગ કેવળ નીતિની દૃષ્ટિએ થયો હતો એમાં સંદેહ નથી, પણ જનનમર્યાદાની ઇચ્છામાંથી તે ઉત્પન્ન થયો હતો. મારી પોતાની સ્થિતિ વિશેષે કરીને એ જ હતી. તદ્દન કુદરતી રીતે, પણ પ્રથમ જેની ધારણા નહોતી એવાં ભારે નૈતિક પરિણામો એમાંથી આવ્યાં. યોગ્ય ઉપચાર વડે, બહુ મુશ્કેલી વિના, આત્મસંયમ રાખી શકાય છે એમ કહેવાની હું હિંમત કરૂં છું. એકલો હું જ એમ નથી કહેતો પરંતુ જર્મન અને બીજા કુદરતી ઉપચાર કરનારા પણ એમ જ કહે છે. આ લોકો માને છે કે પાણી અથવા માટીના ઉપચારથી શરીર સંકોચાય છે, અને ટાઢા તથા મુખ્યત્વે ફળના ખોરાકથી સ્નાયુમંડળ શાંત થાય છે, વિષયવાસના સહેજે વશ થાય છે, અને સાથે સાથે શરીરનો બાંધો દૃઢ થાય છે. નિયમિત પ્રાણાયામથી પણ એ જ પરિણામ આવે છે એમ રાજયોગીઓ પણ કહે છે. પાશ્ચાત્ય તથા આપણા પ્રાચીન ઉપચાર સંન્યાસીને માટે નહિ પણ ખરી રીતે ગૃહસ્થ માટે જ છે. વસ્તીમાં અઘટિત વધારો ન થાય એટલા માટે જનનમર્યાદા આવશ્યક છે એમ કોઇ કહે તો હું તેની ના પાડું છું. તે કોઇએ કદી સાબિત કર્યું નથી. મારા મત પ્રમાણે જમીનની યોગ્ય વહેંચણી થાય, ખેતી સુધરે, અને તેને અંગે બીજો ઉદ્યોગ હોય, તો આ જ દેશમાં અત્યારે છે તેથી બમણી વસ્તીનો નિર્વાહ થઈ શકે. જનનમર્યાદાના હિમાયતીઓમાં હું ભળ્યો છું તે કેવળ દેશની હાલની રાજદ્વારી સ્થિતિને કારણે.

પ્રજાની જરૂર ન હોય એટલે વિષયસેવન બંધ થવું જોઇએ એમ હું સૂચવું છું. આત્મસંયમના ઉપાય લોકપ્રિય અને કાર્યસાધક કરી શકાય. સુશિક્ષિત વર્ગે એ ઉપાય કદી અજમાવ્યા નથી. સંયુક્ત કુટુંબની પદ્ધતિને લીધે એ વર્ગ ઉપર હજુ દબાણ આવ્યું નથી, અને જેના ઉપર દબાણ આવ્યું છે તેઓએ એ પ્રશ્નમાં આવી જતી નીતિની વાત વિચારી નથી. બ્રહ્મચર્ય વિષે ક્યાંક ક્યાંક ભાષણો થયાં હોય તે સિવાય સંતાનમર્યાદાને અર્થે આત્મસંયમના પક્ષમાં નિયમિત હીલચાલ થઇ નથી. તેથી ઉલટું હજી એવો વહેમ છે કે મોટું કુટુંબ શુભ વસ્તુ છે અને તેથી ઇચ્છવાયોગ્ય છે. અમુક પરિસ્થિતિમાં પ્રજોત્પત્તિ જેમ ધર્મ હોય, તેમ બીજી પરિસ્થિતિમાં સંતાનમર્યાદા પણ ધર્મ હોય છે. આવા ઉપદેશ ધર્મગુરુઓ સાધારણ રીતે કરતા નથી. વિષયસેવન જીવનને આવશ્યક છે એમ જનનમર્યાદાના હિમાયતીઓ માની લે છે એવો મને ભય છે. સ્ત્રીજાતિને વિષે ચિંતા બતાવવામાં આવે છે તે અત્યંત કરુણાજનક છે. કૃત્રિમ રીતે જનનમર્યાદાને ટેકો આપતાં સ્ત્રીજાતિનો પક્ષ કરવાનો આડંબર કરવો એમાં મારા મત પ્રમાણે સ્ત્રીજાતિનું અપમાન છે. વાત એમ છે કે પુરુષે પોતાની વિષયલંપટતાથી સ્ત્રીની અધોગતિ કરી છે, અને કૃત્રિમ પદ્ધતિઓના હિમાયતીઓ ગમે તેવા શુભ આશયવાળા હોય તોપણ તેને પરિણામે સ્ત્રીઓની વધારે દુર્દશા થાય. કૃત્રિમ રીતિઓનો પક્ષ કરનારી કેટલીક આ જમાનાની સ્ત્રીઓ છે એ હું જાણું છું. પણ મોટે ભાગે તો સ્ત્રીઓ તેને પોતાના ગૌરવને હીણપત લગાડનારી જ ગણશે એમાં મને શંકા નથી. પુરુષ સ્ત્રીનો હિતેચ્છુ હોય તો તે આત્મ-

સંયમ કરે. સ્ત્રી કેવળ નિર્દોષ છે, પુરુષ અગ્રેસર છે. ખરી રીતે તે જ અપરાધી છે.

કૃત્રિમ રીતોના હિમાયતીઓને પરિણામ વિચારવાનો હું આગ્રહ કરું છું. એ રીતનો વિશાળ પ્રચાર થાય તો વિવાહનું બંધન છૂટી જાય અને સ્વચ્છંદ વર્તે. વિષયવાસનાનું સેવન તેને જ અર્થે માણસ કરે તો ઘરથી લાંબો વખત દૂર હોય, અથવા લાંબા વિગ્રહમાં સિપાઇ તરીકે રોકાયેલ હોય, અથવા વિધુર હોય, અથવા સ્ત્રી માંદી હોય, અને કૃત્રિમ રીતિ વાપરતા છતાં વિષયસેવનથી તેની તબિયતને નુકસાન થાય એવું હોય, ત્યારે તે શું કરે?

બીજો કાગળ આ છે:

"કૃત્રિમ રીતિઓ હાનિકારક છે એમ કહી આપને ઇષ્ટ લાગેલું માની લો છો. ૧૯૨૨માં લંડનમાં ભરાયેલી જનનમર્યાદાની પરિષદમાં દાક્તરોની એક સમિતિએ જાહેર કરેલું કે 'કૃત્રિમ સાધનો હાનિકારક છે એમ માનવાને કશો પુરાવો નથી. એટલું જ નહિ પણ માનસશાસ્ત્રની દૃષ્ટિએ, કાયદાની અને નીતિની દૃષ્ટિએ, કૃત્રિમ સાધનોનો પ્રયોગ ગર્ભપાતથી તદ્દન ભિન્ન ગણાવો જોઇએ.'

"આપ કહો છો કે 'કૃત્રિમ સાધનોથી નિર્વીર્યતા વગેરે ઉત્પન્ન થાય છે.' તેનો અર્થ એ નથી થતો કે આપણે આ સાધનોને વધુ શાસ્ત્રીય બનાવવા મથવું જોઇએ? આપ કહો છો કે 'સંયોગનો હેતુ ભૂખ નહિ પણ પ્રજોત્પત્તિ છે.' એ કોણે ઠરાવ્યું? ઈશ્વરે? ત્યારે પછી તેણે કામવૃત્તિ શા માટે ઉત્પન્ન કરી? આપ જો કૃત્રિમ સાધનોને હાનિકારક સિદ્ધ ન કરી શકો તો આપની બીજી દલીલોમાં કંઇ તાકાત જ નથી. અને મેં આજ સુધી જે જોયું છે તે પરથી અને મારા પ્રયોગ પરથી હિંમતપૂર્વક કહું છું કે યોગ્ય રીતિઓનું અનુકરણ થાય તો તેમાં હાનિ નથી થતી. કોઇપણ કૃત્યની નીતિ-

અનીતિનો નિર્ણય પરિણામ ઉપરથી જ થવો જોઇએ, બુદ્ધિમાંથી ઘટાવીને નહિ."

આ લેખક અડગ છે. વિવાહનું બંધન પવિત્ર છે એમ માનીએ અને તેને પવિત્ર રાખવા ઇચ્છીએ, તો વિષયસેવન નહિ પણ આત્મસંયમને સિદ્ધાંતરૂપ ગણવો જોઇએ એમ મેં બતાવ્યું છે. મને ઇષ્ટ વાત હું માની લેતો નથી. કારણ હું કહું છું કે ગમે એવા સારા હોય તોપણ કૃત્રિમ ઉપાયો હાનિ-કારક છે. તે પોતે કદાચ હાનિકારક ન હોય, પણ વારંવાર ઉપયોગને પરિણામે કામવાસના પ્રબળ થાય છે એટલે તે હાનિકારક છે. વિષયસેવન યોગ્ય છે, એટલું જ નહિ, પણ ઇચ્છવા જેવું છે એમ જે માને તે કેમે ધરાશે નહિ. અને છેવટે મનોબળમાત્ર ખોઇ બેસશે. શરીરે, મનમાં અને આત્મામાં માણસને બળ આપનારી આવશ્યક અને અમૂલ્ય શક્તિનો વિષયસેવનથી ક્ષય થાય છે એમ હું માનું છું. આત્માનો મેં હમણાં ઉલ્લેખ કર્યો તોપણ આ ચર્ચામાં મેં જાણી કરીને તેને દૂર રાખેલ છે, કેમકે પત્રલેખકો કે જેઓને આત્માનો વિચાર જ નથી તેઓએ કરેલી દલીલોનો માત્ર જવાબ આપવાને અર્થે આ ચર્ચા છે. અતિવિવાહિત અને ક્ષીણપ્રાણ હિંદુસ્તાનને કૃત્રિમ ઉપાય સાથે વિષયસેવન નહિ પણ સંપૂર્ણ સંયમ શીખવવાની જ જરૂર છે. તો જ દેશની ગયેલી શક્તિ પાછી આવે. જનનમર્યાદાના હિમાયતીઓએ વર્તમાનપત્રોમાં અનીતિપોષક દવાઓની જે જાહેરખબરો આવે છે તેમાંથી ચેતવું જોઇએ. આ વિષય ચર્ચતાં મને સંકોચ થાય છે. એમાં ખોટી શરમ નથી. હું નક્કી જાણું છું કે આપણા દેશના ક્ષીણપ્રાણ જુવાનિયા વિષયસેવનના પક્ષમાં

ગોળ ગોળ દલીલ થાય તેના સહજ ભોગ થઇ પડે એમ છે, અને એટલે જ મને સંકોચ થાય છે.

બીજા પત્રલેખકે દાક્તરનું પ્રમાણપત્ર રજુ કર્યું છે તે વિરુદ્ધ મારે કંઇ કહેવાનું રહેતું નથી. તે તદ્દન અપ્રસ્તુત છે. યોગ્ય કૃત્રિમ ઉપાય શરીરને નુકસાન કરે છે અથવા વંધ્યત્વ આણે છે એ વિષે હું હા કે ના કંઇ કહેતો નથી. પોતાની સ્ત્રીઓ સાથે વિષયસેવન કરીને પાયમાલ થયેલા સેંકડો જુવાનોને મેં જોયા છે. અને હોશિયારમાં હોશિયાર દાક્તરોનું મંડળ આ વાતને નાસાબિત કરી શકે એમ નથી.

પહેલા લેખકે ખોટા દાંતનો દાખલો લીધો છે તે લાગુ પડતો નથી. ખોટા દાંત કૃત્રિમ અને અસ્વાભાવિક છે. પણ તે એક જરૂરનો અર્થ સારે છે. પરંતુ કૃત્રિમ ઉપાયો તો ભૂખ ભાગવા નહિ પણ સ્વાદને અર્થે ખાવા ઇચ્છનાર માણસ દવા ખાય એના જેવા છે. વિલાસને અર્થે વિષયસેવન પાપ છે તે જ પ્રમાણે સ્વાદને અર્થે ખાવું તે પણ પાપ છે.

ત્રીજા પત્રની માહિતી જાણવા જેવી છે:

"અમેરિકન સરકારનો આ વસ્તુના પ્રચાર સામે વિરોધ છે એ આપ જાણતા જ હશો. પણ જાપાને તેને પરી છૂટથી અનુમતિ આપી છે એ પણ આપ જાણતા જ હશો. બન્નેનાં કારણો જાણીતાં છે. અમેરિકાના વલણમાં બહુ વખાણવા જેવું કશું નથી, પણ જાપાનના વલણમાં કંઇ વખોડવા જેવું છે ખરૂં? જાપાની સરકારે વસ્તુસ્થિતિ પારખી છે એટલો યશ તેને નહિ અપાવો જોઇએ? તેને પ્રજોત્પત્તિ બંધ કરવી રહી. સાથે જનનમર્યાદાની પદ્ધતિનો આશરો લેવાની તેને જરૂર નથી? આપનો રસ્તો આદર્શ રસ્તો

ભલે હોય પણ વ્યવહારૂ છે ખરો? આ પ્રશ્નને માટે તો આમ-હીલચાલની જરૂર છે. હિંદુસ્તાનની વધતી જતી સંખ્યા ઘટાડવાને આમહીલચાલ સિવાય બીજો રસ્તો જ નથી, આપનો સંયમનો રસ્તો તો બહુ જ ઓછા લોકો લેશે."

અમેરિકા અને જાપાન વિષે હું કંઇ જાણતો નથી. જાપાન જનનમર્યાદાનો પક્ષ શું કામ કરે છે તે હું જાણતો નથી. લેખકની વાત સાચી હોય અને કૃત્રિમ ઉપાયો વડે જનનમર્યાદા જાપાનમાં લેશમાત્ર સામાન્ય હોય, તો આ સરસ પ્રજાની નૈતિક અધોગતિ છે એમ કહેવાની હું હિંમત કરૂં છું.

મારી વાત તદ્દન ખોટી હોય, મારા સિદ્ધાંતો ખોટા પાયા ઉપર રચાયા હોય, પણ કૃત્રિમ ઉપાયોના હિમાયતીઓએ ધીરજ રાખવાની જરૂર છે. હાલના દાખલા વિના તેઓ પાસે બીજું કાંઈ સાધન નથી. જે પદ્ધતિ દેખીતી રીતે માણસની નૈતિક દૃષ્ટિને અણગમતી છે એને વિષે નિશ્ચયપૂર્વક ભવિષ્ય ભાખવાને હજી વાર છે. તરુણોની સાથે ખેલ ખેલવા સહેલા છે. પણ એવા ખેલનાં અનિષ્ટ પરિણામો ટાળવાં કઠણ છે.

## બધા બ્રહ્મચારી

મારા અભિમાનથી કહો કે અજ્ઞાનથી, કે બન્નેને લીધે, હું એમ માનતો કે પોતાનાં બધાં બાળકોને ને બાળાઓને બ્રહ્મચારી કે બ્રહ્મચારિણી રાખવાનો પ્રયત્ન કરનાર હું જ હોઇશ અથવા તો મારા કેટલાક સાથીઓ જ હશે. પણ મારૂં અભિમાન ભાગ્યું છે. મારૂં અજ્ઞાન દૂર થયું છે. મારી પાસેના સ્વયંસેવકોમાંથી એક . . . ની પ્રાંતિક સમિતિના મંત્રીનો ભત્રીજો છે. તે પોતે બ્રહ્મચારી છે, એટલું જ નહિ પણ તેના બધા ભાઇઓને તેના પિતાએ બ્રહ્મચારી રાખવાનો ઇરાદો કર્યો છે. તેઓ પોતે જ ઇચ્છે તો તેમને સારૂ યોગ્ય કન્યા શોધવા તેઓ તૈયાર છે; બળાત્કાર કરવા નથી ઇચ્છતા. પણ પોતાનાં બાળકોને હાલ તાલીમ પણ એવી જ આપે છે કે જેથી તેઓ બ્રહ્મચારી જ રહે. તેમના બધા પુત્રો જુવાન છે અને પોતાને ધંધે વળગેલા છે અને હજુ લગી તેઓ સ્વેચ્છાએ બ્રહ્મચારી રહેલા છે. બંગાળામાં એ જ રીતે કન્યાઓને પણ કેળવવામાં આવે છે એમ હું જોઉં છું. તેનું પ્રમાણ નજીવું જ છે, છતાં એ પ્રયત્ન છે. આ પ્રયત્ન પશ્ચિમના સુધારાને આભારી નથી, પણ પ્રયત્ન કરનાર માબાપો કેવળ ધાર્મિક ભાવથી આકર્ષાઈ પ્રયત્ન કરી રહ્યાં છે.

# સત્ય વિ૦ બ્રહ્મચર્ય

એક મિત્ર નીચે પ્રમાણે મહાદેવ દેસાઈને લખે છેઃ

"આપને યાદ હશે કે અમુક મહિના અગાઉ 'બ્રહ્મચર્ય' ઉપર 'નવજીવન'માં લેખ લખતાં — જેનો તરજુમો 'યંગ ઇન્ડિયા'માં આપે જ કરેલો લાગે છે — ગાંધીજીએ એકરાર કરેલો કે હજુયે એમને દૂષિત સ્વપ્નાંઓ આવે છે! એ વાંચતાં જ આવા એકરારોની અસર સારી ન જ થાય એમ મને લાગેલું; અને પાછળથી મારો આ ભય ખરો પડેલો મેં જાણ્યો.

"વિલાયતની અમારી મુસાફરી દરમ્યાન મેં અને મારા બે સાથીઓએ અનેક લાલચો સામે અમારું ચારિત્ર શુદ્ધ રાખેલું. પેલા ત્રણ 'મ'થી તો તદ્દન દૂર જ રહેલા. પણ ગાંધીજીનું ઉપરનું લખાણ વાંચી મારા મિત્ર તદ્દન જ હતાશ થઈ ગયા, અને મને મક્કમપણે જાહેર કર્યું કે 'આટઆટલા ભગીરથ પ્રયત્નો પછી ગાંધીજીને પણ આમ થાય તો પછી આપણે કયાં? આ બ્રહ્મચર્યાદિ પાળવાના પ્રયત્ન કરવા એ ફોગટ ફાંફાં છે. ગાંધીજીના એકરારથી મારું દૃષ્ટિબિંદુ સમૂળગું બદલાઈ ગયું છે. મને આજથી ગયો સમજ.' કંઈક વીલે મોઢે મેં બચાવ કરવા માંડયોઃ 'જો ગાંધીજી જેવાને પણ આ માર્ગે જવું આટલું કઠણ છે તો પછી આપણે આપણા

પ્રયત્નો ગ્રેવડવા જોઇએ,' વગેરે વગેરે — જેવી દલીલો કદાચ ગાંધીજી કે આપ કરો. પણ એ બધું મિથ્યા. આજ સુધી નિષ્કલંક અને સુંદર રહેલું ચારિત્ર કલંકિત થયું. કર્મસિદ્ધાંતાનુસાર આ અધઃપતનનો કંઇક દોષ કોઇ ગાંધીજી ઉપર ચોંટાડે તો આપ વા ગાંધીજી શું કરો ?

"જ્યાં સુધી આ એક જ દાખલો ધ્યાનમાં હતો ત્યાં સુધી મેં આપને ન લખ્યું — 'અપવાદ'ના સહેલાસૂતરા જવાબથી ટળવા હું તૈયાર નહોતો. પણ ત્યાર પછી બીજા દાખલાઓએ મજકૂર લેખના વાચન પછીના મારા ભયને પૂરવણી આપી છે, અને ઉપર જણાવેલ મારા મિત્ર ઉપર જે અસર થઇ તે માત્ર અપવાદરૂપે જ નહોતી તેની મને ખાત્રી કરી આપી છે.

"ગાંધીજીને સહેલાઇથી શક્ય એવી હજારો બાબતો મારે માટે તો સાવ અશક્ય એ હું જાણું છું, પણ ભગવત્કૃપાએ એ બળ મેળવ્યું છે કે ગાંધીજીનેય અશક્ય એવી એકાદ કોઇક બાબત મને શક્ય થઈ શકે ખરી. ગાંધીજીના એકરાર પછી અંતર વલોવાયું, અને બ્રહ્મચર્યનું સ્વાસ્થ્ય ડોળાયું છે તે હજુ પોતાની સ્થિતિમાં પાછું નથી આવ્યું — પણ આવા એકાદ વિચારે જ મને પડતો બચાવ્યો છે. ઘણી વાર એક દોષ બીજા દોષમાંથી ઉગારી લે છે. મારી આ બાબતમાં મારા અભિમાનના દોષે (ગાંધીજીને અશક્ય અને મને શક્ય !!!) મને પડતો અટકાવ્યો !

"ગાંધીજીના ધ્યાન ઉપર આ વાત લાવવાની કૃપા કરશો ? — ખાસ કરીને હમણાં કે જ્યારે પોતે આત્મકથા લખી રહ્યા છે. સત્ય અને નર્યું સત્ય લખવું એમાં બહાદુરી તો જરૂર છે, પણ દુનિયામાં અને 'નવજીવન' 'યંગ ઇન્ડિયા'ના વાચકોમાં એથી વિરુદ્ધનો ગુણ વધુ પ્રમાણમાં છે, અને આથી એકનો ખોરાક તે બીજાને ઝેર સમાન થઇ પડે."

આવી ફરિયાદ નવી નથી. અસહકારનું આંદોલન જોરથી ચાલતું હતું અને જ્યારે મેં મારી ભૂલ કબૂલ કરી,

ત્યારે મને એક મિત્રે સરળ ભાવે લખ્યું: 'તમારે તો ભૂલ થાય તોયે કબૂલ ન કરવી જોઇએ. ભૂલ ન જ કરે એવો કોઇક તો છે એવો લોકોને ખ્યાલ રહેવો જોઇએ. તમે આવા ગણાતા હતા. હવે તમે ભૂલનો સ્વીકાર કર્યો એટલે લોકો હતાશ થવાના.' આ કાગળથી હું હસ્યો ને મને ખેદ થયો. લખનારના ભોળપણનું મને હસવું આવ્યું. ભૂલ ન કરે એવો મનુષ્ય ન મળે તો કોઇને એવો મનાવવાનો વિચાર સરખોયે મને ત્રાસદાયક લાગ્યો.

મારાથી ભૂલ થાય ને તે જાણવામાં આવે તેથી લોકોને હાનિ થવાને બદલે લાભ જ થાય. મારી ભૂલોના શીઘ્ર સ્વીકારથી પ્રજાને લાભ જ થયો છે એવો મારો દૃઢ વિશ્વાસ છે. મને પોતાને તો તેથી લાભ જ થયો છે એમ મેં અનુભવ્યું છે.

તેવું જ મારાં દૂષિત સ્વપ્નાંઓ વિષે સમજવું. હું સંપૂર્ણ બ્રહ્મચારી ન હોવા છતાં તેવો હોવાનો દાવો કરૂં તેથી તો જગતને ઘણું નુકસાન પહોંચે. કેમકે તેથી બ્રહ્મચર્ય કલંકિત બને, સત્યનો સૂરજ ઝાંખો થાય. મારા બ્રહ્મચર્યના મિથ્યા દાવાથી બ્રહ્મચર્યની કિંમતને હું કેમ ઘટાડું? અત્યારે તો હું જોઇ શકું છું કે બ્રહ્મચર્યપાલનના જે ઉપાયો હું બતાવું છું તે સંપૂર્ણ નથી, બધાને સારૂ તે સંપૂર્ણતાએ સફળ નથી થતા, કેમકે હું પોતે સંપૂર્ણ બ્રહ્મચારી નથી. જગત માને છે કે હું સંપૂર્ણ બ્રહ્મચારી છું, ને મારાથી તેની જડીબૂટી ન બતાવી શકાય એ કેવી ઊણપ ગણાય?

હું સાચો સેવક છું, હું જાગૃત રહું છું, મારો પ્રયત્ન કદર છે, એટલું કાં બસ ન ગણાય? એટલી વાત જ કાં

બીજાઓને મદદ ન કરે! હું પણ વિચારના વિકારોથી દૂર ન રહી શકું તો બીજાઓને શું કહેવું? એવી ખોટી ત્રિરાશિ જોડવાને બદલે આવી સીધી ત્રિરાશિ કાં ન જોડાય કે જો ગાંધી જે એક વખતે વિકારી અને વ્યભિચારી હતો તે જો આજે પોતાની સ્ત્રીની સાથે અવિકારી મિત્રતા રાખી શકે છે, અને જો તે આજે રંભા જેવી યુવતીની સાથે પણ પોતાની દીકરી કે બહેન સમાન રહી શકે છે તો આપણે બધા એટલું કાં ન કરી શકીએ? આપણા સ્વપ્નદોષને, વિચારવિકારોને ઈશ્વર દૂર કરશે જ. આ સીધો મેળ છે.

લખનારના મિત્રો જે મારી સ્વપ્નદોષની કબૂલાતથી પાછા હઠ્યા તે આગળ વધ્યા જ નહોતા. તેમનો ખોટો નિશો હતો તે ઉતર્યો. બ્રહ્મચર્યાદિ મહાવ્રતોની સત્યતા કે સિદ્ધિ મારા જેવા કોઇના ઉપર અવલંબિત નથી. એની પાછળ લાખોએ તેજસ્વી તપશ્ચર્યાઓ કરી છે, ને કેટલાકે સંપૂર્ણ વિજય મેળવ્યો છે.

તે ચક્રવર્તીઓની પંક્તિમાં ઉભવાનો મને અધિકાર મળશે ત્યારે મારી ભાષામાં આજ છે તેના કરતાં વધારે નિશ્ચય જોવામાં આવશે. જેના વિચારમાં વિકાર નથી, જેની નિદ્રામાં ભંગ નથી, જે સૂતો છતાં જાગૃત રહી શકે છે, તે નીરોગી હોય છે. તેને કિવનીનના સેવનની જરૂર નથી પડતી. તેના નિર્વિકારી રક્તમાં જ એવી શુદ્ધિ હોય છે કે તેને મલેરિયા ઇત્યાદિનાં જંતુઓ દુઃખ દઇ શકતાં નથી. એ સ્થિતિ મેળવવાને સારૂ મથી રહ્યો છું. તેમાં હાર જેવી વસ્તુ છે જ નહિ. તે પ્રયત્નમાં લખનારને, તેના શ્રદ્ધાહીન મિત્રોને અને બીજા વાંચનારાઓને સાથી થવા હું નિમંત્રણ કરૂં છું,

અને ઇચ્છું છું કે લખનારની જેમ તેઓ મારા કરતાં વધારે તીવ્ર વેગથી આગળ વધે. જેઓ પાછળ હોય તે મારા જેવાના દૃષ્ટાન્તથી આત્મવિશ્વાસુ બને. મને જે કંઇ સફળતા મળી હોય તે હું નિર્બળ હોવા છતાં, વિકારવશ હોવા છતાં,—પ્રયત્નથી, શ્રદ્ધાથી ને ઇશ્વરકૃપાથી મેળવી શક્યો છું.

એટલે કોઇને નિરાશ થવાનું કારણ જ નથી. મારું માહાત્મ્ય મિથ્યા ઉચ્ચાર છે. તે પદ તો મારી બાહ્ય પ્રવૃત્તિને —મારા રાજપ્રકરણને—આભારી છે. તે ક્ષણિક છે. મારો સત્યનો, અહિંસાનો, બ્રહ્મચર્યાદિનો આગ્રહ એ જ મારું અવિભાજ્ય ને કિંમતીમાં કિંમતી અંગ છે. તેમાંનું જે કંઇ મને ઇશ્વરદત્ત થયું છે તેની ભૂલ્યેચૂકયે પણ કોઇ અવગણના ન કરો. તેમાં નિષ્ફળતા પણ સફળતાનાં પગથિયાં છે. તેથી નિષ્ફળતાઓ પણ મને પ્રિય છે.

# બ્રહ્મચર્ય વિષે

આજકાલ બ્રહ્મચર્ય વિષે મારી ઉપર કાગળોનો વરસાદ વરસી રહ્યો છે. તેમાંથી એકમાં રહેલા કેટલાક પ્રશ્નનો ઉત્તર અહીં આપું છું.

"બ્રહ્મચર્ય એટલે શું ?"

બ્રહ્મચર્ય એટલે આત્માને (બ્રહ્મને) ઓળખવાનો માર્ગ. એટલે સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ. એટલે મુખ્યત્વે સ્ત્રી અથવા પુરુષે વિષયભોગનો મનથી, વાચાથી ને કાયાથી ત્યાગ કરવો તે.

"આપના આદર્શ બ્રહ્મચારીને વીર્યનો ઉપયોગ કરવો પડે કે ?"

આ સવાલ ઉલટો છે. મારા આદર્શ બ્રહ્મચારીને વીર્યનો ઉપયોગ કરવાપણું એટલે પ્રજોત્પત્તિ કરવાપણું રહેતું જ નથી. આદર્શ બ્રહ્મચારી તો પ્રજાનું દુઃખ જોઈ તેના દુઃખમાં જ લીન થઇ જાય છે, ને તેના દુઃખનિવારણમાંથી તેને પ્રજોત્પત્તિપ્રપંચમાં પડવું ઝેર સમાન લાગે છે. જેણે સંસારદુઃખનું સંપૂર્ણતાએ દર્શન કર્યું છે તેને વિકાર થશે જ નહિ. તે તો વીર્યનો સંગ્રહ જ કરશે. જે પદાર્થથી

પ્રજાની ઉત્પત્તિ થઇ શકે છે તે પદાર્થનો જે પુરુષ પોતાના દેહમાં સંગ્રહ કરી શકે છે, તે એવો વીર્યવાન બને છે કે તેને જગત વંદે છે. તે ચક્રવર્તીના કરતાં પણ વધારે સત્તા ભોગવે છે. જે પુરુષ કેવળ ભોગ ભોગવવા ક્ષણિક વિષયસુખને જ ખાતર વીર્યનો ક્ષય થવા દે છે તે શક્તિહીન બને છે; તેના શરીર કરતાં તેનું મન વધારે શક્તિહીન બને છે; તે દયાને પાત્ર છે. પોતાની મૂર્છામાં તે ભલે સુખ માને, ભલે અનીતિને નીતિ માની પોતાને અને સમાજને છેતરે, પણ તેની સ્થિતિ તો એટલી જ દયાજનક છે જેટલી એક જ્ઞાન-હીન ખેડૂત પોતાની પાસે પડેલાં બીજ પોતાની રમતને ખાતર પાણીમાં કે પથ્થરમાં ફેંકી દઇને પોતાની કરી મૂકે છે.

"સ્ત્રીપુરુષનાં આકર્ષણો શું અસ્વાભાવિક છે?"

વિષય ભોગવવાને ખાતર થતું આકર્ષણ એટલું બધું અસ્વાભાવિક છે કે જો પ્રત્યેક પુરુષ પ્રત્યેક સ્ત્રી પ્રત્યે ને પ્રત્યેક સ્ત્રી પ્રત્યેક પુરુષ પ્રત્યે આકર્ષાય તો જગતનો આજે પ્રલય થાય. સ્ત્રી પુરુષ વચ્ચે સ્વાભાવિક આકર્ષણ તો જેવું ભાઇબહેન, માદીકરો કે બાપદીકરી વચ્ચે હોય તે છે. એવી મર્યાદાથી જ જગતની હસ્તી સંભવી શકે છે. હું જગત માત્રની સ્ત્રીને મા, બહેન કે દીકરી સમજી મારો વ્યવહાર ચલાવી શકું છું. જો બધી સ્ત્રીઓના પ્રત્યે વિકારી બનું તો? તેઓ મારા શા હાલ કરે? તેના કશા પ્રયત્ન વિના મારા શા હાલ થાય? પ્રજોત્પત્તિ એ સ્વાભાવિક ક્રિયા છે ખરી, પણ તેની મર્યાદાઓ સ્પષ્ટ છે. તે મર્યાદાનું પાલન નથી થતું તેથી સ્ત્રીજાતિ ભયભીત રહે છે, તેથી પ્રજા નામર્દ બને છે, તેથી વ્યાધિઓ વધે છે, તેથી પાખંડ પ્રવર્તે છે, ને જગત

નિરીશ્વર જેવું બની રહે છે. મનુષ્ય વિષયભોગમાં લપટાઇ જાય છે ત્યારે તે પોતાનું ભાન ભૂલી જાય છે. બેભાન સ્થિતિમાં રહેલો મનુષ્ય કંઇક લખી નાંખે ને છપાવે તેથી આપણે મોહાઈ તેનું અનુકરણ કરીએ તો? પણ અત્યારે વાંચનારી સમાજમાં વ્યવહાર તો આવો જ ચાલી રહ્યો છે. ફૂદું દીવાની આસપાસ ઘુમરી ખાધા કરે છે તે વેળા તેના ક્ષણિક સુખનો વિચાર તે નોંધે, ને આપણે તેને જ્ઞાની માની તેની નોંધ વાંચી તેનું અનુકરણ કરવા બેસીએ તો? અરે, દંપતી વચ્ચે પણ વ્યભિચારી આકર્ષણ સ્વાભાવિક નથી એમ હું મારો અને મારા સાથીઓનો અનુભવ જાહેર કરવા ઇચ્છું છું. વિવાહનો અર્થ બન્નેએ પોતાના પ્રેમને નિર્મળ કરી ઇશ્વરપ્રેમ અનુભવવાનો છે. દંપતી વચ્ચે નિર્વિકાર પ્રેમ અસંભવિત નથી. મનુષ્ય પશુ નથી. ઘણા પશુજન્મોને અંતે તે મનુષ્ય બન્યો છે. તે જ ટટ્ટાર રહેવા જન્મેલો છે. પશુતા ને પુરુષાર્થમાં એટલો ભેદ છે, જેટલો જડ ચેતન વચ્ચે છે.

"બ્રહ્મચર્યનો સાક્ષાત્કાર કરવા સારૂ કુટુંબનો ત્યાગ આવશ્યક છે?"

નથી અને છે. જે પોતાના વિકારોને વશ રાખી શકે છે તેને બાહ્ય ત્યાગની ઓછી જરૂર છે. જે પોતાના વિકારોને રોકવા અસમર્થ છે, તે જેમ મનુષ્ય અગ્નિથી દૂર ભાગે છે તેમ જ્યાં જ્યાં વિકારો પેદા થતા જુએ ત્યાંથી સો જોજન દૂર જાય.

"બ્રહ્મચર્યને પંથે જનારને સારૂ કંઇ પગથિયાં બતાવશો?"

પ્રથમ પગથિયું તેની આવશ્યકતાનું ભાન થવું તે છે; એટલા સારૂ તે વિષયનાં પુસ્તકોનું વાચનમનન છે.

બીજું, ધીમે ધીમે ઇંદ્રિયનિગ્રહ આદરવો ઘટે. બ્રહ્મચારી સ્વાદને રોકે; જે ખાય તે પોષણ અર્થે. આંખથી મલિન વસ્તુ ન જુએ. આંખને હમેશાં શુદ્ધ વસ્તુ જોવામાં જ રોકે અથવા તેને બંધ કરે. તેથી જ સભ્ય સ્ત્રીપુરુષ હાલતાં ચાલતાં ધરતી ભણી જોતાં રહે ને શરીરની તુચ્છતાનું દર્શન કરે. કાનેથી કંઇ બીભત્સ વસ્તુ સાંભળે જ નહિ. નાકેથી અનેક પ્રકારની વિકાર ઉત્પન્ન કરનારી વસ્તુઓ નહિ સૂંઘે. સ્વચ્છ માટીમાં જે સુગંધ છે તે અત્તર ગુલાબોમાં નથી. જેને ટેવ નથી તે તો એ કૃત્રિમ સુગંધોથી અકળાય છે. હાથપગને પણ એકે બૂરા કામને સારુ નહિ વાપરે. પ્રસંગોપાત્ત ઉપવાસાદિ કરે.

ત્રીજું, પોતાનો બધો સમય સત્કાર્યમાં, જગતસેવામાં જ ગાળે.

ચોથું, સત્સંગ સેવે, સારાં પુસ્તકો વાંચે ને આત્મદર્શન વિના વિકારોનો સર્વથા નાશ નથી જ એમ જાણી રામનામાદિ હમેશાં રટી ઇશ્વરપ્રસાદની યાચના કરે.

આમાં એકે વસ્તુ એવી નથી કે જે સામાન્યમાં સામાન્ય સ્ત્રીપુરુષ પણ ન કરી શકે. પણ — એ જ મોટો પહાડ છે. બ્રહ્મચર્યની આવશ્યકતા વિષે પૂરી શ્રદ્ધા નથી હોતી એટલે મનુષ્ય અનેક પ્રકારનાં ફાંફાં મારે છે. જેને તેની ઇચ્છા થઇ છે તેને એ વસ્તુ સાધ્ય છે એ વિષે કાંઇયે શંકા કરવાનું કારણ નથી. જગત બ્રહ્મચર્યના ઓછાવત્તા પાલનથી જ નભે છે એ જ સૂચવે છે કે તેની આવશ્યકતા છે ને તે સંભવિત છે.

# નૈષ્ઠિક બ્રહ્મચર્ય

બ્રહ્મચર્ય વિષે મારે કંઇક કહેવું એવી માગણી થઇ છે. કેટલાક વિષયો એવા છે કે જે વિષે હું પ્રસંગોપાત્ત 'નવજીવન'માં લખું છું અને ભાગ્યે જ કોઇ વાર તેના ઉપર બોલું છું, કારણ એ બોલવાથી ન સમજી શકાય એવી અને અતિશય કઠણ વસ્તુ છે એમ હું જાણું છું. તમે જે બ્રહ્મચર્ય વિષે સાંભળવા ઇચ્છો છો તે તો સામાન્ય બ્રહ્મચર્ય વિષે. જેની વિસ્તૃત વ્યાખ્યા સર્વ ઇન્દ્રિયોનો સંયમ એવી છે એ બ્રહ્મચર્ય વિષે નહિ. તે સામાન્ય બ્રહ્મચર્યને પણ શાસ્ત્રોએ અતિશય કઠણ વસ્તુ તરીકે વર્ણવેલું છે.

એ કથનમાં નવાણું ટકા સત્ય છે, એક ટકાની ઊણપ છે એમ કહેવાની હું રજા લઉં. એનું પાલન કઠણ લાગે છે, કારણ બીજી ઇન્દ્રિયોનો સંયમ આપણે કરતા નથી. એ બીજી ઇન્દ્રિયોમાં મુખ્ય રસેન્દ્રિય. જે જીભને કાબુમાં રાખશે તેને બ્રહ્મચર્ય સહજમાં સહજ વસ્તુ થઇ પડશે. પ્રાણીશાસ્ત્રના અભ્યાસીઓએ કહ્યું છે કે પશુઓ જેટલે અંશે બ્રહ્મચર્ય પાળે છે તેટલે અંશે મનુષ્ય નથી પાળતો. આ સાચું છે. એનું કારણ તપાસીશું તો જણાશે કે પશુઓ જીહ્વેન્દ્રિય ઉપર

પૂરેપૂરો અંકુશ ભોગવે છે—ઇચ્છાપૂર્વક નહિ, પણ સ્વભાવે જ. કેવળ ઘાસચારા ઉપર એનો નિભાવ છે. તે પણ તે પેટપૂરતું જ ખાય છે. તે જીવવાને અર્થે ખાય છે, ખાવાને અર્થે જીવતાં નથી. જ્યારે આપણે એથી ઉલટું જ કરીએ છીએ.

માતા બાળકને અનેક સ્વાદો કરાવે છે. તે એમ માને છે કે વધારેમાં વધારે વસ્તુઓ ખવડાવીને જ બાળક પર પ્રેમ કરી શકાય. એમ કરવામાં આપણે વસ્તુઓમાં સ્વાદ નથી પૂરતા, પણ વસ્તુઓનો સ્વાદ લઇ લઇએ છીએ. સ્વાદ ભૂખમાં રહેલો છે. સૂકો રોટલો ભૂખ્યાને જેટલો સ્વાદિષ્ટ લાગશે તેટલો ભૂખ વિનાના માણસને લાડુ સ્વાદિષ્ટ નહિ લાગે. આપણે તો પેટને ઠાંસી ઠાંસીને ભરવા માટે અનેક મસાલાઓ વાપરી અનેક વાનીઓ તૈયાર કરીએ છીએ, અને પછી કહીએ છીએ કે બ્રહ્મચર્ય કેમ નથી પળાતું!

આંખ જે પ્રભુએ જોવાને સારૂ આપી છે તેને મલિન કરીએ છીએ અને જે જોવાનું છે તે જોતાં નથી શીખતા. માતા શા સારૂ ગાયત્રી ન શીખે અને બાળકને ન શીખવે? એના ઊંડા અર્થમાં ન જતાં એમાં સૂર્યની ઉપાસના રહેલી છે એટલું જ સમજી સૂર્યની ઉપાસના કરાવે તોયે બસ છે. સૂર્યની ઉપાસના તો સનાતની શું, આર્યસમાજી શું, સૌ કરે. સૂર્યની ઉપાસના એ તો મેં સ્થૂળમાં સ્થૂળ અર્થ તમારી આગળ મૂક્યો. એ ઉપાસના એટલે શું? આપણે આપણી ડોક ઊંચી રાખી સૂર્યનારાયણનાં દર્શન કરી આંખનું શૌચ કરીએ. એ ગાયત્રી રચનાર ઋષિ હતા, દ્રષ્ટા હતા. તેમણે કહ્યું કે સૂર્યોદયમાં જે નાટક રહેલું છે, જે સૌંદર્ય રહેલું છે, જે લીલા રહેલી છે, તે બીજે જોવા નહિ મળે. ઈશ્વરના જેવો

સુંદર સૂત્રધાર બીજો નહિ મળે, અને આકાશના કરતાં વધારે ભવ્ય રંગભૂમિ બીજી નહિ મળે.

પણ કંઇ માતા બાળકની આંખ ધોઇ તેને આકાશ બતાવે છે? માતાના ભાવોમાં તો અનેક પ્રપંચો જ રહેલા હોય છે. મોટા મકાનમાં જે કેળવણી મળે છે તેને પરિણામે તો કદાચ છોકરો સારો અમલદાર થશે. પણ ઘરમાં જાણ્યે-અજાણ્યે જે કેળવણી બાળકને મળે છે તેમાંથી તે કેટલું લઇ લે છે તેનો કોણ વિચાર કરે છે?

આપણા શરીરને માબાપ ઢાંકે છે, ગૂંગળાવે છે, શોભા આપવાનો પ્રયત્ન કરે છે. તેથી શું શોભા વધે છે? કપડાં અંગને ઢાંકવા માટે છે, શરીરનું ટાઢતડકાથી રક્ષણ કરવા માટે છે, તેને શોભાવવા માટે નથી. ટાઢથી થરથરતા બાળકને સગડી પાસે ધકેલીએ, અથવા શેરીમાં દોડવા મોકલીએ, અથવા તો ખેતરમાં હડસેલીએ, તો જ તેનું શરીર વજ્ર જેવું થવાનું છે. જેણે બ્રહ્મચર્યનું પાલન કર્યું છે તેનું શરીર તો વજ્ર જેવું હોવું જોઇએ. આપણે તો બાળકના શરીરનો નાશ કરીએ છીએ, આપણે તેને ઘરમાં રાખીને જે હૂંફ આપવા ઇચ્છીએ છીએ તેનાથી તો તેની ચામડીમાં એવી ગરમી આવે છે કે જેને આપણે ખરજવાની જ ઉપમા આપી શકીએ. આપણે શરીરને પંપાળીને બગાડયું છે. આપણે ઉંબાડિયું કર્યાં કીધું છે.

આ તો કપડાંની વાત થઇ. પછી ઘરમાં થતી વાત-ચીતોથી આપણે તેના મન ઉપર ખરાબ અસર કરીએ છીએ. તેને પરણાવવાની વાતો કરીએ છીએ. તેને જોવાનું પણ બધું એવું એવું જ મળે છે. મને તો આશ્ચર્ય એ થાય છે કે

આપણે કેવળ જંગલીમાં જંગલી કેમ નથી થઇ ગયા. મર્યાદા મેલાવનારાં અનેક સાધનો છતાં મર્યાદા જળવાઇ રહી છે. ઇશ્વરે મનુષ્યને એવો બનાવ્યો છે કે બગડવાના અનેક પ્રસંગો આવતા છતાં તે ઉગરી જાય છે. એવી ઇશ્વરની અલૌકિક કળા છે. બ્રહ્મચર્યને નડતાં આવાં અનેક વિઘ્નો દૂર કરીએ તો તેનું પાલન શક્ય થઇ પડે, સહેલું થઇ પડે.

આવી સ્થિતિ છતાં આપણે દુનિયા સાથે શારીરિક મુકાબલો કરવા ઇચ્છીએ છીએ. તે કરવાના બે રસ્તા છે. આસુરી અને દૈવી. આસુરી એટલે શરીરબળ કેળવવાને માટે ગમે તે ઉપાયો લેવા, ગમે તે પદાર્થોનું સેવન કરવું, શારીરિક મુકાબલા કરવા, ગોમાંસ ખાવું, ઇત્યાદિ. મારા બાળપણમાં મારો એક મિત્ર મને કહેતો કે માંસાહાર કરવો જ જોઇએ, અને તેમ ન કરીએ તો અંગ્રેજ જેવાં કદાવર શરીર ન થઇ શકે. કવિ નર્મદાશંકરે પણ એ જ જાતની સલાહ પોતાના એક કાવ્યમાં આપેલી છે. 'અંગ્રેજો રાજ કરે દેશી રહે દબાઇ,' 'પેલો પાંચ હાથ પૂરો,' વાળી કડીઓમાં એવો જ ભાવ રહેલો છે. નર્મદાશંકરે ગુજરાત ઉપર અતિશય ઉપકાર કરેલો છે, પણ એમના જીવનના બે કાળ થયા—એક સ્વેચ્છાચારનો કાળ અને બીજો સંયમનો. આ કાવ્ય સ્વેચ્છાચારના કાળનું છે. જાપાનને પણ બીજા દેશોની સાથે મુકાબલો કરવાનો સમય આવ્યો ત્યારે ત્યાં ગોમાંસભક્ષણને સ્થાન મળ્યું. એમ આસુરી રીતે શરીર કેળવવા ઇચ્છીએ તો આવા પદાર્થોનું સેવન કરવું રહ્યું.

પણ દૈવી રીતે શરીરને કેળવવું હોય તો બ્રહ્મચર્ય એ જ એક ઉપાય છે. મને જ્યારે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવામાં આવે છે ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે. અહીં આપેલા

માનપત્રમાં મને ‘નૈષ્ઠિક બ્રહ્મચારી’ કહેવામાં આવ્યો છે. એટલે મારે કહેવું જોઇએ કે જેણે માનપત્ર ઘડયું તેને ખબર નહોતી કે નૈષ્ઠિક બ્રહ્મચર્ય તે કોને કહેવાય. એને એટલો પણ વિચાર ન થયો કે મારા જેવો માણુસ પરણ્યો છે, અને જેને છોકરાં થયાં છે, તે નૈષ્ઠિક બ્રહ્મચારી શી રીતે કહેવાય. નૈષ્ઠિક બ્રહ્મચારીને તો કદી તાવ ન આવે, કદી માથું પણ ન ચઢે, ન કદી ખાંસી થાય કે ન એપેન્ડિસાઇટીસ થાય. નારંગીનું બીજ આંતરડાંમાં ભરાઇ રહેતાં પણ એપેન્ડિસાઇટીસ થાય છે એમ દાકતરો કહે છે. પણ જેનું શરીર સ્વચ્છ અને નીરોગી છે તેના શરીરમાં એ બીજ ટકી જ ન શકે. જ્યારે આંતરડાં શિથિલ થઇ જાય છે, ત્યારે તે એવી વસ્તુને પોતાને મેળે કાઢી નાંખી નથી શકતાં. મારાં પણ આંતરડાં શિથિલ થયાં હશે, એટલે જ હું એવું કાંઇ નહિ પચાવી શક્યો હોઉં. બાળકો એવી અનેક ચીજો ખાઈ જાય છે તેની ઉપર માતા થોડું જ ધ્યાન આપે છે? કારણુ બાળકનાં આંતરડામાં એટલી શક્તિ સ્વાભાવિક રીતે હોય છે.

એટલે મારામાં નૈષ્ઠિક બ્રહ્મચર્યના પાલનનું આરોપણુ કરીને કોઇ મિથ્યાચારી ન થાઓ એમ હું ઇચ્છું છું. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું તેજ તો મારામાં છે તેના કરતાં અનેકગણું હોવું જોઇએ. હું આદર્શ બ્રહ્મચારી નથી, તેવો થવા ઇચ્છું છું એ સાચી વાત છે. મેં તો તમારા આગળ મારા અનુભવમાંથી થોડાં બિન્દુ મૂક્યાં છે, જે બ્રહ્મચર્યની વાડ બતાવે છે.

બ્રહ્મચારી રહું એટલે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરું, મારી બહેનનો પણુ સ્પર્શ ન કરું, એવું નથી; પણુ બ્રહ્મચારી હોઉં

એટલે અર્થ એ કે કાગળનો સ્પર્શ કરું અને જેમ વિકાર ન થાય, તેમ કોઇ પણ સ્ત્રીનો સ્પર્શ કરું પણ વિકાર ન થાય એવી સ્થિતિ હોવી જોઇએ. મારી બહેન માંદી હોય અને તેની સેવા કરતાં, તેનો સ્પર્શ કરતાં, બ્રહ્મચર્યને ખાતર મારે અચકાવું પડે તો તે બ્રહ્મચર્ય ધૂળ જેવું છે. જે અવિકારી દશા મૃત શરીરને અડીને આપણે ભોગવી શકીએ, તેવી જ અવિકારી દશા કોઇ ભારે સૌંદર્યવતી યુવતીને અડયા છતાં પણ આપણે ભોગવી શકીએ તો આપણે બ્રહ્મચારી છીએ. બાળકોએ એવું બ્રહ્મચર્ય પ્રાપ્ત કરવું જોઇએ એમ જો તમે ઇચ્છો તો તમારો અભ્યાસક્રમ તમે ન ઘડી શકો, પણ મારા જેવો અધૂરો પણ બ્રહ્મચારી જ ઘડી શકે.

બ્રહ્મચારી એ સ્વાભાવિક સંન્યાસી છે. બ્રહ્મચર્યાશ્રમ એ સંન્યસ્તાશ્રમ કરતાં વધારે ચઢિયાતો આશ્રમ છે, પણ એને આપણે પાડયો છે. એટલે આપણો ગૃહસ્થાશ્રમે બગડયો છે અને વાનપ્રસ્થાશ્રમે બગડયો છે. સંન્યાસનું તો નામ પણ નથી રહ્યું. આવી આપણી દીન સ્થિતિ છે.

ઉપર જે આસુરી માર્ગ હું કહી ગયો તેને અનુસરીને તો પાંચસે વર્ષે પણ આપણે પઠાણોનો મુકાબલો નથી કરી શકવાના. દૈવી માર્ગનું અનુકરણ આજે થાય તો આજે જ પઠાણોનો મુકાબલો થઇ શકે છે. કારણ દૈવી માર્ગથી જોઇતું માનસિક પરિવર્તન ક્ષણવારમાં થાય, જ્યારે શારીરિક પરિવર્તન કરતાં જુગજુગ થાય જ. એ દૈવી માર્ગને આપણે તો જ અનુસરી શકીશું કે જો આપણા પૂર્વજન્મનાં પુણ્ય હશે અને માબાપો આપણે માટે જોઇતાં સાધનો પેદા કરશે.

## ગુહ્ય પ્રકરણ

જેમણે આરોગ્યનાં પ્રકરણો ધ્યાનપૂર્વક વાંચ્યાં છે તેમને મારી વિનંતિ છે કે આ પ્રકરણ વિશેષ ધ્યાનથી વાંચવું, અને તે ઉપર ખૂબ વિચાર કરવો. બીજાં પ્રકરણો હજુ આવશે અને તે ઉપયોગી થઇ પડશે એમ હું માનું છું, પણ આ વિષય ઉપર બીજું એકે પ્રકરણ આના જેવું અગત્યનું નહિ હોય. મેં અગાઉ સૂચવ્યું છે કે આ પ્રકરણોમાં એવી એક પણ બાબત મેં નથી લખી કે જેને વિષે મને જાતઅનુભવ નથી થયો, અથવા જે હું પોતે દૃઢતાપૂર્વક ન માનતો હોઉં.

આરોગ્યની ઘણી ચાવીઓ છે અને તે બધી ચાવીઓ અગત્યની છે, પણ તેની મુખ્ય ચાવી બ્રહ્મચર્ય છે. સારી હવા, સારો ખોરાક, સારૂં પાણી, વગેરેથી આપણે આરોગ્ય મેળવી શકીએ, પણ જેટલો પૈસો કમાઇએ તેટલો ઊડાવીએ તો કંઇ બચતું નથી; તેમ જ જેટલું આરોગ્ય મેળવીએ તેટલું ઊડાવી દઇએ તો પાસે પૂંજી શી રહેવાની છે? સ્ત્રી અને પુરુષ બન્નેને આરોગ્યરૂપી ધન સાચવવાને સારૂ બ્રહ્મચર્યની સંપૂર્ણ જરૂર છે એમાં કોઇએ શક લાવવાનો નથી. જેણે પોતાનું વીર્ય સાચવ્યું છે તે જ વીર્યવાન — બળવાન—કહેવાય તે ગણાય.

બ્રહ્મચર્ય તે શું? એ સવાલ થશે. પુરુષે સ્ત્રીનો ભોગ ન કરવો અને સ્ત્રીએ પુરુષનો ભોગ ન કરવો, એ બ્રહ્મચર્ય છે. 'ભોગ ન કરવો' એટલે એકબીજાનો વિષયની ઇચ્છાએ સ્પર્શ ન કરવો, એટલું જ નહિ પણ એ બાબત વિચાર પણ ન લાવવો. એ બાબતનું સ્વપ્ન પણ ન હોવું જોઇએ. પુરુષે સ્ત્રીને જોઇને ઘેલા ન થવું અને સ્ત્રીએ પુરુષને જોઇને ઘેલા ન થવું. જે ગુહ્ય શક્તિ આપણને કુદરતે આપી છે તેને દબાવી આપણા શરીરમાં જ સંગ્રહ કરી, તેનો ઉપયોગ આપણું આરોગ્ય વધારવામાં કરવો; અને એ આરોગ્ય એકલા શરીરનું નહિ પણ મનનું, બુદ્ધિનું, તેમજ યાદશક્તિનું.

હવે આપણી આસપાસ જે કૌતક વર્તી રહ્યું છે તે જોઇએ. નાનાંમોટાં આપણે બધાં માણસો ને સ્ત્રીઓ ઘણે ભાગે આ મોહમાં ડૂબેલાં પડયાં છે. એવે વખતે આપણે ગાડાંતૂર બની જઇએ છીએ. આપણી બુદ્ધિ ઠેકાણે નથી રહેતી, આપણી આંખને પડદા આવી જાય છે, આપણે કામાંધ બનીએ છીએ. કામમાં આવી ગયેલા પુરુષોને, સ્ત્રીઓને અને છોકરાછોકરીઓને મેં તદ્દન બાવરાં જેવાં બની જતાં જોયાં છે. મારો પોતાનો અનુભવ એથી જુદો નથી. જ્યારે જ્યારે તે દશામાં હું આવેલો છું ત્યારે ત્યારે મારૂં ભાન ભૂલી ગયો છું. એ વસ્તુ જ એવી છે. આમ એક રતીભાર રતિ (સુખ)ને સારૂ આપણે એક મણથી વિશેષ બળ એક પળમાં ગુમાવી બેસીએ છીએ. જ્યારે આપણો મદ ઉતરે છે ત્યારે આપણે રાંક બની જઇએ છીએ. બીજે દહાડે સવારમાં આપણું શરીર ભારે રહે છે, આપણને ખરૂં ચેન રહેતું નથી, આપણી કાયા શિથિલ થઇ ગઇ હોય છે. આપણું મન ઠેકાણા વગરનું રહે છે.

આ બધું ઠેકાણે લાવવા, રાખવા, આપણે કઢેલાં દૂધ પીએ છીએ, ગજવેલ ફાકીએ છીએ, યાકુતીઓ લઈએ છીએ, વૈદો પાસે જઈને પુષ્ટિની દવાઓ માગીએ છીએ! કેવા ખોરાકોથી આપણો કામ વધે એ આપણે શોધ્યાં કરીએ છીએ. આમ દિવસો જાય છે ને જેમ જેમ વરસ જાય છે, તેમ તેમ અંગે અક્કલે હીણા થઈએ છીએ, ને ઘડપણમાં આપણી બુદ્ધિ ગયેલી જોવામાં આવે છે.

ખરૂં જોતાં આમ ન જ થવું જોઈએ. ઘડપણમાં બુદ્ધિ મંદ થવાને બદલે તેજ થવી જોઇએ. આ દેહે મેળવેલો અનુભવ આપણને તથા બીજાને ઉપયોગી થઈ શકે એવી આપણી સ્થિતિ રહેવી જોઈએ; ને જે બ્રહ્મચર્ય પાળે છે તેની તેવી સ્થિતિ રહે છે. તેને મરણનો ભય રહેતો નથી, મરણ સમયે પણ તે ઈશ્વરને ભૂલતો નથી, ને ખોટાં વલખાં મારતો નથી. તેને મરણકાળના ચાળા થતા નથી, ને હસમુખે ચહેરે આ દેહને છોડી માલેકને પોતાનો હિસાબ દેવા જાય છે. આ જ પુરુષ. આમ મરે તે જ સ્ત્રી. તેમણે જ ખરૂં આરોગ્ય જાળવ્યું ગણાય.

આપણે સાધારણ રીતે વિચાર નથી કરતા કે આ જગતમાં મોજમજા, અદેખાઈ, મોટાઈ, આડંબર, ક્રોધ, અધીરાઈ, ઝેર, વગેરેનું મૂળ આપણે જે બ્રહ્મચર્યનો ભંગ કરીએ છીએ તેમાં છે. આમ આપણું મન આપણે હાથ ન રહે, ને દરરોજ આપણે એક કે વધારે વખત એક બાળક કરતાં પણ બેદ બની જઈએ, તો પછી જાણ્યે કે અજાણ્યે કયા ગુન્હા નહિ કરીએ? કયું ઘોર કર્મ કરતાં અટકશું?

પણ આવું બ્રહ્મચર્ય પાળનારને કોણ જુએ છે? એવું બ્રહ્મચર્ય જો બધા પાળે તો દુનિયાનું સત્યાનાશ વળે એવા સવાલ ઊઠાવનારા પડ્યા છે. એનો વિચાર કરવામાં ધર્મ-ચર્ચા આવી જવાનો સંભવ છે એટલે તેટલો ભાગ છોડી માત્ર દુન્યવી વિચાર જ કરશું. મારા અભિપ્રાય પ્રમાણે આ બન્ને સવાલોના મૂળમાં આપણી બીક અને કાયરતા રહેલ છે. આપણે બ્રહ્મચર્ય પાળવા માગતા નથી એટલે તેમાંથી નીકળી જવાનું બહાનું શોધીએ છીએ. બ્રહ્મચર્ય પાળનારા આ દુનિયા વિષે ઘણુાયે પડ્યા છે, પણ જો તેઓ ગોત્યે તુરત જડતા હોય તો તેમનું મૂલ્ય પણ શું હોય? હીરાને મેળવતાં પૃથ્વીનાં આંતરડાંમાં હજારો મજૂરોને ગોંધાઈ રહેવું પડે છે, અને ત્યાર પછી પણ પર્વત જેવડા ધૂળકાંકરાના ઢગ ધોયા પછી માંડ મૂઠી જેટલા હીરા હાથ આવે છે. ત્યારે બ્રહ્મચર્ય પાળનારાએ હીરાને શોધવા સારૂ કેટલો પ્રયત્ન કરવો જોઇએ એનો જવાબ ત્રિરાશિ બાંધીને સૌએ શોધી કાઢવો. બ્રહ્મચર્ય પાળતાં સૃષ્ટિ બંધ પડી જાય તેની સાથે આપણે શો સંબંધ? આપણે કાંઇ ઇશ્વર નથી. જેણે સૃષ્ટિ બનાવી છે તે પોતાનું સંભાળી લેશે. બીજાઓ પાળે કે નહિ એ સવાલ આપણે કરવાનો જ ન હોય. આપણે વેપારમાં, વકીલાતમાં વગેરે ધંધામાં પડતાં વિચારતા નથી કે બધા લોકો વકીલ વેપારી થાય તો શું થાય? જે બ્રહ્મચર્ય પાળશે તે પુરુષ અથવા સ્ત્રીને કાળે કરીને બન્ને સવાલોનો જવાબ મળી રહેશે. એટલે કે તેના જેવા બીજા તેને મળી રહેશે, અને બધા બ્રહ્મચર્ય પાળે તો સૃષ્ટિનું શું થાય એ પણ તે ધોળા દિવસ જેવું જોઈ શકશે.

ઉપરના વિચારો સંસારી માણસો કેમ અમલમાં મૂકી શકે? પરણેલા શું કરે? જેને છોકરાં છે તે શું કરે? જેનાથી કામને વશ ન જ રાખી શકાય તે શું કરે?

આપણે સરસમાં સરસ સ્થિતિ કઇ તે જોયું. એ આદર્શ આપણી સામે રાખીએ તો પછી તેની તેવી જ કે તેથી ઉતરતી નકલ કરી શકીએ. બાળક પાસે અક્ષર લખાવીએ ત્યારે સારામાં સારા અક્ષરનો નમૂનો તેની પાસે મૂકશું. બાળક તે ઉપરથી પોતાની શક્તિ પ્રમાણે પૂરી કે અધૂરી નકલ કરશે. તેમ જ આપણે પણ અખંડ બ્રહ્મચર્યનો આદર્શ આપણી સામે રાખી તેની નકલ કરવા મથી શકીએ. પરણ્યા એટલે શું? કુદરતી કાયદો તો એ છે કે જ્યારે સ્ત્રીપુરુષ પ્રજાની ઇચ્છા થાય ત્યારે જ તેઓ બ્રહ્મચર્યને તોડે. આમ વિચારપૂર્વક કોઇ જોડું વરસે કે ચારપાંચ વરસે એક વેળા બ્રહ્મચર્ય તોડે તે તદ્દન ગાંડા નહિ બને અને તેમની પાસે વીર્યરૂપી પૂંજી પણ ઠીક એકઠી રહી શકશે. આવાં સ્ત્રીપુરુષ ભાગ્યે જ આપણા જોવામાં આવે છે જેઓ માત્ર પ્રજાની ઉત્પત્તિને ખાતર જ કામભોગ કરે છે. પણ હજારો માણસો તો કામભોગ માગે છે, ઇચ્છે છે ને કરે છે. પરિણામ એ આવે છે કે તેમને તેમની ઇચ્છા વિરુદ્ધ પ્રજા ઉત્પન્ન થાય છે. આ વિષયભોગ ભોગવતાં આપણે એટલાં આંધળાભીંત બની જઇએ છીએ કે સામાનો વિચાર જ નથી કરતાં. આમાં સ્ત્રી કરતાં પુરુષ વધારે ગુન્હેગાર છે. પોતાના ગાંડપણમાં સ્ત્રીની નબળાઇનો અને પ્રજાનો ભાર ઉપાડવાની ને તેને ઉછેરવાની તેનામાં તાકાત છે કે નહિ તેનો તેને ખ્યાલ પણ નથી રહેતો. પશ્ચિમના લોકોએ તો આ બાબતમાં હદ જ ઓળંગી છે.

તેઓ પોતાના ભોગ ભોગવવાને ખાતર ને પ્રજા ઉત્પન્ન થાય તેનો બોજો દૂર રાખવા ખાતર અનેક ઉપચારો કરે છે. તે ઉપચારો ઉપર પુસ્તકો લખાયાં છે, ને વિષય ભોગવવા છતાં પ્રજા ઉત્પન્ન ન થાય એવાં સાધનો બતાવનારા ધંધાર્થીઓ પડ્યા છે. આપણે આવા પાપમાંથી હજુ તો મુક્ત છીએ. પણ આપણી સ્ત્રીઓ ઉપર બોજો લાદતાં આપણે ઘડીભર વિચાર નથી કરતા, ને આપણી પ્રજા નબળી, વીર્યહીન, બાયલી, બુદ્ધિહીન થાય તેની દરકાર પણ નથી રાખતા. ઉલટું જ્યારે આપણને પ્રજા ઉત્પન્ન થાય છે ત્યારે ઈશ્વરનો પાડ માનીએ છીએ! આ આપણી દીન દશા ઢાંકવાનો એક રસ્તો છે. નબળી, પાંગળી, વિષયી, નમાલી પ્રજા આપણને થાય એને આપણે ઈશ્વરી કોપ કેમ ન માનીએ? બાર વરસના બાળકને પ્રજા થાય એમાં સુખ શું માનવાનું હોય? એમાં આનંદઓચ્છવ શો ઉજવવાનો હોય? બાર વરસની બાળા માતા થાય એને મહાકોપ કેમ ન માનવો? તુરત વાવેલા ઝાડને ફળ થાય તો તે નબળું પડે છે એમ આપણે જાણીએ છીએ. તે ઝાડને ફળ ન બાઝે એવા આપણે ઇલાજ લઇએ છીએ. પણ બાળક સ્ત્રીને બાળક વરથી પ્રજા ઉત્પન્ન થાય ને તે પર આપણે ઉજાણી કરીએ એ તો ભીંત ભૂલવા જેવું થયું. હિંદુસ્તાનમાં કે દુનિયામાં નમાલા માણસો કીડીઓની જેમ ઉભરાય તેથી હિંદુસ્તાનનો કે દુનિયાનો શો ઉદ્ધાર થઇ શકે? એક રીતે તો પશુ આપણા કરતાં ચઢિયાતાં છે. જ્યારે તેમને પ્રજા ઉત્પન્ન કરવાની હોય છે ત્યારે જ નરમાદાનો આપણે મેળાપ કરાવીએ છીએ. મેળાપ પછી ને ગર્ભકાળમાં તેમજ જન્મ પછી બચ્ચું ધાવણ છોડી મોટું થાય ત્યાં સુધીનો કાળ તદ્દન પવિત્ર ગણાવો જોઇએ.

ને પુરુષે તથા સ્ત્રીએ તે કાળ દરમ્યાન તો બ્રહ્મચર્ય જ પાળવું જોઇએ. આને બદલે આપણે ઘડીભર પણ વિચાર કર્યા વિના આપણું કાર્ય કર્યે જ જઇએ છીએ. આવાં રોગી આપણાં મન છે. એનું નામ અસાધ્ય રોગ. એ રોગ આપણને મોતની મુલાકાત કરાવે છે. ને મોત નથી થતું ત્યાં સુધી આપણે વેવલા જેવા ભમ્યાં કરીએ છીએ.

તેથી પરણેલા સ્ત્રીપુરુષોની ખાસ ફરજ છે કે તેઓએ પોતાના વિવાહનો ખોટો અર્થ નહિ કરતાં શુદ્ધ અર્થ કરી જ્યારે ખરેખર પ્રજા ન હોય ત્યારે વારસની પ્રાપ્તિ ઇચ્છીને જ ભેળાં થવું. આપણી દયામણી દશામાં આમ કરવું બહુ મુશ્કેલ છે. આપણો ખોરાક, આપણી રહેણી, આપણી વાતો, આસપાસના દેખાવો, એ બધું આપણી વિષયવાસના જાગૃત કરનારૂં છે. વળી અફીણની જેમ વિષયનો આપણને અમલ ચઢેલો હોય છે. તેવી સ્થિતિમાં વિચાર કરીને પાછા હઠવું એ કેમ બને? પણ જે બનવું જોઇએ તેને વિષે કેમ બને એવી શંકા ઊઠાવનારને સારૂ આ લખાણમાં જવાબ નથી. જેઓ વિચાર કરી, કરવું જોઇએ તે કરવા—પ્રયત્ન કરવા—તૈયાર છે, તેવાઓને સારૂ જ આ લખાણ છે. જેઓ પોતે છે તે સ્થિતિમાં સંતોષ માની બેઠા છે તેમને તો આ વાંચતાં પણ કંટાળો આવશે. પણ જેઓને પોતાની દીન દશાનું દર્શન થયું છે ને જેઓ એ દશાથી કંઇક ભાગે કંટાળ્યા છે, તેવાઓને મદદ કરવાનો આ લખાણનો હેતુ છે.

ઉપરના લખાણ પરથી આપણે જોઇ શકીએ છીએ કે જેઓ પરણ્યા નથી તેમણે આવા કઠણ કાળમાં પરણવું જ

ન જોઇએ, અને જો પરણ્યા વિના ન જ ચાલે એમ હોય તો જેમ બને તેમ મોડું પરણવું જોઇએ. પચીસ કે ત્રીસ વરસ સુધી ન પરણવાની જુવાન પુરુષોએ પ્રતિજ્ઞા લેવી ઘટે છે. આવું કરવામાં આરોગ્ય ઉપરાંત જે બીજા અનેક લાભો રહેલા છે તેનો વિચાર આ સ્થળે આપણે નથી કરી શકતા. પણ સહુ પોતાની મેળે તે લાભો નીપજાવી શકશે.

જે માબાપો આ લખાણુ વાંચે તેમને એટલું કહેવું રહ્યું છે કે તેઓ જે પોતાનાં છોકરાંઓને બચપણમાંથી જ વિવાહ કે સગાઈ કરી વેચી દે છે તેમાં ભારે ઘાતકીપણું છે. આમ તેઓ પોતાનાં બાળકોનો સ્વાર્થ જોવાને બદલે પોતાનો જ અંધ સ્વાર્થ સાધે છે. પોતાને મોટા થવું છે, પોતાની ન્યાતજાતમાં નામ મેળવવું છે, છોકરાંના વિવાહ કરી લહાવા લેવા છે. છોકરાંનું હિત જોવું હોય તો તો તેમના અભ્યાસ તપાસે, તેમનું જતન કરે, તેમને શરીરકેળવણી આપે. આ વિષમ કાળમાં બાળક છોકરાંઓને પરણાવી દઇ તેમને ઘરસંસારની જંજાળમાં નાંખી દેવાં એથી વધુ મોટું તેમનુ અહિત બીજું કયું હોઇ શકે?

છેવટમાં જે સ્ત્રી કે પુરુષ એક વખત પરણ્યાં છે તેમનો મોતથી વિયોગ થાય ત્યારે ત્યારપછી તેમણે વૈધવ્ય પાળવું એ આરોગ્યની દૃષ્ટિએ ફાયદો છે. કેટલાક દાક્તરોએ એવો અભિપ્રાય આપ્યો છે કે જુવાન પુરુષ અથવા સ્ત્રીને વીર્યપાત થવાનો અવકાશ મળવો જ જોઇએ. બીજા કેટલાક દાક્તરોનું કહેવું છે કે કોઇ પણ સ્થિતિમાં વીર્યપાત કરવાની જરૂર નથી. આમ દાક્તરો લડી મરે છે ત્યાં આપણે દાક્તરોથી દોરવાઈ આપણા વિચારને ટેકો મળ્યો એમ સમજી વિષયમાં

લીન રહેવું એમ ન જ થવું જોઇએ. મારો પોતાનો અનુભવ અને બીજાઓનો જેમનો અનુભવ હું જાણું છું તે ઉપરથી હું બેધડકપણે કહી શકું છું કે આરોગ્ય જાળવવા સારૂ વિષય કરવાની જરૂર નથી. એટલું જ નહિ પણ વિષય કરવાથી, વીર્યપાતથી, આરોગ્યને ઘણી નુકસાની પહોંચે છે. ઘણાં વરસથી બંધાયેલી મજબૂતી — મનની ને તનની — એક વખતના વીર્યપાતથી પણ એટલી જતી રહે છે કે તેને પાછી મેળવતાં બહુ વખત જોઇએ. અને તેટલે વખતે પણ અસલ સ્થિતિ તો નથી જ આવી શકતી. ભાંગેલા કાચને સાંધીને તેની પાસેથી કામ ભલે લો, પણ તે ભાંગેલો જ ગણાશે.

વીર્યનું જતન કરવા સારૂ સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, સ્વચ્છ ખોરાક અને સ્વચ્છ વિચારની પૂરી જરૂર છે. આમ નીતિને આરોગ્યની સાથે ઘણો નિકટ સંબંધ છે. સંપૂર્ણ નીતિમાન જ સંપૂર્ણ નીરોગી રહી શકે. 'જાગ્યા ત્યાંથી સવાર' સમજીને ઉપરનું લખાણ ખૂબ વિચારી તેમાંની સૂચનાઓ જેઓ અમલમાં મૂકશે તેમને પ્રત્યક્ષ અનુભવ થશે. થોડી મુદત જેણે બ્રહ્મચર્ય જાળવ્યું હશે તે પણ પોતાના મનમાં વધેલું બળ ને શરીરનું બળ બન્ને જોઈ શકશે. અને એક વખત જો તેના હાથમાં આ પારસમણિ આવશે તો તે તેને જીવને સાટે જતન કરી સાચવશે. જરાએ ચૂકશે તો તુરત જોઇ લેશે કે તેણે મોટી ભૂલ કરી છે. મેં તો બ્રહ્મચર્યના અગણિત લાભો વિચાર્યા પછી, જાણ્યા પછી, ભૂલો કરી છે. તેનાં કડવાં પરિણામો પણ જોયાં છે. ભૂલ પહેલાંની મારા મનની ભવ્ય દશા, ભૂલ પછીની મારી દીન દશા, એનો મને તાદૃશ ચિતાર આવ્યાં કરે છે. પણ મારી ભૂલોમાંથી હું એ પારસમણિની કિંમત

શીખ્યો છું. હવે અખંડ જાળવીશ કે નહિ એ જાણતો નથી, ઇશ્વરની સહાયથી જાળવવાની આશા રાખું છું. મારા મનને અને શરીરને તેથી થયેલા લાભ હું જોઇ શકું છું. હું પોતે બાળપણે પરણેલો, બાળપણે અંધ બનેલો, બાળપણે પ્રજા પામેલો ઘણે વરસે જાગ્યો; જાગીને જોયું તો મહા રાતમાં પડેલો એમ લાગે છે. મારી ભૂલથી ને મારા અનુભવથી જો કોઇ પણ ચેતી લેશે ને બચશે તો આ પ્રકરણ લખીને હું કૃતાર્થ થયો સમજીશ. આ ત્રિરાશિ બાંધવા જેવી છે. મારામાં ઉત્સાહ ઘણો છે એમ બહુ માણસોએ કહ્યું છે ને હું માનું છું. મારૂં મન તો નબળું નથી ગણાતું. કેટલાક તો મને હઠીલો ગણે છે. મારા શરીરમાં ને મનમાં રોગો રહેલા છે, પણ મારા પ્રસંગમાં આવેલાંના પ્રમાણમાં હું સારી રીતે આરોગ્યવાળો ગણાઉં છું. આ દશા જો હું વીસ વરસ સુધી વધારે કે ઓછો વિષયમાં રહ્યા પછી જાગવાથી સાચવી શક્યો છું તો એ વીસ વરસ પણ જો હું બચાવી શક્યો હોત તો આજે ક્યાં હોત? હું પોતે તો સમજું છું કે મારા ઉત્સાહનો આજે પાર જ ન હોત. અને પ્રજાની સેવામાં કે મારા સ્વાર્થમાં જ્યાં હોત ત્યાં હું એટલો ઉત્સાહ બતાવી શકત કે તેની બરોબરી કરનારની કસોટી જ થાત. આટલો સાર મારા ભાંગેલા દાખલામાંથી ખેંચી શકાય છે. જેઓ અખંડ બ્રહ્મચર્ય પાળી શક્યા છે તેઓનું શારીરિક, માનસિક નૈતિક બળ તો જેણે જોયું હોય તે જ વિચારી શકે. તેનું વર્ણન ન થઇ શકે.

આ પ્રકરણ વાંચનાર સમજ્યાં હશે કે જ્યાં મેં પરણેલાંને બ્રહ્મચર્ય પાળવાની સલાહ આપી છે ને ઘરભંગ

થયેલાંને એવી વૈધવ્યદશામાં જ રહેવાની સલાહ આપી છે ત્યાં પરણેલ કે ન પરણેલ પુરુષ યા સ્ત્રીને તો બીજે ક્યાંય પણ વિષય કરવાનો અવકાશ હોય જ નહિ. પણ પરસ્ત્રી અથવા વેશ્યા ઉપર કુદૃષ્ટિ કરવાથી કેવાં ઘોર પરિણામો આવે છે તે વિચારવા અહીં રોકાઇ શકાય નહિ. એ ધર્મનો ને ઊંડી નીતિનો વિષય છે. અહીં તો માત્ર એટલું જ કહી શકાય કે પરસ્ત્રી અને વેશ્યાગમનથી માણસો વિસ્ફોટક આદિ નામ ન લેવા યોગ્ય દરદોથી પીડાતાં ને સડતાં જોવામાં આવે છે. કુદરત એવી દયા કરે છે કે તેવાં સ્ત્રી-પુરુષોને તુરત જ ઘા પડે છે. આમ છતાં તેઓ સૂતેલાં રહે છે ને પોતાનાં દરદોને સારૂ દવા શોધવા વૈદદાક્તરોને ત્યાં ભટક્યાં કરે છે! જ્યાં પરસ્ત્રીગમન ન હોય ત્યાં પચાસ ટકા વૈદો ને દાક્તરો ધંધાવગરના થઇ પડે. આ દરદોએ માણસજાતને એવી જકડી છે કે વિચારશીલ દાક્તરો જણાવે છે કે તેમની શોધો છતાં પણ જો પરસ્ત્રીગમનનો આ સડો ચાલ્યાં કરશે તો જોતજોતામાં દુનિયાની પ્રજાઓનો નાશ થશે. એથી થતા રોગોની દવાઓ એવી ઝેરી છે કે તેનાથી જો થયેલા રોગનો નાશ થયો એમ લાગે તો બીજા ઘર કરે છે ને તે પેઢી દર પેઢી ઉતરે છે.

હવે પરણેલાને બ્રહ્મચર્ય પાળવાનો ઉપાય બતાવી આ ધાર્યા કરતાં લંબાયેલું પ્રકરણ બંધ કરીએ. માત્ર ખોરાક, હવા, પાણી, ઇત્યાદિના નિયમો જ જાળવ્યાથી પરણેલા માણસો બ્રહ્મચર્ય નહિ જાળવી શકે. તેઓએ પોતાની સ્ત્રીની સાથે એકાંત તજવી જોઇએ. વિચાર કરતાં દરેક જણ જોશે કે સ્ત્રીની સાથે વિષય ભોગવવા સિવાય એકાંતની જરૂર હોય

નહિ. રાત્રે સ્રીપુરુષે નોખી નોખી ઓરડીમાં સૂવું જોઇએ. દિવસની વેળાએ બન્નેએ શુભ પ્રવૃત્તિમાં ને સારા વિચારોમાં નિરંતર રોકાયેલા રહેવું જોઇએ. પોતાના સુવિચારને ઉત્તેજન મળે તેવાં પુસ્તકો વાંચવાં, તેવા સ્રીપુરુષોનાં ચરિત્રો વિચારવાં અને વિષયભોગમાં દુઃખ જ રહ્યું છે એ વિચાર વારંવાર કરવો. જ્યારે જ્યારે વિષયની ઇચ્છા થઇ આવે ત્યારે ત્યારે ઠંડા પાણીથી નહાઇ લેવું. આમ કરવાથી શરીરમાં જે મહાઅગ્નિ રહ્યો છે તે બીજું ને સારૂં રૂપ પકડી પુરુષ અને સ્રી બન્નેને ઉપકારી થઇ પડશે ને તેમના ખરા સુખમાં વધારો થશે. આમ કરવું એ મુશ્કેલ છે. પણ મુશ્કેલીઓ જીતવાને તો આપણે જન્મ્યા છીએ. આરોગ્ય મેળવવું હોય તેણે આ મુશ્કેલીને જીતવી જ રહી છે.